# ઓપિનિયન

**यो वै भूमा तत् सुखम्।**

**તંત્રી : વિપુલ કલ્યાણી**

**પુસ્તક : 16 • પ્રકરણ : 03 • સળંગ અંક : 183** **26 જૂન 2010** **ડિજિટલ અવતાર – ત્રણ**

# ‘મારે જાવું મધદરિયા પાર’ … ગુજરાતની યુવાપેઢીની ઝંખના

**• દાઉદભાઈ એ. ઘાંચી**

સ્વ. ઝીણાભાઈ દેસાઈ ‘સ્નેહરશ્મિ’ એક બહુ ઊંચા ગજાના કવિ હતા. પેલી કહેવત : ‘જ્યાં ન પહોંચે રવિ, ત્યાં પહોંચે કવિ’ જાણે કે એમના પરથી જ રચાઈ હશે, એમ લાગે છે. એવી હતી એમની કલ્પનાવિહારની સૃષ્ટિ !



અમદાવાદની જાણીતી શાળા - શેઠ સી.એન. વિદ્યાલય - એના એ વર્ષો સુધી શિક્ષક - આચાર્ય હતા. એ જેવા જન્મજાત કવિ હતા, એવા જ આજન્મ શિક્ષક પણ હતા. સી.એન.ના વિદ્યાર્થીઓના એ ‘ઝીણાદાદા’, એક ગૌરવવંતા વડીલના નાતે તેમના પ્રેરણામૂર્તિ હતા.

સી.એન.ની એક પરંપરા છે કે તેનો પ્રત્યેક કાર્યદિવસ સમૂહપ્રાર્થનાથી આરંભાય. આજે પણ એ ચાલુ છે. શાળાના વિશાળ મેદાન પરની વનરાજીમાં યોજાતી પ્રાર્થનાસભા વિદ્યાર્થીઓ માટે, સ્વ. ‘સ્નેહરશ્મિ’ની હાજરીમાં, એક ખૂબ સંવેદનાભર્યો શૈક્ષણિક અનુભવ બની રહેતી. ‘ઝીણાદાદા’નો ઉષ્માભર્યો પ્રેમ એમાં વરસતો - ધોધમાર વરસતો ! પરિણામે સધાતું હતું એ બંનેમાં હૃદયોનાં તંતુઓનું અતૂટ સંધાણ.

‘સ્નેહરશ્મિ’ કોઈ ચીલાચાલુ શિક્ષક ન હતા. એટલે જ તો એમની નિસ્બત ગોખણપટ્ટી આધારિત વર્ગખંડીય કર્મકાંડી અધ્યાપન સાથે ન હતી. એ તો હતા એક સર્જનશીલ શિક્ષક. એવો શિક્ષક વિદ્યાર્થીના સમગ્ર વ્યક્તિત્વને તરબોળ કરી દે એવું સંવેદનાપૂર્ણ વાતાવરણ સર્જતો હોય છે.

ઝીણાભાઈ પોતાની આગવી આંતરસૂઝથી રસાયેલા એવા શિક્ષણના મનોવિજ્ઞાની પણ હતા. એમની ભીતરી પહોંચ પ્રત્યેક વિદ્યાર્થીના અંતરતમ સુધી પહોંચતી. એ સુવિદિત છે કે માધ્યમિક શાળાનો વિદ્યાર્થી તરુણાવસ્થામાં પ્રવેશી ચૂક્યો હોય છે. એ અવસ્થાની એની માનસિક - સાંવેગિક હેસિયત એક તેજીલા તોખાર જેવી હોય છે. એના હૃદયમાં લાગણીઓનાં ઘોડાપૂર ઉમટતાં હોય છે. એના એવા ચેતનવંતા અંતરને ઓળખી, એને વાચા આપે એવા એક કલ્પનાશીલ શિક્ષક એટલે કવિ ‘સ્નેહરશ્મિ’. એમની નીચેની પંક્તિઓ તરુણના હૃદયના તલસાટને કેવી વેધકતાથી વ્યક્ત કરે છે !

**હું તો ડુંગર ચડું ને આભ ઊતરું રે,**
**હું તો વીજે ઝૂલું સમુંદર ઊછળું રે;**
**મારાં સોણાં સરી સરી જાય રે !**
**ને મારે જાવું મધદરિયા પાર.**

આપણી શાળા - કૉલેજોનો પ્રત્યેક શિક્ષક અને આચાર્ય, જો એના વિદ્યાર્થીઓના દિલના આ વલવલાટને જાણવા, સમજવા, એના તરફ સહાનુભૂતિ દાખવી એને યોગ્ય વળાંક આપવા અને એમ કરીને એને ખુદનો ઘડવૈયો બનતાં શીખવવા ‘સ્નેહરશ્મિ’ની જેમ પ્રાર્થનાસભા અને વર્ગખંડોમાં, પ્રયોગશાળા અને ગ્રંથાલયોમાં, રમતમેદાન અને રંગમંચ પર, શક્ય એવાં પ્રેરણાં પૂરાં પાડવા, એના વ્યવસાયને વ્યક્તિના રૂપાંતરનું માધ્યમ બનાવી દે, તો વિદ્યાર્થીઓની પેઢીઓની પેઢીઓ જેવી જાનદાર થઈને બહાર પડે અને એમના સમાજને ભર્યોભાદર્યો કરી દે એની કલ્પના જ કરવી રહી.

ગુજરાતની હાલની શાળાઓમાં વિદ્યાર્થીઓના એવા ચેતનાભર્યા સર્વાંગિણ વિકાસ માટે જે કાંઈ નાના-મોટા પ્રયોગો થતા હશે, તેના ફળસ્વરૂપ કેટલા ય વિદ્યાર્થીઓ ‘મારે જાવું મધદરિયા પાર’…ની મહત્ત્વાકાંક્ષા સેવવા માંડ્યા છે એ આધુનિક ગુજરાતના ઇતિહાસનું એક ખૂબ આશાસ્પદ પાસું છે. ખુદ વર્ષ ૨૦૦૯માં જ ભારતમાંથી યુનાઈટેડ કિંગ્ડમમાં વધુ શિક્ષણ પ્રાપ્ત કરવા ગયેલા મનાતા ૩૨,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ પૈકી ગુજરાતના જ ૭,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ ગયા હોવાનો અંદાજ છે. વર્ષોવર્ષ વિદ્યાર્થીઓમાં વધતું જઈ રહેલું આ વિદેશ-ગમનનું વલણ શું સૂચવે છે ?

આજના ગુજરાતનો તરુણ વિદ્યાર્થી, દેશ અને દુનિયામાં થઈ રહેલા જ્ઞાન, વિજ્ઞાન અને ટેકનોલોજીનાં વિવિધ ક્ષેત્રોના અમાપ વિકાસને અને તેની અભિપ્રેત અસરોને બરાબર સમજવા લાગ્યો છે. પોતે Information & Communication Technologyના અનેકવિધ ઉપયોગ દ્વારા, ઈન્ટરનેટના માધ્યમના સહારે, સ્વયં માહિતી અને જ્ઞાનની દુનિયાનાં નવાં નવાં દ્વાર ખોલી પણ રહ્યો છે. વળી, વૈશ્વીક સ્તરે વિસ્તાર પામી રહેલાં વ્યાપાર, વણજ, ઉદ્યોગ, કળાઓ, સાહિત્ય, ક્રીડા જગત, મનોરંજન તથા અસંખ્ય સેવાઓનાં ક્ષેત્રોએ ઊભી થઈ રહેલી અનેક તકો અને પડકારોને સુચારુ રીતે સમજીને, તેમને આવકારવાનું હોંશીલું છતાં જવાબદાર મનોવલણ કેળવવા એ લાગ્યો છે. સવિશેષ તો, આજની દુનિયામાં આકાર લઈ રહેલી નવીન જીવનશૈલી, તેમ જ કાર્યસંસ્કૃતિ, કે જેના પાયામાં રહેલાં છે સાહસવૃત્તિનાં જોખમો ખેડવાની

## કોણ રોકે ?

આ પૂનમની ચમકે ચાંદની,
એને કોણ રોકે ?
કાંઈ સાયર છલક્યા જાય
કે એને કોણ ટોકે ?
આ આષાઢી વરશે મેહુલો,
એને કોણ રોકે ?
કાંઈ પૃથિવી પુલકિત થાય
કે એને કોણ ટોકે ?
આ વસંતે ખીલતાં ફૂલડાં
એને કોણ રોકે ?
કાંઈ ભમરા ગમ વિણ ગાય,
એને કોણ ટોકે ?
આ આંબે મ્હોરતી મંજરી,
એને કોણ રોકે ?
કાંઈ કોકિલ ઘેલો થાય
કે એને કોણ ટોકે ?
આ અંગે યૌવન પાંગરે,
એને કોણ રોકે ?
કાંઈ ઉરમાં ઉર નહીં માય ! -
કે એને કોણ ટોકે ?

**ઝીણાભાઈ રતનજી દેસાઈ ‘સ્નેહરશ્મિ’**
ગાંધીયુગના જાણીતા કવિ; ગુજરાતી હાઈકુના પ્રદાતા; સી. એન. વિદ્યાલયના માનીતા આચાર્ય.
જન્મ: એપ્રિલ 16, 1903
અવસાન: જાન્યુઆરી 6, 1991

## ઓપિનિયન

- "ઓપિનિયન" ગુજરાતી ભાષાનું ઇન્ટરનેટી માસિક વિચારપત્ર છે અને દર માસની ૨૬મી તારીખે બહાર પડે છે.
- "ઓપિનિયન"ના વાંચક ગમે તે અંકથી થઈ શકાય છે. રસ ધરાવનારાઓએ સત્વરે પોતાનો 'ઇ.મૈલ આઈ.ડી.' મોકલવો જરૂરી બને છે.
- "ઓપિનિયન"માં શક્ય હોય ત્યાં સુધી જાહેરખબર ન લેવાની અમારી નેમ છે.
- એમાં વ્યક્ત થતા વિચારો માટેની જવાબદારી જે તે લેખકોની છે.
- "ઓપિનિયન"નાં ધોરણ અને સ્વરૂપને અનુલક્ષીને લેખકોએ પોતાની કૃતિઓ મોકલવી. હાલ પુરસ્કારનું ધોરણ નથી. પરંતુ છપાયેલી કૃતિના લેખકને જે તે અંક ભેટ મોકલવાની પ્રથા છે.
- લખાણ શાહીથી ચોખ્ખા અક્ષરે અને કાગળની એક જ બાજુએ લખવું. નનામા લેખો અસ્વીકૃત બનશે.
- ભાષા સારી માઠી હશે તેને વિષે લખનારે જરા પણ અચકાવાનું નથી. અમારી શક્તિ પ્રમાણે અમે સુધારી લઈશું. ઓછામાં ઓછી ગુજરાતી જાણનાર વાચક પણ સામયિકની મારફતે જેટલી દાદ લઈ શકે તેટલી દાદ દેવી એ અમે અમારી ફરજ સમજશું.
- જેઓ લખી ન શકતા હોય તેઓ બીજાની પાસે લખાવીને લખાણ મોકલી શકે છે.

---------------



•

**સંપાદકીય પત્રવ્યવહાર**

**"ઓપિનિયન"**

'Kutir', 4 Rosecroft Walk,
WEMBLEY,
Middlsex
HA0 2JZ [U.K.]

e.mail : vipoolkalyani.opinion@btinternet.com

•

**ભારત માટે સંપર્કનું ઠેકાણું**

Villa Bellevue,
30, Avantikabai Gokhale Street,
Opera House,
MUMBAI - 400 004
e.mail : bharti_parekh@hotmail.com
સંપર્ક : ભારતીબહેન પારેખ

---------------


**"ઓપિનિયન"નું આ ડિજિટલ અવતરણ છે. અને ગમતાનો ગુલાલ કરવાની દરેકને રજામજા જ હોય.**

હિંમતનાં, અને બહુસાંસ્કૃતિકતાનાં અજનબી તત્ત્વો. એ તત્ત્વોને પોતાના વ્યક્તિત્વમાં આમેજ કરતાં કરતાં, એ જાણે કે વીસમી સદીના ગુજરાતના એક દિલેર ગઝલકાર સ્વ. શેખ આદમ આબુવાલાના આ લલકારને અંતરમાં ઘૂંટી રહેલ છે :

**અમને નાખો જિંદગીની આગમાં**
**આગને પણ ફેરવશું બાગમાં;**
**સર કરીશું આખરી સૌ મોરચા,**
**મોતને પણ આવવા દો લાગમાં.**

અલબત્ત, ગુજરાતની તરુણ પેઢીની આ 'સાત સમંદર પાર ...' જવાની અદમ્ય ઉત્કંઠા અને જીવનસંગ્રામના અનેક મોરચા સર કરવાની અટલ નિર્ધારશક્તિ આજના એ ગુજરાત સમક્ષ અનેક પ્રશ્નો અને ચિંતાઓ ઊભાં કરી રહેલ છે. એક બાજુએ છે યુનાઇટેડ કિંગ્ડમની ભૂમિ પર છેલ્લી દોઢ સદીથી વસી રહેલું વસવાટી ગુજરાતીઓનું ગુજરાત [Diasporic Gujarat]. બીજી બાજુએ છે તળ ગુજરાતની ભૂમિ પર સદીઓથી વસતું આવેલું ગુજરાત. ગુજરાતનું યુવાધન અને એ ધનની માવજત - એ બંને ગુજરાતોની સહિયારી નિસ્બત છે. માટે જ એ બંને એના માટે વિચારે અને એની ચિંતા કરે એ સ્વાભાવિક છે.

બ્રિટનનો ગુજરાતી ડાયસ્પોરા જ લો. એની છેલ્લી ત્રણચાર પેઢીઓના અનુભવો અને કસોટીઓ દ્વારા ટીપાઈને અને ઘડાઈને, એ સ્થિર થવા પામ્યો છે. એને સ્વદેશ છોડી, પરદેશમાં વસવા માટેનાં કારણો અને સંજોગો અલગ હતા. એને વર્ષો સુધી જે અથડાવા - કૂટાવાના કડવા - કપરા સંજોગોમાંથી પસાર થવું પડેલું, તેવું નવી આવી રહેલી તરુણ પેઢીને થવાનો સંભવ બહુ ઓછો છે. તેથી જ તો કદાચ, ડાયસ્પોરા સમાજ નવા આગંતુકો માટે ઓછો ચિંતાતુર દેખાય છે. કદાચ એમને એક વાતનો સંતોષ પણ થતો હશે કે નવા આવી રહેલા માનવબળને કારણે એનું સ્થાનિક સંખ્યાબળ સમય જતાં વધવા પામશે; અને તેમ થતાં, એનું રાજકીય મૂલ્ય પણ વધવા પામશે. મે ૨૦૧૦માં યોજાયેલી બ્રિટિશ પાર્લામેન્ટની ચૂંટણીઓનાં પરિણામ પર અશ્વેત વસાહતીઓના મતદાનની નોંધપાત્ર અસર જોવા મળી છે જ. અગાઉ કદી જોવા નહીં મળેલી એટલી સંખ્યામાં - છવ્વીસ જેટલાં - અશ્વેત સભ્યો નવી પાર્લામેન્ટમાં બેસવા લાગ્યાં છે. એ હકીકત સંખ્યાબળના મહત્ત્વનો સંકેત કરે છે.

આ રીતના રાજકીય લાભ ઉપરાંત, બીજી ઘણી રીતે - સંસ્કૃતિ, કળા, શિક્ષણ, જ્ઞાન-વિજ્ઞાન, કૌશલ્યો અને અનેકવિધ ક્ષમતાઓની રીતે - નવા વસવાટીઓ ફક્ત ગુજરાતી ડાયસ્પોરાના જીવન અને અને કારોબારમાં જ નહીં, બલકે યુનાઇટેડ કિંગ્ડમના, તેમ જ યુરોપિયન યુનિયનના, જાહેર જીવનની ગુણવત્તામાં પણ નોંધપાત્ર ફેરફાર લાવશે, એ નિશ્ચિત છે. એનું મુખ્ય કારણ એ છે કે એ યુવાન વસવાટીઓ ૨૧મી સદીના જ્ઞાનયુગનાં ફરજંદો જ નહીં, પરંતુ એના વાહકો અને પ્રવર્તકો થવાની ભરપૂર સંભાવનાઓ ધરાવે છે.

એ સંભાવનાઓ મજબૂત આધારસ્થંભો પર ખડી છે એ સ્વીકારવું રહ્યું. નવો આગંતુક વર્ગ, તરુણ તેમ જ યુવાન વયનો છે. એ શિક્ષિત છે અને વધુ શિક્ષિત તેમ જ કાબેલ થવા પ્રતિબદ્ધ છે. એની અંગ્રેજી ભાષા પરની પકડ અને એના દ્વારા કરવાની અભિવ્યક્તિની ક્ષમતા હવે કાચી નથી રહી. ઉપરાંત, આધુનિક વિશ્વમાં ગોઠવાઈ જવા માટેની ઉદાર, આવકારક અને અભિક્રમ ભરેલી એવી માનસિક સજ્જતા પણ એ ધરાવે છે. એમના પૈકીના ઘણા તો આધુનિક જ્ઞાનયુગની તદ્દન નવી જ સરહદો ખેડવાના ઉદ્દેશથી આવેલા છે અને આવી રહ્યા છે. આથી જ તો, છેલ્લાં કેટલાંક વર્ષોથી, યુરોપિયન યુનિયનની રાજનીતિને કારણે, અનિયંત્રિત રીતે પૂર્વ યુરોપથી યુનાઇટેડ કિંગ્ડમમાં આવેલા ઓછા કુશળ, પણ શ્વેત જેવા વસાહતીઓની તુલનામાં, ગુજરાતી આવનાર યુવાન વસાહતીઓ યજમાન સમાજ માટે વધુ ઉપયોગી અને વધુ ફાયદાકારક પૂરવાર થઈ રહ્યા છે. આ સત્યનું પ્રતિબિંબ છેલ્લા બે દાયકાથી, ભાતભાતના અને અટપટા અનેક સુધારા-વધારા સાથે અપનાવાઈ રહેલી યુનાઇટેડ કિંગ્ડમની ઇમિગ્રેશનની નીતિ પર પડતું સ્પષ્ટ જણાઈ આવે છે. યુનાઇટેડ કિંગ્ડમને ખપ છે ખૂબ શિક્ષિત, સક્ષમ અને મહત્તમ ઉત્પાદકતા ધરાવતું યુવા કાર્યબળ. સમય સમય પર, નિજી સ્વાર્થ સાધના પર રચાતી અને બદલાતી બ્રિટનની ઇમિગ્રેશન નીતિની ચિત્ર-વિચિત્ર શરતો વટાવીને પણ ગુજરાતનો યુવા શિક્ષિતવર્ગ યુનાઇટેડ કિંગ્ડમની યુનિવર્સિટીઓ, સંશોધન પ્રતિષ્ઠાનો, જ્ઞાનનિર્માણની સંસ્થાઓ, સેવાઓનાં અદ્યતન કેન્દ્રો અને આર્થિક વ્યવહારના જીવનમાં આત્મશ્રદ્ધાપૂર્વક જોડાતો અને એમાં સફળ નીવડતો રહ્યો છે. અને એનું ડાયસ્પોરા સમાજને ગૌરવ પણ છે, એ સ્થાનિક વર્તમાનપત્રો અને મીડિયા પરથી ફલિત થાય છે પણ ખરું.

હા, વસવાટી સમાજને રંજ થાય એવું પણ બનતું હોય છે. કેટલાક વિદ્યાર્થીઓ વિદ્યાભ્યાસ કરવા કરતાં, જે મળે તે, કાયદેસરનું કે ગેરકાયદેસરનું, કામ કરી, પાઉન્ડ કમાઈ લેવામાં વધુ રસ ધરાવતા જોવા મળ્યા છે. એટલું જ નહીં, પણ કમાણીની લ્હાયમાં, અભ્યાસ ત્યજી, ગેરકાયદેસરના વસવાટી બની જવાનું વલણ પણ કેટલાક કિસ્સાઓમાં જોવા મળે છે. વળી, કોઈક કોઈક નાની મોટી ગેરકાનૂની પ્રવૃત્તિ સાથે પણ, તક મળતાં જોડાઈ જતા જોવા મળતા હોય છે. સ્થાનિક વસવાટી સમાજ માટે આ શરમિંદગી અનુભવવાની ક્ષોભજનક ઘટનાઓ ગણાય. હમણાં હમણાંથી, કેટલીક ચિંતાજનક ઘટનાઓ, આર્થિક મુશ્કેલીને કારણે સર્જાતી જોવા મળેલ છે. ગમે તે કારણે પોતાના પૈસા ખૂટી જતાં, નિરાધાર બનેલ વિદ્યાર્થી, મંદિર-મસ્જિદ-ગુરુદ્વારાનાં મફત ભોજનાલયોનો આશ્રય લેતા હોવાના સમાચાર ગુજરાતના પ્રાદેશિક વર્તમાનપત્રોમાં વાંચવા મળતા હોય છે. આ અને આવાં સ્ખલનો, તેમ જ ઈરાદાપૂર્વકનાં અનિચ્છનીય વર્તનો, ડાયસ્પોરા સમાજને દુ:ખી કરે એ સમજી શકાય એવું છે. અલબત્ત,

એનો ઉપાય રહેલો છે બંને ગુજરાત વચ્ચે, વિવિધ સ્તરે, માહિતની આપ-લે, સંકટ સમયે સાંકળ ખેંચી શકાય એવી વ્યવસ્થા, પર્યાપ્ત કાઉન્સેલિંગ વ્યવસ્થા, વિવિધ પ્રકારની સહાયતાના પ્રબંધો, વગેરેની જોગવાઈ કરવામાં.

ઉપર આપણે યજમાન ગુજરાત એટલે કે યુનાઇટેડ કિંગ્ડમના ગુજરાતી ડાયસ્પોરા વિષે કેટલીક ચર્ચા કરી. હવે વાત કરીએ તળ ગુજરાતની, જેની તરુણ અને યુવા પેઢી, 'મારે જાવું મધદરિયા પાર'ના અંતરનાદનો પ્રતિસાદ આપતી યુનાઇટેડ કિંગ્ડમ જેવા દેશમાં ચોક્કસ હેતુપૂર્વક આવે છે. એને વધુ અભિપ્રેરિત કરતું એક નવું જ પરિબળ છે તે આધુનિક ગુજરાતના ઝડપી આર્થિક વિકાસની કૂચકદમ. આજનું ગુજરાત વાર્ષિક ૧૨%ના દરથી વિકાસની હરણફાળ ભરી રહ્યું છે. બીજી બાજુ, ભારત દેશના આર્થિક વિકાસનો હાલનો દર ૮% જેટલો જ છે ! ગુજરાતના વિકાસની નવી તરાહ ચાર પાયા પર સ્થપાયેલી છે. તે છે જ્ઞાન, વિજ્ઞાન, ટેકનોલોજી અને મેનેજમેન્ટનું શાસ્ત્ર અને કૌશલ્ય. આ માગી લે છે તાલીમબધ્ધ માનવબળ. એવું સંસાધન ઝડપથી, ક્ષમતાથી અને કરકસરથી તૈયાર કરવામાં હાલની શિક્ષણવ્યવસ્થા, સંખ્યા તેમ જ ગુણવત્તા બંને રીતે, ટાંચી પડે. અલબત્ત, એ વ્યવસ્થાને સક્ષમ બનાવવાનાં અનેક પગલાં હવે લેવાવા માંડ્યાં છે. પરંતુ સક્ષમ માનવબળની વધી રહેલી માંગને પહોંચી વળવા માટે, રાજ્યને અને દેશને, વિદેશોની સુવિધાઓ, હજી બીજા બે દસકા સુધી, લાભ લીધા વિના છૂટકો જ નથી. વિદેશમાં શિક્ષણ લેવા જવા માટેની દોટ પાછળ આ પ્રેરણા રહેલી છે.


અને તેથી જ તો, તરુણ અને યુવા વયના વિદ્યાર્થીઓ, અને તેમના વાલીઓ, જરૂરી તમામ વાનાં કરીને પણ, વિદેશની શિક્ષણ વ્યવસ્થાનો લાભ લેવા અધીરા થતા હોય છે. જેમ કે, ગુજરાતની ઉચ્ચતર માધ્યમિક કક્ષાની વિજ્ઞાન પ્રવાહની અને સામાન્ય પ્રવાહની પરીક્ષાઓ જે માર્ચ ૨૦૧૦માં લેવાયેલી, તેનાં પરિણામ મે ૨૦૧૦માં જાહેર થતાંની સાથે જ યુનાઇટેડ કિંગ્ડમના વિદ્યાર્થી વીઝા મેળવવા માટે ખૂબ ધસારો થઈ રહ્યો હોવાના સમાચાર મીડિયા દ્વારા મળી રહ્યા છે. યુનિવર્સિટીઓની પરીક્ષાઓમાં પરિણામો જેમ જેમ જાહેર થતાં જશે, તેમ તેમ તેમાં સફળ નીવડેલા વિદ્યાર્થીઓ પણ વિદ્યાર્થી વીઝા મેળવવા ઉમટી પડશે એ નક્કી છે. આધુનિક શિક્ષણમાં જ સૌને ઉજ્જ્વળ ભાવિનાં દર્શન થાય, એમાં નવાઈ પામવા જેવું પણ નથી.

તળ ગુજરાતનો ગુર્જરજન વ્યહારદક્ષ છે. એને ગુણવત્તાની કદર છે અને એ પ્રાપ્ત કરવા જરૂરી મૂડી રોકાણ, શ્રમરોકાણ અને સમય રોકાણ કરવું પડે એનો એ સ્વીકાર કરતો આવ્યો છે. માટે જ તો આશાસ્પદ સંતાનોનાં માબાપ, જરૂર પડ્યે પેટે પાટા બાંધીને પણ એમને દેશ-વિદેશની ઉત્તમોત્તમ સંસ્થાઓમાં શિક્ષણ મળે એ માટે પ્રયત્ન કરતાં હોય છે. પરંતુ, જ્યારે એમનાં સંતાન, અપૂરતી માહિતીના કારણે, કે આંજી નાખે એવી જાહેરાતોને કારણે, કે લોભી - ધૂતારા એવા કહેવાતા એજન્ટોની ચાલબાજીના કારણ, યુનાઇટેડ કિંગ્ડમમાંની અમાન્ય, કે અપૂરતી સગવડો અને સ્ટાફ ધરાવતી સંસ્થાઓમાં પ્રવેશ લઈને પસ્તાતાં અધવચ્ચે અભ્યાસ છોડી દઈને, ક્યાં તો એ દેશમાં બે-સહારા રઝળતાં થઈ જાય છે, કે નિરાશ વદને દેશ પાછાં ફરે છે ત્યારે એમની હતાશા, પીડા અને આક્રોશનો કોઈ પાર રહેતો હોતો નથી ! આવી ઘટનાઓની સંખ્યા વધી રહી છે એ ખુદ ભારમાંના યુનાઇટેડ કિંગ્ડમના હાઇ કમિશનની વારંવાર પ્રસિધ્ધ થતી ચેતવણીઓ પૂરવાર કરે છે. આ દૂષણનો ઉપાય રહેલો છે જરૂરી કાયદા-કાનૂનનો પ્રબંધ કરવામાં, તેમ જ તેના સખ્ત અમલમાં. કમભાગ્યે, આ દિશામાં અત્યાર સુધી લેવાયેલાં પગલાં તદ્દન અપૂરતાં અને ઢીલાંપોચાં માલૂમ પડેલાં છે.

**આ દિશામાં કારગત ઉપાયો લેવાય એ માટેનો એક માર્ગ છે બંને ગુજરાતો વચ્ચેનું સંકલન સ્થાપી, તેને સક્રિય રાખવાનો. આ દિશામાં બહુ ઓછું વિચારાઈ રહ્યું છે એ દુઃખ સાથે નોંધવું રહ્યું. અરે, ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ અને બ્રિટનની ગુજરાતી સાહિત્ય અકાદમી જેવી વર્ષો જૂની સંસ્થાઓ જ હજી એક બીજા સાથે સંપર્કમાં આવી નથી, ત્યાં એમની વચ્ચે આપ-લેની તો વાત જ ક્યાંથી હોય ? એવું જ છે બંને ગુજરાતોમાં આવેલી અનેક સામાજિક, સાંસ્કૃતિક, વ્યાપારિક, વગેરે સંસ્થાઓનું. એમના ચોકા અલગ, એમના ઉદ્દેશો અલગ. એવા જુદાગરા અને નિસ્બતશૂન્યતા વાળા માહોલમાં, ગુજરાતનું ભાવિ જેના શિરે છે, એવો તરુણ અને યુવાવર્ગ, એની વિદેશ વસવાટની નાજૂક પરિસ્થિતિમાં, અવગણાયેલો રહે, એ ઓછો વિકસિત રહે, અને કેટલાક કમનસીબ સંજોગોમાં એ પોતા માટે, પોતાના પરિવાર માટે, તેમ જ તળ ગુજરાત તેમ જ ડાયસ્પોરિક ગુજરાત માટે એક બોજ બની રહે, એના જેવી ખોફનાક બીજી કઈ સાંસ્કૃતિક આપત્તિ હોઈ શકે, જે બંને ગુજરાતોની ભૌતિક આબાદી જ નહીં, બલકે તેમની અસ્મિતા માટે પણ ખતરનાક નીવડી શકે ?**

ઝીણાદાદાએ ગુજરાતની તરુણ અને યુવાપેઢીમાં જગવેલી 'મારે જાવું મધદરિયા પાર'ની ઝંખનાનું અપમૃત્યુ કરે એવી આ સાંસ્કૃતિક આપત્તિનો મુકાબલો કરવાનું આહ્વાન બંને ગુજરાતોના સૌ હિતચિંતકોને માટે આજે આવી ઊભું છે. રખે એ એળે જાય !

[71, Moorhead Lane, SHIPLEY, West Yorkshire BD18 4JN, U.K.]




Rules are rules! No matter what.., you have to surrender your Indian passport if you are no longer an Indian citizen. If you lost or destroyed it, you can apply for a new passport with fee. Once you receive it, you can surrender along with application and fee.

# વિલાયત પણ હવે 'અમરધામ અભિમુખે' ('પ્રૉમિસ્ડ લૅન્ડ') રહ્યું નથી !

**(૧)**

**રવિવાર, 28 માર્ચ 2010ના રોજ, 'ઓપિનિયન'ના 'સંકેલો' અવસરે, યોજાયેલી ત્રિસ્તરીય બેઠકની પહેલી 'જાહેર વાદ-સંવાદ' બેઠકના ઉઘાડ અને ઉપાડના વિષય : 'વિલાયત પણ હવે અમરધામ અભિમુખે (પ્રૉમિસ્ડ લૅન્ડ) રહ્યું નથી' પર ડૉ. પંચમ શુક્લ દ્વારા રજૂ કરાયેલા મુદ્દાઓનું સંપાદન.**

•

આજે જ્યારે "ઓપિનિયન" 15 વર્ષ પૂરાં કરી 'આરંભ એનો અંત' એ સમજણ સાથે સમુચિત સંકેલો કરી "ઓપિનિયન" પરિવારને નોતરે છે, ત્યારે સહુ સ્વજનોની જેમ હું પણ મારા સજળ નેત્ર અને ગદ્‌ગદ કંઠને અતિક્રમી ગંગાપુત્ર ભિષ્મના મકરસંક્રાતિને સ્મરું છું. વિપુલ કલ્યાણીના નેજા હેઠળ "ઓપિનિયન" એની બાણશય્યા ઉપરથી પણ આપણને આજે વૈચારિક રીતે સક્રિય રાખવામાં સફળ રહ્યું છે. એ એની વિશેષ ઉપલબ્ધિ છે. આ સભાનતા સાથે મારે જે વાત કરવી છે તેની શરૂઆત કરીશ.



હા, પણ એ પહેલાં, એક બહુ જ જરૂરી સ્પષ્ટતા પણ કરીશ. હું અહીં એક સામાન્ય વાચક અને બ્રિટનમાં સ્થાયી એક યુવાન નવવસાહતીની રૂએ હાજર થયો છું. આ અગાઉ ન તો મેં જાહેર બૌદ્ધિક ચર્ચાઓ કરી છે કે ન તો મેં આવી સંવેદનશીલ વૈચારિક બાબતોને અનુભવવૃદ્ધ, જ્ઞાનવૃદ્ધ અને તજજ્ઞો સામે રજૂ કરી છે. એટલે વક્તા તરીકે હું મારી જાતને જોતો જ નથી. તેમ છતાં વિપુલભાઈના પ્રોત્સાહન અને આગ્રહ સબબ મેં બ્રિટનના આ નવસવા વસવાટમાં જોયું, અનુભવ્યું એ વિશે કેટલીક અછડતી વાત કરી, આજના સત્રનો વૈચારિક દડો વાદ-સંવાદના ઉંબરેથી હિંદ-સુરાજયનાં અમરધામ ભણી રવાના કરવાનો યથાશક્તિ પ્રયત્ન કરીશ. પછી મારી સામે બેઠેલા વડીલો કે જેઓ 40-50 વર્ષોથી વિલાયતમાં છે, એમની પાસેથી આપણે જાણીશું કે વિલાયતમાં શું શું બદલાવ આવ્યા છે અને વિલાયત હવે ખરેખર અમરધામ અભિમુખે રહ્યું છે કે નહીં?

તો મિત્રો, આ 'વૉર્મ-અપ' વાદ-સંવાદ (બપોરની બેઠકની તૈયારી માટે). સત્રનો વિષય છે : 'વિલાયત પણ હવે અમરધામ અભિમુખે (પ્રૉમિસ્ડ લૅન્ડ) રહ્યું નથી !' આ શીર્ષકમાંથી આશ્ચર્યચિન્હ કાઢી, પ્રશ્નાર્થ સાથે હું પૂછું છું … 'શું વિલાયત પણ હવે અમરધામ અભિમુખે (પ્રૉમિસ્ડ લૅન્ડ) રહ્યું નથી ?' મને એનો નિરપેક્ષ ઉત્તર ખબર નથી. કદાચ મોટા ભાગના બૌદ્ધિકોને પણ એનો નિરપેક્ષ ઉત્તર ન મળે! અને એટલે જ આ વાદ-સંવાદથી આ પ્રશ્નને સમજવા ધીમે ડગલે આગળ વધીએ. પણ પ્રથમ એ બહુ જરૂરી છે કે આપણે આ અમરધામ અભિમુખે (પ્રૉમિસ્ડ લૅન્ડ) એટલે શું એ સમજી જોઈએ - એની વ્યાખ્યા કરી જોઈએ. એક બાળક સહજ પરિકલ્પનાના દૃષ્ટિકોણથી જોઈએ તો અમરધામ એટલે એવી જગ્યા કે જે સ્વર્ગ કે વૈકુંઠ જેવી હોય, આજુબાજુ અપ્સરાઓ હોય, ગંધર્વો નૃત્ય કરતાં હોય, સોમ અને સુરાની છોળો ઉડતી હોય, અનંત જીવન/ અમરત્વ હોય. અને આપણે તો પ્રાચીન ભારતવર્ષના સપૂતો એટલે ઘી-દૂધની નદીઓ પણ વહેતી હોય. આઠે પહોર આનંદ હોય. કેવી મઝાની દિવ્ય ભવ્ય કાલ્પનિક વ્યાખ્યા ! મઝા પડીને ! ચાલો આ હળવી વ્યાખ્યાને એક તરફ રાખો. હવે એક પુખ્ત વયના આધુનિક નાગરિક કે જેને રોજિંદા જીવન, સમાજ, આસપાસની પરિસ્થિતિનો અનુભવ છે એની આંખોથી, એની કામચલાઉ સામાજિક નીતિરીતિ અને અપેક્ષાઓમાં આ વ્યાખ્યા કેવી રીતે ગોઠવી શકાય એ વિચારી જોઈએ? ભારત હોય તો અમરધામ, વિલાયત હોય તો પ્રૉમિસ્ડ લૅન્ડ ને અમેરિકાના હોય તો લૅન્ડ ઑફ ઑપોર્ચ્યુનિટી કે લૅન્ડ ઓફ બ્રેવ હાર્ટ્સ. આ બધા શબ્દોમાં નિહિત એવા સૂક્ષ્મ અર્થભેદને વિસ્તાર્યા વગર અમરધામની સરળ અને સામાજિક વ્યાખ્યા એટલે આપણા જેવા આર્થિક વસાહતી કે નિર્વાસિતની રોજિંદી સહુલિયત અને અસ્તિત્વનો ઉમદા અહેસાસ.

વિલાયતની વાત કરીએ તો, આ ટચુકડા ટાપુના અમરધામ ગણાવા / હોવા પાછળ એનો દૃઢમૂલ સંસ્થાનવાદી ઈતિહાસ રહેલો છે. આજે ભલે આ સંસ્થાનવાદી / મૂડીવાદી સામ્રાજયના ખંડેરો હોય, પણ એના પાયામાં પ્રૉમિસ્ડ લૅન્ડનો જે ઉમદા અહેસાસ છે, એ છે … હવા પાણી સાથે રોટી, કપડાં, મકાનની બાંયધરી.

• સામર્થ્ય મુજબ રોજગારીની તકો (જેની મૂડીવાદ સંબંધી છાયાઓ આપણા આમંત્રિત તજજ્ઞો – ઉષાબહેન ઠક્કર અને સુદર્શનભાઈ આયંગર પાસેથી બીજી બેઠક 'ત્રીજો વિકલ્પ : હિંદ સ્વરાજ્ય'માં જાણવા મળશે જ.); • બિનસાંપ્રદાયિકતા; વિચાર, વાણી અને અભિવ્યક્તિનું સ્વાતંત્ર્ય; • એકમેકને ખમી ખાવાની વૃત્તિ (ટોલરન્સ); • જે તે જાતિ-પ્રજાતિ, નાત-જાત, સંસ્કૃતિ, પોષાક, ખાણીપીણી, રહેણીકરણીનો સમાન સ્વીકાર અને એનાથી વસાહતની ગુણવૃદ્ધિ; • હ્યુમન રાઈટ્સ - માનવ અધિકારો (કોઈ પણ પ્રકારની વંશીય, રાજકીય, ધાર્મિક, સામાજિક સતામણી સામે કાયદાકીય અનુશાસનથી રક્ષણ); • સહુને સુલભ આરોગ્ય સેવા (NHS) [અમરધામ ભલે કહેવાય પણ કોઈ અમર નથી થવાનું !]; • કોઈ પણ સમસ્યાનો ઉકેલ અનેક પરિમાણમાં વિચારી શકે એવી જ્ઞાન/ભણતર/કેળવણીની તકો; • કુદરતી કે કૃત્રિમ સ્રોતોનો સમુચિત ઉપયોગ, જતન, નવીનીકરણ અને સર્જન (હાલમાં એન્વાયર્નમેન્ટલ ઈસ્યુઝ અને ગ્રીન-ઈફેક્ટ્સનો કોલાહલ આપણી નજર સામે છે જ); • આકરા નિયંત્રણ વગર સ્વયંભૂ સમજણથી વસ્તી નિયમન અને ઉદ્વિકાસ દ્વારા સૃષ્ટિચક્રની અવિરત ગતિ; • સહજીવન, સહઅસ્તિત્વના વિધાયક મૂલ્યો (લિવ-ઈન રિલેશનશીપ કે ગે રાઈટ્સના મુદ્દાઓ); • સંચારની સ્થિતિસ્થાપકતા – વાહન-વ્યવહાર અને દૂરસંચારના માધ્યમો; ઢગલોક સુંવાળી જિંદગીનાં પદાર્થમય સગવડો અને ઉપકરણો અને આ સિવાય, મુદ્દા પાડી ન મૂકી શકાય એવી અનેક અનુભૂતિજન્ય લાગણીઓની મંજૂષા.

વળી આ અહેસાસ સાથે 'વિલાયત અમરધામ અભિમુખે છે કે નહીં ?' એ તપાસતી વખતે એક ગુર્જર વિશ્વપ્રવાસી હોવાને નાતે આપણે એ બાબતે પણ સજાગ છીએ કે આપણાં મૂળ અને કૂળ આભ અને ધરતી વચ્ચે સૈકાઓથી અનેક ઉપખંડોમાં પથરાયેલા છે. માટે આપણે તારવેલી આ અમરધામની લાક્ષણિકતાઓ(અહેસાસ)ને નહીં નહીં તો ય ગુજરાત / ભારતથી માંડી વિલાયત, અમેરિકા, યુગાન્ડા / આફ્રિકા અને મિડલ ઈસ્ટના નાના ફલક પર વિસ્તારીને સાપેક્ષ સંદર્ભે મૂલવી શકીએ તો કદાચ કોઈ નિરપેક્ષ અમરધામની ખૂટતી વધતી કડીઓનો તાળો મળે. સમય અને શક્તિની મર્યાદાઓને કારણે આ લાક્ષણિકતાઓની હૉલિસ્ટિક (સર્વાંગી) તપાસનો હવાલો સુજ્ઞ શ્રોતાઓને સ્વાધ્યાય અર્થે સોંપી દઈએ. માત્ર વિલાયતને જ કેન્દ્રમાં રાખી વિલાયતના રાજકારણ અને સામાન્ય જનતાને સ્પર્શતા બે મુદ્દાઓ : આરોગ્ય (NHS) અને શિક્ષણ, વિશે જ પ્રૉમિસ્ડ લૅન્ડની લાક્ષણિકતાઓ નોંધી, તપાસી જોઈએ.

**આરોગ્ય (NHS)** : વિલાયતનું NHS, ચાઈનાની આર્મી અને ભારતીય રેલ પછી ત્રીજું મહાકાય તંત્ર છે. બીજા વિશ્વયુદ્ધ પછીથી એની સ્થાપનાનું મૂળ ધ્યેય પ્રૉમિસ્ડ લૅન્ડના અહેસાસનું જ હતું. જે હજી પણ જે કામ કરતી વ્યક્તિઓના પગારમાંથી (ટેક્સ ઉપરાંત) 11% જેટલા NI (National Insurance)ના ફાળામાં સહુને સમાન અને મહદ્‌અંશે મફત સારવાર પૂરી પાડે છે. GPની કન્સલ્ટિંગની ફી નહીં અને ઉંમર / આવક મુજબ પ્રિસ્ક્રિપ્શન(દવા ચિઠ્ઠી)નું સાધારણ મૂલ્ય અને ઈમરજન્સી તો એમ્બ્યુલન્સ સાથે નિ:શૂલ્ક. આ મૂલ્યમાં આ ગુણવત્તાવાળી આરોગ્યની સગવડ સંદર્ભે અન્ય દેશો – ખાસ કરીને ભારત અને અમેરિકાની તુલના કરતાં પ્રૉમિસ્ડ લૅન્ડની લક્ષણિકતાઓ વધુ ઉજાગર થવાની સંભાવના છે.

હા, આ તંત્રની ઉમદા સૈદ્ધાંતિક ખૂબીઓ સાથે વ્યવહારુ ખામીઓ પણ છે જ. કેટલીક ઊડીને આંખે વળગે એવી બાબતો છે …

• GPની મંજૂરી પછી જ નજીકની મોટી હોસ્પિટલનાં consultant (નિષ્ણાત તબીબો)ની મુલાકાતના અગવડિયા અને ક્યારેક GP સાથે ઉગ્ર વિવાદની સ્થિતિ ઊભી કરે તેવા નિયમો; • સામાન્ય કાર્યકાળ (Working hours) સિવાયના સમય દરમ્યાન અને શનિ – રવિમાં GP કે ઉઘડી તબીબી સેવા મેળવવા વેઠવી પડતી હાલાકી; • કામ કરતાં કુટુંબોનાં બાળકો અને વૃધ્ધોની દેખરેખ અને સંભાળના પ્રશ્નો; • કેન્સર, એઈડ્સ જેવા જીવલેણ અને અસાધ્ય ગણાતા રોગોની વિશિષ્ટ અને ખર્ચાળ દવાઓ માટેના અધિકારો અને સત્યાગ્રહો; • મહાનગરો અને લઘુમતીવાળા વિસ્તારોની હોસ્પિટલોની સ્વચ્છતા; • મહામારીઓનો સામનો કરવાની તૈયારીઓ; • પરદેશી વિદ્યાર્થીઓ, ટૂંકાગાળાના મુલાકાતીઓ અને પ્રસુતાને મળવાપાત્ર સુવિધાઓના નિયમો; • બિલ્લીપગે ઘૂસ્યા ખાનગીકરણ અને વિકેન્દ્રીકરણ; • વધતાં ઈમિગ્રેશન સાથે NHS પર પડી રહેલો બોજો અને એની અસરો. દા.ત. - છેલ્લાં બે વર્ષમાં પ્રિસ્ક્રિપ્શનના ભાવ વધારાની સાથે સાથે પ્રિસ્ક્રિપ્શન દીઠ મૂલ્યને બદલે પ્રિસ્ક્રિપ્શનમાં લખેલી દવાઓની સંખ્યા મુજબ મૂલ્યની આકારણી.

આ દરેક બાબતો વિશે વાદ-સંવાદ કરી આપણે વિચારવું રહ્યું કે NHSના ઉદ્‌ભવથી આજ લગી આરોગ્યની બાબતે વિલાયત ક્યારે, ક્યાં અને કેટલું અમરધામ અભિમુખે રહ્યું છે?

**શિક્ષણ :** પ્રૉમિસ્ડ લૅન્ડ માટે આરોગ્ય જેટલો જ મહત્ત્વનો મુદ્દો છે શિક્ષણ. જે મારા વ્યવસાયને કારણે સીધેસીધો સ્પર્શે પણ છે. જ્યારે શિક્ષણની વાત કરીએ ત્યારે મા પાસેથી (કે ઘરમાંથી) મળતાં સંસ્કાર/કેળવણીથી લઈ સ્કૂલો, કૉલેજો, યુનિવર્સિટીઓ સુધીનો વિસ્તાર આવરી શકાય. આપણે જાણીએ જ છીએ કે વિલાયતમાં નર્સરીથી શરૂ કરી બાળક 16 વર્ષ સુધીનું થાય ત્યાં સુધી શાળાનું શિક્ષણ નિઃશુલ્ક છે. એ પછી યુનિવર્સિટીમાં સ્નાતક કક્ષાએ વરસના 3,000 જેવા પાઉંડ આપવા પડે. ઉચ્ચ અભ્યાસ માટે લાયકાતના ધોરણે અનેક શિષ્યવૃત્તિઓ મળી રહેતી હોય છે. પરંતુ આ દરેક સ્તરે કેટલાક એવા કોયડાઓ છે કે ઉકેલ્યા કે સમજ્યા સિવાય – અને એ ય બીજા (અરે! માત્ર આપણા સમુદાયને લાગતા વળગતા) દેશો સાથે સરખાવ્યા વગર વિલાયતને પ્રૉમિસ્ડ લૅન્ડ કહેવા કે ના કહેવામાં ક્યાંક ઉતાવળિયા નિષ્કર્ષ પર પહોંચાય એવી પૂરી શક્યતાઓ છે. તો શિક્ષણનાં ફલકને આવરતા કેટલાક ચૂંટેલા મુદ્દાઓ જોઈએ …

• વિધિવત્ નિશાળ શરૂ થાય એ પહેલાંની ઘર અને સરકાર દ્વારા મળતી કેળવણી, સર્જનાત્મક શક્તિ અને શારીરિક વિકાસ થાય એવી સુવિધાઓ. (દા.ત. - ઈન્ટરવેન્શન સેન્ટરો, ચાઈલ્ડ ટ્રસ્ટ ફંડ અને ટેક્સ ક્રેડિટ, ફ્લેક્સિબલ વર્કિંગ, લાઈબ્રેરીમાં ચાલતાં સ્ટોરી-ટેલિંગ ગ્રુપ્સ, ઘરઆંગણાનાં બાલ-ક્રિડાંગણો વગેરે); • પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણમાં પબ્લિક, પ્રાઈવેટ, કોમ્પ્રિહેંસિવ અને ગ્રામર સ્કૂલો જેવું વૈવિધ્ય. આ વૈવિધ્યના પ્રૉમિસ્ડ લૅન્ડને સ્પર્શતા લાભાલાભ; • ફેઈથ / રિલિજિયસ સ્કૂલો અને એનું દાયિત્વ; • ટૉની બ્લેઈરની મજૂર સરકારનું 50% સ્નાતક દર હાંસલ કરવાનું સ્વપ્ન અને એ સાથે નવી યુનિવર્સિટીની માન્યતા પામેલી સંસ્થાઓની ઉપયોગિતા, વિદ્યાર્થીઓએ આપવી પડતી વાર્ષિક ફીની રકમ અને યુવા-સ્નાતકોનું દેણું, હુન્નર અને અન્ય જીવન ઉપયોગી કૌશલ આપતી સંસ્થાઓની હાલત અને વિદ્યાર્થીઓનાં રસરુચિ; • વિલાયતની યુનિવર્સિટીઓમાં થતું સંશોધનનું સ્તર અને વિશ્વની અન્ય યુનિવર્સિટીઓ સાથે એની સરખામણી; • ખાનગીકરણ, શિક્ષણનાં કારખાનાં અને પરદેશી વિદ્યાર્થીઓનું જીવન.

શિક્ષણના મુદ્દે વાત કરતાં …. આ શિયાળે, ટીવી અને છાપાંઓમાં દેશમાંથી ઑસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડ ભણવા જતાં વિદ્યાર્થીઓની હાલાકીના સમાચાર વારંવાર વાંચવામાં આવ્યા હતા. એનાથી હૈયું ભરાઈ ઊઠ્યું હતું. વિપુલભાઈ સાથે આ બાબતે વાત પણ થયેલી. હકીકતે આ વાદ-સંવાદ ઉપક્રમ અને એના શીર્ષકના મૂળમાં પણ આ વિદ્યાર્થીઓની ચિંતાનું બીજ જ કારણભૂત છે. તો આ વિશે વિલાયતના સંદર્ભે થોડું વધારે વિસ્તારમાં જોઈએ.

શિક્ષણ માટે વિલાયત સદીઓથી વિશ્વભરમાં પંકાયેલું છે. પરદેશી વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસ અને ખાસ કરીને અર્થોપાર્જનની સોનેરી તકો માટે વિલાયત આવતા રહ્યાં છે. આપણા માટે ગાંધીજીનું ઉદાહરણ સાવ હાથવગું છે. હાલમાં તો ઉચ્ચ અભ્યાસનું ક્ષેત્ર લગભગ ખાનગી ઉદ્યોગ જેવું છે. વિલાયતની સરકાર માટે મલ્ટી-બિલિયન પાઉંડસની વેપારવણજનું ખાતું. વિશ્વના અનેક દેશોમાં બ્રિટનની કોન્સ્યુલેટો / એમ્બેસીઓ ઢગલાબંધ સ્ટુડન્ટસ વિઝા જારી કરે છે. એક અંદાજ મુજબ વર્ષ 2009-10માં લગભગ 2,40,000 જેટલા વિદેશી વિદ્યાર્થીઓમાંથી 25 થી 30 હજાર ભારતીય વિદ્યાર્થીઓ વિઝા ઉપર આવેલા છે. માટે જ તો અનેક નાનીમોટી યુનિવર્સિટીઓથી માંડી લેભાગુ કૉલેજોની હાટડીઓથી બ્રિટન (ખાસ કરીને લંડન) ધમધમે છે. આ સંસ્થાઓના એજન્ટોની ફોજ ઉપખંડોમાં ભમતી રહે છે. ભારતના મોટા શહેરોમાં બેઠેલા એજન્ટો તારુણ્યના ઉંબરે ઉભેલા નવયુવકો અને એમના વાલીઓને વિલાયતી જિંદગીના ગુલાબી સોણલા દેખાડી, ઘરબાર ગીરવે મુકવીને પણ સાતથી બાર હજાર પાઉન્ડની ફી ભરાવી વિલાયતની વાટે રવાના કરી દે છે.

એજન્ટે તો સમજાવ્યું હોય કે વિલાયતમાં ભણવાની સાથે (કામના કોઈ છોછ વગર) કામ પણ કરાશે અને વરસ – બે વરસમાં તો બધી ફી ઉપરાંત મા-બાપને રાહત કરતી રોકડ પણ કમાઈ લેવાશે. પણ વિલાયતમાં આવ્યા પછી મોટા સાંસ્કૃતિક ધક્કાઓ, હાડ ગાળી એવી ઠંડી, મોંઘવારી, ભણતરની જુદી (વધુ સ્વાયત્ત) પદ્ધતિઓ - આ બધા વચ્ચે 1ના 70 કે 80ના સમીકરણો ક્યાં ય ઓગળી જાય અને 1નો અડધો કે પા પણ ના રહે એવી સ્થિતિ સર્જાય છે. ફી ભર્યા પછી નજીવી રકમ લઈ આવેલા આ યુવાનો/યુવતીઓ માટે બાકીનું અહીં ફોડી લેવાની શ્રદ્ધા ઓસરતી જણાય. ન કહેવાય કે ન સહેવાય એવી હાલત થાય, ત્યારે લંડનનાં વેમ્બ્લી જેવાં પરગણાંઓમાં બે-ચાર દેશથી આવેલા વિદ્યાર્થી યુવકોએ આપઘાત કર્યા કે અમુક યુવતીઓ દેહવિક્રયની આડશે જીવે છે એવા સમાચારો જાણવા મળે. અરે, ડોર્મિટરી જેવા રહેણાકોમાંથી, અઠવાડિયાના 55/60 પાઉંડ ન ચૂકવી શકનાર વિદ્યાર્થીઓને સામાન સાથે લેંડલોર્ડ બહાર ફેંકી દે અને કડકડતી ટાઢમાં ગમે ત્યાં સૂઈ રહેવું પડે. સાઉથહૉલના ગુરુદ્વારામાં ખાવા રહેવાનો સહારો લેવો પડે. વેમ્બલીમાં કોઈ ગુજરાતી દંપતી ફૂડપેકેટ વિતરણ કરવા પ્રવૃત્ત બને. આ બધું જોતાં, સાંભળતાં આપણને વેદનાની લાગણી થાય. વિલાયતની સરકાર તેમ જ દેશની સરકારને ઢંઢોળવાની ઈચ્છા થાય. પ્રૉમિસ્ડ લૅન્ડના નામે દોજખમાં ધકેલતી સંસ્થાઓ અને એજન્ટો પર કડક નિયંત્રણો લદાય એવો આક્રોશ પણ જાગે.

હવે આ વેદના અને આક્રોશને સહેજે વધુ તટસ્થ બની જોઈએ અથવા સમસ્યાના મૂળમાં ઊંડા ઊતરીએ તો એમ પણ જણાય કે દેશથી આવનાર વિદ્યાર્થીઓની ક્ષમતા, વિચારધારા અને વિઝનનો ભેદ પણ એમની પરિસ્થિતિના નિર્માણમાં ઘણો મોટો ભાગ ભજવે છે. યોગ્ય ક્ષમતા અને ભણતર સાથે આવેલા વિદ્યાર્થીઓને કાં તો શિષ્યવૃત્તિના અકરામ સાથે આવે છે કાં શિષ્યવૃત્તિની જોગવાઈ કરવામાં સફળ રહે છે. દૂરંદેશીવાળા વિદ્યાર્થીઓ જરૂરી જોગવાઈ અને કૌશલના પાયા વગર આવતા નથી. આ બન્ને પ્રકારના વિદ્યાર્થીઓ અહીં આવ્યા પછી કોઈ પ્રલોભનમાં ફસાયા વગર વિદ્યાભ્યાસમાં જ ધ્યાન આપતા જોવા મળે છે. આવા વિદ્યાર્થીઓને સમાન્ય અડચણો સિવાય ઝાઝી તકલીફ થતી નથી. એમના માટે વિલાયતનું ભણતર અમરધામ અભિમુખે નીવડતું છે. જ્યારે દેશની સારી સંસ્થાઓમાં જેમનો ગજ વાગે એમ નથી અને માત્ર વિલાયતના સર્ટિફિકેટ પર સિક્કો પાડવા મથતા વિદ્યાર્થીઓ અથવા જેઓ ભણવાના નામે કલાકના ત્રણ કે ચાર પાઉંડ કમાવવાના જ ધ્યેય સાથે આવે છે એમના માટે પ્રૉમિસ્ડ લૅન્ડની લાક્ષણિકતાઓ શી હશે તે કદાચ આપણે બરાબર સમજી શક્યા નથી. શું આ વિદ્યાર્થીઓ સાથે સંવાદ, સાચી સમજ અને માહિતીનું પ્રસારણ વિલાયતને પ્રૉમિસ્ડ લૅન્ડના દાયરામાં રાખી શકે? વળી ગ્લોબલાઈએઝેશન અને ઉપખંડના વૃદ્ધિદરના કારણે હાલમાં અમેરિકાથી 30સી 40સીમાં હોય એવા અનેક કુશળ ભારતીયો કુશળકામની તક માદરેવતન જ મળી રહેતા રિવર્સ બ્રેઈનગઈન રૂપે પાછા ફરી રહ્યા છે. કોલ-સેંટરોથી માંડી

બીજાંત્રીજાં કામની કાર્યક્ષમતા અને વેતનના સંતુલન માટે પણ પશ્ચિમી દેશોમાંથી કામ ત્રીજા વિશ્વના દેશો તરફ ધકેલાવા માંડ્યું છે. આ બધું આ પ્રૉમિસ્ડ લૅન્ડની બદલાતી જતી ધરી વિશે વિચારવા પ્રેરે છે.

આરોગ્ય અને શિક્ષણ સિવાય સ્રોતના સર્જન અને ઉપભોગ બાબતે ઈમિગ્રેશન પણ પ્રૉમિસ્ડ લૅન્ડ માટે મહત્ત્વનો મુદ્દો છે. સદીઓથી વિવિધ જાતિ ધર્મના વસાહતીઓ પરપીડન સામે રક્ષણ, સંસ્થાનવાદના વિભાવ રૂપે, કે અર્થોપાર્જન માટે વિલાયતમાં આવીને વસ્યા છે. છેલ્લા 10 /12 વરસોમાં મજૂર સરકારની ઉદાર ઈમિગ્રેશન નીતિને કારણે નવવસાહતીઓનો આંક બહુ ઝડપથી ઊંચો જઈ રહ્યો છે, જે વિલાયતના પ્રૉમિસ્ડ લૅન્ડ રહેવા / હોવા વિશે ગંભીર પ્રશ્નો ઊભા કરે છે. આમાં વધુ ચર્ચાતી બાબતો છે ...

• બોગસ કોલેજો દ્વારા ભણવાના નામે કામ કરવા આવતા સાચા ખોટા વિદ્યાર્થીઓ; • સગાંવહાલાંઓ, છદ્મ વિવાહો, ગેરકાયદે રહી પડતા મુલાકાતીઓ; • HSMP (કૌશલ પરવાના) પર આવતા સાચા વિષય નિષ્ણાતો અને આ પરવાનાનો દુરુપયોગ કરી વિલાયતમાં નોકરીની તકોમાં વિસંગતતા પેદા કરતો ઉપખંડિય ધસારો; • રેફ્યુજી અને અસાલયમના વધતા જતા દાવાઓ અને એમની પૂરી પડાતી સુવિધાઓ; • અકુશળ અને વિશિષ્ટ કામ માટે ઠલવાતા લોકો - ખાનસામાઓ, ચાઈલ્ડ માઈંડર્સ, પૂજારીઓ, કલાકારો, રમતવીરો.

પ્રૉમિસ્ડ લૅન્ડને સ્પર્શતી આ બાબતો રાજકીય હોવાના કારણોસર ઈમિગ્રેશન નીતિમાં ધરખમ બદલાવો આવી રહ્યા છે.

તો આપણે જોયું કે પ્રૉમિસ્ડ લૅન્ડની ચૂંટેલી લાક્ષણિકતાઓમાંથી જ માત્ર બે-ત્રણ લાક્ષણિકતાઓને અછડતી સમજવા જતાં અનેક નવા મુદ્દાઓ આપોઆપ જડી આવે છે, જેના પર આપણે બે કલાકને બદલે આખા દિવસનો કાર્યક્રમ રાખીએ તો પણ ઓછો જ પડે અને તો ય પ્રૉમિસ્ડ લૅન્ડ પૂરેપૂરું પકડાય ખરું!

ગમે તે હોય, એક વાત ચોક્કસ છે જુદા જુદા સમયગાળે બ્રિટનને પ્રૉમિસ્ડ લૅન્ડ માની વસેલા વસાહતીઓની કથની કોઈ થ્રીલરથી કમ નથી. જૂના કે નવા દરેક વસાહતીને સંઘર્ષો મળ્યા છે. તળ ભૂમિના સંસ્કારો સાથે આશા નિરાશાના ઝોલાઓ વચ્ચે પણ મોટા ભાગના વસાહતીઓએ ઊંડા મૂળ નાંખી ઘણું મેળવ્યું છે, સંપન્ન થયા છે. આમ છતાં વસાહતીઓની પહેલી પેઢી કોઈક રીતે તરસતી રહી છે. કંઈક શોધતી રહી છે. એક જૂના વસાહતીના આવા જ કંઈક સંવેદનની વાત ઉત્તર ઈંગ્લેંડમાં 50 વર્ષથી વસતા શાયર અહમદ 'ગુલ' સાહેબે એમની કવિતા 'બ્રિટનને' દ્વારા વ્યક્ત કરી છે ....

**હતાશ, નિસ્તેજ, નિરસ, જર્જરિત**
**એ કાળી રાતને**
**થપથપાવી, પંપાળી**
**હળવેકથી હડસેલી**
**હું નીકળી પડ્યો'તો**
**એક અજાણ્યા રસ્તે – પશ્ચિમે**
**એક નવા સૂરજની તલાશમાં**
**જેમ તેમ**
**અનેક વિટંબણાઓ પાર કરી અહીં પહોંચ્યો**
**અહીં -**
**આવકારાયો, સત્કારાયો, આલિંગાયો, ગોઠવાયો, રોપાયો**
**ઋણી છું**
**તારા વિશાળ બાહુપાશનો!**
**મારી ઝંખના**
**મારી આવતી કાલને**
**રોપી**
**તુજ ધરા પર**
**અને હવે એ છોડ વૃક્ષ થતો જાય છે**
**કંઈક શાતા જેવું તૃપ્તિ જેવું ઘટાદાર**
**છતાં, માફ કર**
**આ ઘટદાર વૃક્ષમાં શોધું છું એક માળો.**

તો 8/10 વર્ષથી બ્રિટનમાં વસતા (બ્રિટિશ સિટિઝન બની વિપુલભાઈના ડાયસ્પોરામાં આવી ગયેલા) અને આ નવી ભૂમિને આત્મસાત્ કરવા મથતા મારા જેવા નવવસાહતીઓ દેશના ઝુરાપામાં બા પાસેથી મળેલા સંસ્કારો અને કેળવણીને સંભારી ગાઈ ઊઠે કે ...

**ભણ્યાં પછી પણ શું ગણવાનું બા પાસેથી શીખ્યો છું હું,**
**ભાર નકામો ભૂલી જવાનું બા પાસેથી શીખ્યો છું હું.**
**વહેવારોને જાળવવાનું બા પાસેથી શીખ્યો છું હું,**
**આદર્શોને ઓળખવાનું બા પાસેથી શીખ્યો છું હું.**
**સંન્યાસીને જમાડવાનું બા પાસેથી શીખ્યો છું હું,**
**સંસારી થઈને રહેવાનું બા પાસેથી શીખ્યો છું હું.**
**ટાઢાકોઠે સાંભળવાનું બા પાસેથી શીખ્યો છું હું,**
**હૈયું કહે તેમ જ કરવાનું બા પાસેથી શીખ્યો છું હું.**
**કણ કણ રે' ને ઊડે ફોતરાં એ જ માપથી હળવું ભારે-**
**જરૂર જેટલું ઝાટકવાનું બા પાસેથી શીખ્યો છું હું.**
**આદુને ઝીણી ખમણીથી કોળાને મોટાં ચાકુથી,**
**કદ પરમાણે વેતરવાનું બા પાસેથી શીખ્યો છું હું.**
**મૂઠીમાં મંદરાચળ જેવું, કોઠીમાં ઘઉં દાણા જેવું,**
**અવર નજરને પારખવાનું બા પાસેથી શીખ્યો છું હું.**
**કથાપૂજામાં એક આચમન, સૂતક હોય તો માથાબોળ,**
**પાણી ક્યાં કયમ વાપરવાનું; બા પાસેથી શીખ્યો છું હું.**
**ચકલીની કણકી નોખી ને ગૌમાતાનો ગ્રાસ અલગ પણ,**
**થાળી ધોઈનેય પીવાનું બા પાસેથી શીખ્યો છું હું.**
**પલકવારમાં તાકેતાકા ઉખેળવાની ગુંજાશે પણ,**
**પંડ જેટલું પાથરવાનું બા પાસેથી શીખ્યો છું હું.**
**સૂરજને દઈ અર્ઘ્ય સવારે, કરી આરતી સંધ્યા ટાણે,**
**ચડતી પડતી જીરવવાનુ બા પાસેથી શીખ્યો છું હું.**

અંતે વિપુલભાઈને વંદન અને સલામ કે મારા જેવા નવશીખિયાને મંચ આપ્યો. આપ સહુ સુજ્ઞ શ્રોતાઓનો દિલથી આભાર કે મને આટલી ધીરજથી સાંભળ્યો. હવે વાદ-સંવાદ અને મંતવ્યો દ્વારા આપ સહુ અનુભવી વડીલો પાસેથી હું જાણવા માગું છું કે 'શું વિલાયત અમરધામ અભિમુખે રહ્યું ?'

**– પંચમ શુક્લ**

[1 Eastcote Road, SOUTH HARROW, Middlesex HA2 8LQ, U.K.]

## (૨)

## આ પહેલી 'જાહેર વાદ-સંવાદ' બેઠકના ઉઘાડ અને ઉપાડના વિષય : 'વિલાયત પણ હવે અમરધામ અભિમુખે (પ્રૉમિસ્ડ લૅન્ડ) રહ્યું નથી' પર ડૉ. ફારૂક ઘાંચી દ્વારા રજૂ કરાયેલા મુદ્દાઓનું સંપાદન

•

"ઓપિનિયન"ને સમેટી લેવાનો વિપુલ કલ્યાણીનો નિર્ણય એના ભૌતિક સ્વરૂપ અંગેનો છે. તાત્ત્વિક દૃષ્ટિએ એ 'અક્ષર' છે એની નિશાની છે, આ સંકેલો અવસર જે પ્રેરે છે આપણને સહિયારા ચિંતન માટે. વિલાયતમાં રહ્યે વિલાયત પરની ચર્ચા કરવા ગુજરાતીઓને આ તક આપવા બદલ ખૂબ અભિનંદન અને આભાર.

वन्दे मातरम्
सुजलां सुफलां मलयजशीतलाम्
शस्यशामलां मातरम् ।

બંકીમચંદ્ર ચટ્ટોપાધ્યાયની આ રચના માતૃભૂમિને કેટલાં પ્રેમથી સાદર બિરદાવે છે. અખંડ ભારતના પૂર્વથી પ્રસારિત આ લાગણીનો પ્રતિઘોષ જાગ્યો'તો એ જ અખંડ ભારતના પશ્ચિમ ભાગમાં. મુહમ્મદ 'ઇકબાલ'ને સાંભળીએ તો -

सारे जहाँ से अच्छा हिन्दोस्तान हमारा


हम बुलबुले है इसकी ये गुलसिता हमारा ॥धृ॥

આ બન્ને રચનાઓ આપણા સૌની યા સૌનાં પૂર્વજોની જન્મભૂમિનાં કીર્તિગાન છે, ઉમદા, સદાબહાર, અમર ! એ વર્ણવે છે એ મુજબ તો ભારત જ શ્રેષ્ઠ દેશ હતો, શાયદ અમરધામ જ. તો પછી આ વિલાયતને વિપુલભાઈએ અમરધામ સાથે કાં સાંકળ્યું? એ અંગે સર મુહમ્મદ ઇકબાલની બીજી એક ગઝલનો શેર એમની માફી યાચના સાથે ટાંકું તો ...

**હમ મશરિક કે મકીનોં કાં દિલ મગરીબ પે જા અટકા હૈ**

**વહાં કંટર સબ બિલોરી હૈ, યાં એક પૂરાના મટકા હૈ**

આ ફિલસૂફ શાયર અવલોકને કહે છે કે આ જૂના માટલાંથી થાકેલા પૂર્વ(મશરિક)ના લોકોનું મન ઝાકઝમાળ વિલાયત -પશ્ચિમ (મગરીબ)માં ખોવાયું છે ... આ ચળકાટે જ તો કદાચ વિલાયતને અમરધામનો દરજ્જો અપાવ્યો હશે ને? તો શું આ એ જમાનાથી ચાલી આવતો શિરસ્તો છે કે ભારતીય ઉપખંડના લોકોને પાશ્ચાત્ય જીવનનું ઘેલું લાગ્યું? જો એ સત્ય છે તો જરૂર ઇંગ્લેન્ડને અમરધામનો મોભો દેનાર વર્ગ અસ્તિત્વમાં આવ્યો હશે. ... પણ એ કંઈ સનાતન સત્ય નથી. લગભગ ૩૦૦ અને કદાચ એનાથી પણ વધુ વરસો પૂર્વે 'ઊગતા સૂર્ય'ના દેશને 'સોને કી ચિડિયા' રૂપક દેનાર સાહિત્યકારો અંગ્રેજ હવા જ તો શ્વસતા હતા!



... તો વિલાયત અમરધામ ક્યાંથી થઈ ગયું?

**૧. અમરધામ વિભાવના** (concept of Promise Land) - વિલાયતની તુલના સ્વર્ગ સાથે કરવામાં આવે ત્યારે એનું તથ્યાતથ્ય તપાસવું જરૂરી બને છે. આ અમરધામ વિભાવના નિરપેક્ષ ના હોઈ શકે. કદાચિત વિલાયતનું જીવનધોરણ કોઈ એક સમયના બીજા દેશના જીવનધોરણને સાપેક્ષ ઊંચું હોવાને કારણે વિલાયતને અમરધામની વિભાવનામાં ગોઠવી દેવાયું હોવું જોઈએ. પણ વિલાયત શું ખરેખર અમરધામ હતું? છે? કે હશે? વિલાયતની જાહોજલાલી વધી એ એ પ્રજાની ધગશ, કુનેહ અને ઠાવકાઈથી. એણે અહીં સર્જી એવી સમાજવ્યવસ્થા કે જેમાં એના વિરાટ સામ્રાજ્યના ખૂણે ખૂણેથી એકઠી કરેલી સંપત્તિ ઠાલવી. અને આ સંપત્તિ માત્ર આર્થિક નહિ, વૈજ્ઞાનિક, તાત્ત્વિક, સાત્વિક, સાહિત્યિક, સાંસ્કૃતિક, શૈક્ષણિક, નૈતિક, રાજકીય વગેરે દરેક ક્ષેત્રની ઉત્તમોત્તમ સામગ્રીનું અહીં સંકલન કર્યું. અને પરિણામે સમગ્ર બ્રિટિશ સામ્રાજ્યમાં આ વિલાયતનો મોભો, વર્ચસ્વ, આકર્ષણ સ્વર્ગ સમાન લેખાવા લાગ્યો હશે.

હા, આજે અહીં વિલાયતમાં પ્રત્યાભૂત છે આત્મસન્માન, ખુલ્લી હવા, ખુલ્લાં આકાશ, ખુલ્લાં બજાર; વળી કાયદાકીય સુરક્ષિત છે સમાન તકો, માનવ હકો અને સાથે જ સામાજિક જવાબદારીની બાંયધરી જેમ કે મકાન, વેતન, સ્વાસ્થ્ય. અહીં સ્થાપિત વિચારધારાને પડકારી શકાય છે, સવાલ કરી શકાય છે, નિર્ભયતાથી. એથી ધારી શકાય કે વિલાયત ઓછામાં ઓછું કાલ્પનિક અમરધામ હશે એને એથી જ તો વિલાયતથી મારા તમારા સરીખા સહુ આકર્ષિત થયાં હોઈશું, અભિમુખ થયાં હોઈશું.

**૨. પ્રેરણા અને સંજોગ** - motivation to move to Promise Land; આપણે સહુ અહીં બેઠા ચર્ચીએ છીએ કે આપણે અહીં કેવી રીતે આવી ગયાં અને આપણા પછી આવનારાઓને હતાશા અને હાડમારી જ હાથ લાગે છે શું?

આપણે તો આપણા અંગત સંજોગોને અનુસરીને એવા તારણે આવ્યા હોઈશું કે વિલાયત એક વધુ સબળ, સફળ પર્યાય છે. આપણામાંના અમુક વિદ્યાભ્યાસે આવ્યા હશે, કોઈક આર્થિક કારણે, તો કોઈક સામાજિક કારણે ... આ બધાં ભિન્ન પરિબળોને લઈને અહીં જમા થયેલો આપણો આ ડાયસ્પોરિક દાયરો અહીં જામ્યો છે. કેટલાક દાખલામાં તો હવે ત્રીજી પેઢીએ પહોંચ્યો છે. આપણી આ ડાયસ્પોરિક સફળતા હજુ પણ કદાચ જોજનો દૂર એ છાપ પાડે છે કે વિલાયતમાં સઘળું હેમખેમ છે. અને એમાંનું હેમ – હજુ ચળકે છે, આકર્ષે છે. બહુધા, ઉજ્જ્વળ કારકિર્દી કે સુખી જીવનની આકાંક્ષા દૂર દેશાવરના યુવાવર્ગને અભિમુખ કરે છે આપણા આ વિલાયતથી.

**૩. જન્મભૂમિથી કર્મભૂમિ :** તો આ જન્મભૂમિથી કર્મભૂમિ સુધીની આ સફર કેવા કેવા અવરોધો વળોટીને કેટકેટલાયે મુકામો વટાવતી "ઓપિનિયન"ના સંકેલોના અવસર સુધી આવી છે. આ સફર ચાલુ છે અને રહેશે.

આપણા બ્રિટનના અગ્રણી, વડીલ, વિદ્વાન સારસ્વત ર. કા. ભટ્ટનું અવતરણ (આ પહેલાં "ઓપિનિયન"માં જ પ્રકાશિત) ટાંકું તો .. 'ભગવાનને જન્મભૂમિની જરૂર નથી એ તો સર્વત્ર છે.' એ તત્ત્વજ્ઞાનને અનુસરીએ તો આ જન્મભૂમિ અને કર્મભૂમિ વચ્ચેની આવનજાવન ક્ષુલ્લક લાગે છે. આ એ જ પાવન ભૂમિ છે જેના કોઈક ભાગમાં જન્મ લેવો એ સંજોગ હતો અને આવીને એના જ અન્ય કોઈ ભાગ - કર્મભૂમિમાં સ્થાયી થવું એ નિયતિ! જન્મભૂમિનાં સંસ્કાર, મૂલ્યો, સંવેદનાઓ કર્મભૂમિમાં સ્થાયી થવામાં ખપ લાગે જ છે એ સાથે કર્મભૂમિના અનુભવો, અનુગ્રહો ચારિત્ર્ય ઘડતરમાં ઉપયોગી નીવડે છે. જન્મભૂમિ પ્રત્યેનું ખેંચાણ કર્મભૂમિ પ્રત્યેની ફરજમાંથી વિચલિત ના કરે એ અંગે સજાગ રહેવું એ અગત્યનું બને છે.

એથી વધુ, અહીં સુધીની આપણી આ સફર – યાત્રાનો ચિતાર, માનો કે પ્રવાસવર્ણન આ અમરધામના સંદર્ભમાં ખૂબ મહત્ત્વ રાખે છે. એટલા માટે કે આપણા પછી આવનાર પ્રવાસી પેઢીને યાત્રાની તકલીફો, અવરોધોથી માહિતગાર કરી શકાય.

**૪. સાંપ્રત સમાજનું ગઠન અને પ્રદાન successes and failures of the diaspora :** સાહસ, ધૈર્ય, કુનેહ અને ખંત લઈ દરિયો ખેડનારા ગુજરાતીઓની સફળતાની ગાથા તળ ગુજરાતની લોકવાયકામાં અને લોકગીતોમાં તો છે જ એથી વધુ લોક જીભે શહેરોના મલ્ટિપ્લેક્સ પર કે ગામના ચોકે કે પાનના ગલ્લે ચર્ચાતી મળે તો નવાઈ નહિ. વિલાયતમાં નિયતિને લઈને નસીબ અજમાવવા આવેલા હું તમે, આપણે સહુ તકલીફો સહી, કામમાં બાંધછોડ કરી, કૌટુંબિક વિટંબણાઓ વળોટી અહીં ટકી રહ્યાં, ગોઠવતાં રહ્યાં, ગોઠવાતા રહ્યાં - સફળતા નિષ્ફળતાની વચ્ચે ઝોલા ખાતાં. એમ કરતાં સર્જાયો ભાતીગળ ડાયસ્પોરિક સમાજ; આપણે રહ્યાં વિભાજીત છતા સંયુક્ત અને એક તાંતણે બંધાયા. એ આશાએ, આકાંક્ષાએ કે સફળ થઈએ; સફળતા એ ગુરુમંત્ર થઈ ગયો. એટલે કૌટુંબિક, સામાજિક, ધાર્મિક આર્થિક કે વ્યવસાયિક સફળતા એ એક માપદંડ થયો છે. એથી સાહજીક રીતે જન્મભૂમિથી દૂર વિલાયત આવેલા આપણા સહુની સફળતાના ગુણગાન કદાચ ઊંચા સૂરમાં દેશમાં ગવાતા હશે. ... આકર્ષતા હશે બીજા ભાંડુઓને વિલાયત તરફ.

નજીકના ભૂતકાળમાં વિલાયતથી આકર્ષિત થયેલ અને દેશથી વિલાયત આવી ચઢેલ કેટલા ય નવયુવાનોને સાંપ્રત ડાયસ્પોરિક સમાજે ટેકો કર્યાનું સુવિદિત છે જ. ખેદજનક એ છે કે આ નવયુવાનોને વિલાયત આવતા પહેલાં યોગ્ય માર્ગદર્શન ઉપલબ્ધ થાય એવી વ્યવસ્થા હોવાના પુરાવા નથી. આપણું - જવાબદાર ડાયસ્પોરિક સમાજ તરીકેનું ઉત્તરદાયિત્વ બને છે કે અન્ય દેશના નવયુવાનોને વિલાયત વિષે યોગ્ય માહિતી અને માર્ગદર્શન મળી રહે કે જેથી એઓ માત્ર એજન્ટો પર આધારિત ના રહે. એ ઉપરાંત, આપણી એ પણ ફરજ બને છે કે અહીના સમાજના ઘટક સભ્ય તરીકે વિલાયતને – આપણી આ કર્મભૂમિને 'અમરધામ' સરીખું જીવંત રાખીએ, એની સફળતામાં સહયોગી થઈને.

**૫. ઓપિનિયન અર્થાત્ મંતવ્ય role of responsible media (Opinion)/agencies :** વિલાયત આવેલા યુવાન વિદ્યાર્થીઓમાં હતાશા કેટલી હદે છે એની કોઈ મોજણી તો થઇ નથી. પરંતુ વિપુલભાઈએ વિદ્યાર્થીઓની આત્મહત્યા અંગે વ્યક્ત કરેલો આક્રોશ વ્યાજબી છે જ. કોઈ પણ

કુટુંબ માટે યુવાન સદસ્ય ખોવાનો આઘાત અતિ ભારે હોય છે, એ દુ:ખદ વાસ્તવિકતા સ્વીકારી એ સૌનાં દુ:ખમાં સહભાગી થઈએ. વિપુલભાઈને એ અંગે ગુજરાતમાં મળેલ પ્રતિભાવ કદાચ ત્યાંની વ્યાપક સમસ્યાને કારણે થયેલ બુઠી સંવેદનશીલતાનો દ્યોતક છે.

એટલે જ સભાન, સબળ અને શિસ્તબદ્ધ નૈતિક આગેવાનીની જરૂર છે કે નવી પેઢીને - નવા આગુન્તકને માર્ગદર્શન મળતું રહે. આવી આગેવાની રાજકીય, બિનરાજકીય, સામાજિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક અને પત્રકારત્વ ક્ષેત્રે વિકસે એ અત્યંત જરુરી છે. બ્રિટનનું "ઓપિનિયન" વિશ્વસ્તર પર ગુજરાતીનું એક અગ્રીમ વિચારપત્ર રહ્યું છે, અને આપણા જી.બી. – ગુજરાતી બ્રિટન માટે તો મુખપત્ર રહ્યું છે. એમાં વિલાયત વિશેની આ બાબતની ગંભીર ચર્ચા ઘણી વાર થઈ છે. "ઓપિનિયન"માં પ્રસિદ્ધ થયેલ રજનીકાન્તભાઈ મહેતાનો ચર્ચાસ્પદ મથાળાવાળો લેખ ત્રણ વરસ પહેલાં આ વ્યથાની મથામણ અંગે જ તો હતો. એ અને એના જેવા અન્ય લેખોથી વિશ્વ ગુજરાતી સમાજનું ધ્યાન આવી વ્યાધી પ્રત્યે દોરવા બદલ "ઓપિનિયન"ને ધન્યવાદ. અન્ય ક્ષેત્રોની જેમ જ આ વિષયે પણ "ઓપિનિયન"નો અભાવ સાલશે.

**૬. સહિયારું વિપુલ પરિબળ :** વારુ, આપણે કદાચ માની પણ લઈએ કે વિલાયત હવે એટલું આકર્ષક પરિબળ નથી – તો કેમ? શું આપણે - હવે અહીંના ઘટક સમાજના સભ્યો નથી? તો વિલાયતની આકર્ષકતા ઘટે તો એ આપણી પણ છે જ. એટલે જ અગાઉ કરેલા ઉલ્લેખ મુજબ આપણી આ કર્મભૂમિના ઉત્કર્ષ અંગે આપણે જવાબદારી નિભાવવી રહી. એમ કહી શકાય કે અહીં સ્થાયી ડાયસ્પોરા માટે વિલાયાતના અમરધામનાં ઝરણાંમાંથી આચમની લીધા કરવાની સાથે સાથે એ ઝરાણું વહેતું રાખવું પણ જરૂરી છે. સાથે એ ઉલ્લેખનીય છે કે ભારત ખુદ અમરધામ હતું અને સહિયારા પુરુષાર્થથી પુન: બની શકશે જ. અહીંના વિદ્યાલયોમાં અત્યારે આવવા અને અહીં સ્થાયી થવા આવનારની સંખ્યા માતબર છે. ભારતનો ભવ્ય ઈતિહાસ એ સાક્ષી પૂરે છે કે કોઈ કાળે તક્ષશિલા અને નાલંદામાં પણ આવો જે વિધ્યાભ્યાસ ઉપલબ્ધ હતો. એ અશક્ય નથી જ કે આવા વિદ્યાધામ ફરી ભારતમાં ધમધમતા થઈ જાય. આ વિલાયતના અમરધામની એ સૌથી મોટી ઉલબ્ધી થઈ શકે - સહિયારા પુરુષાર્થથી જ તો – કે આવાં જ અમરધામ અન્યત્ર સ્થપાય.

**૭. સરવૈયું :** અંતમાં, વિપુલભાઈએ બાંધી આપેલા મથાળા સાથે અંશત: સંમત થવા કરતાં વધુ આ વિધાનથી સંમત થવું મારા માટે અશક્ય છે. કારણ કે હું જોઉં છું આ સભાખંડમાં જ - સફળ લોકો – ઉમરાવો – અધ્યાપકો, જજ, શબ્દશિલ્પીઓ, એન્જિનિયર, ડૉક્ટર, મહાજન – બિઝનેસમેન, --- મારી અંગત વાત કરું તો ગુજરાતના એક ધૂળિયા નાનકડા ગામમાં બાળપણમાં પહોંચ્યાનું યાદ છે, એ ગામ આજે તો વિદ્યાધામ થઇ ગયું છે. એ ગામ મોડાસામાં એ દિવસોમાં માંડ ત્રણ દાક્તર. – એમાં એક સર્જન ડૉ.પટેલ સાહેબનું દવાખાનું ચાર રસ્તે. અમારી પ્રાથમિક શાળાની સમોસામ. એનું બોર્ડ – ડૉ. આર. પટેલ - એફ.આર.સી.એસ. ... શાળાની રિસેસ વખતે રોજ જોવાયેલું એ બોર્ડ હજુ મનમાં અંકાયેલું છે. ઈશ્વરકૃપાથી અને વડીલોના આશીર્વાદથી એ જ એફ.આર.સી.એસ.ની પદવી માટે એક પરીક્ષક થઈ શક્યો છું, તો એ આ અમરધામમાં જ તો. મારી જેમ અહીં આવેલા ઘણા આવી અને આનાથી વધુ સફળતા પ્રાપ્ત કરી ચુક્યા છે. હા, ત્રુટિઓ છે, દોષ છે. કોઈ પણ દેશ - રાજ્ય વ્યવસ્થામાં, સૌને સૌ કાળે વિલાયત માફક નથી આવ્યું અને વળી કોઈકની અપેક્ષા કરતાં ઊણું ઉતર્યું હશે. હા, વિલાયતનું આકર્ષણ અકબંધ છે, જો કે એને અમરધામનો દરજ્જો લેતા વાર લાગશે. એનો મોહ – અતિશય – મોહભંગમાં પરિણમે એવો ભય છે. છતાં કદાચ એ કહેવું અજુગતું નથી કે - ઉચ્ચ પરિશ્રમી, દ્રઢનિશ્ચયી, સજાગ, યથાર્થવાદી - વાસ્તવવાદી આપ્રવાસી માટે વિલાયત હજુ સફળતાની તકો ધરાવે છે.

છેલ્લે, આરંભમાં ટાંકેલ સર મુહમ્મદ 'ઇકબાલ'ની એક ગઝલનો મત્લાનો શેર છે :

**એય શેખો, બરહમન, સૂનતે હો, ક્યા એહલે બશીરત કહેતે હૈ**
**ગર્દોને કિતની બૂલંદી સે ઈન કૌમો કો દે પટકા હૈ**

એ કહે છે કે જ્ઞાનીઓ, સાંભળો અનુભવીઓને કે આજ પહેલાં દુનિયામાં ઊઠેલા ઝંઝાવાતોએ કેટકેટલી ય પ્રજાઓને ભોંય ભેગી કરી દીધી છે, માટે સિધ્ધાંતોને - મૂલ્યોને જાળવીએ તો જ અસ્તિત્વ ટકી રહેશે. આ એક ઐતિહાસિક સત્ય છે કે A land of promise may prove to be a land of peril. એથી અમરધામ એ અંતિમધામ ના બની જાય તે અંગે આપણે સહુ સતર્ક રહીએ એ અભ્યર્થના.

**- ફારૂક ઘાંચી**

['Park House', 71 Moorhead Lane, SHIPLEY, West Yorkshire BD18 4JN, U.K.]

• ............... •

## ન્યાયદન્ડ

**• ર. કા. ભટ્ટ**

જૉસેફ સ્ટાલિન, હિટલર, માઓ ઝેન્ડોંગ, પોલ્ પોટ્ અને ઈદી અમીન જેવા દુષ્ટો માનવ ન્યાયદન્ડમાંથી છટકી ગયા. તેનો અર્થ એ નથી કે એ બધા નિર્દોષ હતા. હિન્દુસ્તાનમાં માણસની જિંદગીને કોડીના ચલણમાં મૂલવાય છે. બે માસમાં ૩૭ પુલિસ જનોની મહારાષ્ટ્રમાં હત્યા થઈ છતાં હાહાકાર ન થયો. હત્યા કરનારા નક્સલવાદીઓ પાસે રશિયન બનાવટની ક્લાસ્નીકોફ઼ બંદૂકો છે. અને પુલિસ્ પાસે ૧૯૧૮માં બનેલી ખડધૂસ બંદૂકડી હતી. પુલિસ્ અમલદારોએ ફરિયાદ પણ નથી કરી ! મુમ્બઈમાં તાલીબાનોનો હુમલો એ વિલાસરાવ દેશમુખના દીકરા માટે ફોટો પાડવાની તક બની ગઈ ! વિલાસરાવને દિલ્હીમાં બઢતી મળી !

ચરમ ન્યાયાલય (સુપ્રીમ્ કૉ...ર્ટ) નરેન્દ્ર મોદી વિષે શું કહેશે તેની ચિંતા અખબારી તંત્રીઓને છે ! કારણ કે ગુજરાતના મુખ્ય મંત્રી જાહેરાતના લાખ્ખો રૂપિયાના ચેક લખાવે છે ! જો મોદીજી ગાંધીનગરમાં પટાવાળા હોત તો ૨૦૦૨નાં રમખાણો વિષે તેમની નૈતિક જવાબદારી ન હોઈ શકે. દુર્ભાગ્યે તેમ નથી. ગુજરાતના કોઈ પણ નાગરિકને અન્યાય થાય તો ન્યાયશાસનની પવિત્રતાનું અંગ અભડાય. એવી ચિંતા ગુણવંત શાહને નથી. રથયાત્રાને કારણે ૨,૦૦૦ નિર્દોષ લોકો માર્યા ગયા છે. છતાં ગુણવંત શાહને લાલકૃષ્ણ આડવાણીની મૈત્રીમાં ગૌરવનો અનુભવ થાય છે. ગુજરાતના કવિ મુખ્યમંત્રીની ઓળખાણમાં પણ ગૌરવ ખરું જ ! કાંતિ ભટ્ટ, નગીનદાસ સંઘવી અને ગુણવંત શાહ છીછરાં પાણીમાં તરે છે એ હવે સમજાશે ! ધીરપુરુષો ન્યાયમાર્ગ ચૂકતા નથી એ મહાભારત વચન સાથે પ્રખ્યાત કથાકારોને કોઈ નાતો હોય એમ લાગતું નથી.

આડવાણી અને મોદી હિન્દુત્વના પ્રતિનિધિ નથી. એ હિન્દુત્વને નામે ચરી ખાય છે એ જુદી વાત છે. નિર્દોષ જનના સંહારમાં રાચવું એ હિન્દુત્વનું લક્ષણ નથી. પાપ અને પુણ્યની જે સપષ્ટ રેખા હિન્દુત્વમાં અંકાયેલી છે તેને ભૂંસી નાખવાની ગુણવંત શાહમાં તાકાત નથી. કેટલાક બદમાશ તંત્રીઓ પાયાની તટસ્થતા પણ જાળવતા નથી. પૈસા કમાવા માટે વેશ્યામાં હોય છે એટલી પ્રામાણિકતા પણ બતાવતા નથી. રમખાણો થયાં પછી આઠ વરસે આઠ કલાકની ઉલટ તપાસ તો થઈ ! હાથમાં છરી લઈને ખાડિયા ચાર રસતે ઘૂમી વળે તો જ મોદીજી ગુનેગાર ઠરે ! વાહ ! કેટલાક પામર પત્રકારોની ભ્રષ્ટમતિ ખાડે ગઈ છે ! દાંતે તરણું લઈને ગુજરાતની જનતાની માફી માગે તો જ નરેન્દ્ર મોદી કદાચ દન્ડમુક્ત થઈ શકે !

[87, Hale Lane, Mill Hill, LONDON NW7 3RU, U.K.]

•

## 'હિંદુત્વ' વિશે / દીપક ધોળકિયા

૧૬ મે ૨૦૧૦નું "નિરીક્ષક" મળતાં જ વાંચી ગયો. ખાસ કરીને ર. કા. ભટ્ટના 'ન્યાયદંડ'માં એક ઉલ્લેખ છે એના વિશે ધ્યાન દોરવા આ લખું છું. એમણે ભોળાભાવે લખ્યું છે કે અડવાણી અને નરેન્દ્ર મોદી હિંદુત્વના પ્રતિનિધિ નથી. પરંતુ આ સાચું નથી. તેઓ ખરેખર હિંદુત્વના જ પ્રતિનિધિ છે, હિંદુ ધર્મના નહીં. હિંદુત્વ અને હિંદુ ધર્મ એક વસ્તુ નથી. એક છે Hindu Dom એટલે કે હિંદુ રાજ, જ્યારે બીજો ધર્મ છે. સાવરકર હિંદુત્વવાદી હતા, પણ ધર્મ સાથે એમને નિસબત નહોતી. નાસ્તિક હતા. એમણે પોતાના મૃત્યુ વખતે કોઇ ક્રિયાકાંડ માટે પણ સાફ ના પાડી હતી. કોમવાદી બનવા માટે ધર્મમાં માનવું જરૂરી નથી. **(સદ્ભાવ : "નિરીક્ષક", ૧ જૂન ૨૦૧૦)**

# પ્રેમળ જ્યોત તારો દાખવી મુજ જીવન પંથ ઉજાળ


• વિપુલ કલ્યાણી

યાસ્નાયા પોલ્યાનાના તોલ્સ્તોય લેખક મિલનમાં ચોથા રોજની સવાર કંઈક જુદી જ ઊગી ! ગાંધીના ગામમાંથી બે નમૂનાઓ તે દિવસે અલગ અલગ બેઠકમાં બોલવાના હતા એની ખબર પડી ગઈ હોય એમ વાદળિયા હવામાનવશ ડંકાનિશાનનો માહોલ હતો. ઠંડી અને વરસાદને કારણે આયોજકોએ સ્વાભાવિક જ પ્રાંગણમાંથી કૉન્ફરન્સ હૉલમાં તખતો ફેરવવો મુનાસીબ માન્યો.

રૂસી વિદ્વાન એર્માકોફ આ બેઠકના પ્રમુખસ્થાને હતા. એમણે પ્રકાશ ન. શાહનું નામ લીધું અને પ્રકાશભાઈએ એમણે આગલી રાતે ટપકાવેલ અંગ્રેજી નોંધ કંઈક ક્ષોભપૂર્વક વાંચવાની શરૂ કરી. પણ અચકાતે ખચકાતે વંચાયેલું એમનું પહેલું જ વાકય સૌએ વધાવી લીધું. એમણે કહ્યું કે 'અમારે ભારતમાંથી આવનારાને સારું, કેમ કે અમે ગાંધીના મુલકમાંથી આવીએ છીએ, અહીં યાસ્નયા પોલ્યાનાની તોલ્સ્તોય ભૂમિ પર આવવું એ જાતરા બરોબર છે.' નહીં કે આ કોઈ વાકયં રસાત્મકં કાવ્યં એવો મહાન ઉદ્ગાર હતો, પણ જે પ્રકારના સૌ એકત્ર આવી મળ્યા હતા એમને સારુ એ સીધો હૃદયમાં જઈ પડનારો હતો.

**ઓ રસિયા ! આ રશિયા !!**

તૂલા યુનિવર્સિટીના અંગ્રેજી વિભાગના તરુણ અધ્યાપક વિક્તર પાવલૉવિચે પ્રકાશભાઈના વક્તવ્યની જોડાજોડ રૂસી અનુવાદનો મોરચો સંભાળી લીધો હતો. શ્રોતાઓ સાથે હૃદયસંધાન પછી તરત જ એમણે તોલ્સ્તોય-ગાંધી એવા ગુરુશિષ્ય સંબંધ વિશે જરા જુદી રીતે વાત કરી : '૧૯૧૫માં ગાંધીજી દક્ષિણ આફ્રિકાની યશોજ્જવલ કામગીરી પછી ભારત પાછા ફર્યા ત્યારે એમનું ભાતુ (અને ભાથું) રસ્કિન, થોરૉ ને તોલ્સ્તોયના વિચારોએ ભરેલું હતું. અલબત્ત, આ સૌને એમણે ગુરુ કહ્યા હોય તો પણ એમાં એક પ્રકારે નમ્રતા રહેલી હતી. કેમ કે દક્ષિણ આફ્રિકાનાં વર્ષોમાં એ જ પ્રક્રિયામાંથી પસાર થયા તે વસ્તુત: આ સૌ પૂર્વસૂરિઓ સાથે સ્થળ ફેરે, કાળફેરે કોઈ એક સહયોગી વૈચારિક તાળો મેળવતો હોય તો એ બરની હતી.'



'આપણે જાણીએ છીએ કે જેમ ઉત્તર તોલ્સ્તોય તેમ ગાંધી, બેઉ અહિંસાની ભૂમિકાએ ઊભા હતા.' એટલું સાંભારી આપી એમણે ઊમેર્યું: ગાંધીએ કહ્યું કે અહિંસા ખરું જોતા પ્રેમના પર્યાયરૂપે જ એમને અભિપ્રેત છે. તોલ્સ્તોયે જે 'યુનિવર્સલ લવ' કહેતાં સર્વદેશીય, સાર્વભૌમિક પ્રેમની વાત કરી તે આ સ્તો હતી. એક રીતે જોતાં ગાંધીએ ને તોલ્સ્તોયે જે કહ્યું એમાં દેખીતું તો કદાચ કશું જ નવું નહતું. ઈસુએ અને બુદ્ધે પણ પૂર્વે પ્રેમની જ વાત કરી હતી ને. પણ થોરૉ, તોલ્સ્તોય અને ગાંધી સાથે ઈસુ અને બુદ્ધની શીખમાં ગુણાત્મક વધારો જ નહીં પરિવર્તન સુદ્ધાં સધાય છે. એકાદ તોલ્સ્તોય કે એકાદ ગાંધીની ધખના સમાજને ને સંસારને બદલવાની છે. આ બદલાવ એ વાસ્તે કે એમાં પ્રેમ સહજપણે પાંગરી શકે. ઈસુ ને બુદ્ધમાં વ્યકિતમાં પોતાનામાં પરિવર્તનની જે વાત હતી તેને થોરૉ-તોલ્સ્તોય-ગાંધી પરંપરા સમાજપરિવર્તનના ઓજાર તરીકે પ્રયોજવા ચહે છે. તેઓ કહેશે, મનુષ્યજાતિની સઘળી સંસ્થાઓ ને પ્રથાઓમાંથી પ્રેમ ફોરવો જોઈએ. આ હેતુસરનો સંઘર્ષ, સિવિલ ના-ફરમાની કે સવિનય કાનૂનભંગ એમને મુબારક લાગે છે. તમને ગાંધી કહેશે કે હું ચાહું છું એથી તો પ્રતિકાર કરું છું. પૂર્વે થઈ ગયેલાં સંતો ને મહાત્માઓ કરતાં થોરૉ, તોલ્સ્તોય, ગાંધી ન્યારા છે તે આ રીતે.'



**પ્રેમળ જ્યોતિનો ધ્વનિ વહેવડાવતા પ્રકાશ ન. શાહ. એમની પડખે છે દુભાષિયા સેવા આપતા વિક્તર પાવલૉવિચ અને બેઠકના અધ્યક્ષ એર્માકોફ**

રાજયશાસ્ત્રના છાત્ર તરીકે તેમ સમાજપરિવર્તનના સિપાહી તરીકે, પ્રકાશભાઈએ આ તબક્કે તારવ્યું કે, 'મુદ્દે પહેલાં ને પછી, સવાલ તો એ જ છે ને વાસ્તવિક સમાજમાં આ સાર્વભૌમ પ્રેમને પ્રત્યક્ષ વ્યવહારમાં કેવી રીતે આણવો. અતિસરલીકરણનું આળ વહોરીને કહું તો સ્વતંત્રતા અને સમાનતા એ બે વાનાં - કહો કે એક જ સિક્કાની બે બાજુ - સમાજમાં, શાસનવિધાનમાં સાર્વભૌમ પ્રેમ ફોરવો તે શું એની પરખ ને ઓળખ છે.' અહીં ભેળા મળેલાઓમાં જેમ તોલ્સ્તોયના દર્શનના મુમુક્ષુઓ છે તેમ એમના સાહિત્યના રસિયા ચાહકવાચકો ય છે એની કદાચ સભાનતા સાથે પ્રકાશભાઈએ આ જ મુદ્દાને જરી જુદી રીતે બહેલાવ્યો. 'વાત સાચી કે તોલ્સ્તોયે લખ્યું હતું કે 'કિંગ્ડમ ઑવ્ ગૉડ ઈઝ વિધિન યુ.' વાત સાચી કે 'વૈકુંઠ તારા હૃદયમાં છે' ઉપર ગાંધીજી વારી ગયા હતા. પણ માંહ્યલો જાગે ત્યારે કંઈ કંઈ થતું હોય છે. અહીં તોલ્સતોય મ્યુઝિયમમાં એમનો મોંઘો દાટ ફર કોટ ને સાદું પહેરણ બેઉની સહોપસ્થિતિ નોંધવા જોગ છે. અના કેરેનિના ખાસી ઊંચકાઈ ને સૂંડલામોઢે રૉયલ્ટી તાણી લાવી ત્યારે કાઉન્ટ લિયો તોલ્સ્તોયે આ ફર કોટ ખરીદ્યો હતો, કાઉન્ટેસને વીંટી ભેટ ધરી હતી, અને પ્રસંગે બેઉ સજીધજી મહાલ્યાં પણ હશે. પણ વૈકુંઠ હૃદયમાં છે એ સમજાયું તે સાથે આ ભગવદ્હૃદય કાઉન્ટને પોતાને ડીલે રૂસી ખેડૂતને સીધુંસાદું પહેરણ જ શાતાકારી લાગ્યું. લોક સાથેનું આ જે અનુસંધાન, એ કેટલી અલૌકિક વાત છે ! તમારું સમાજકારણ, તમારું શાસનવિધાન, તમારું વ્યવહાર વ્યાકરણ, બધું આ લોક પરત્વે વિનય અનુનયને ધોરણે ચાલે છે ? તોલ્સ્તોય ને ગાંધીની આ વાત છે.'

વાત કરતાં કરતાં પ્રકાશભાઈ દાયકાઓ પાછળ સ્મૃતિલોકમાં સરી પડ્યાં: 'બાળપણનાં વરસોમાં તોલ્સ્તોયની એક વારતા વાંચવાનું થયું હતું એ સાંભરે છે. માણસને જોઈ જોઈને જમીન આખરે જોઈએ કેટલી - How much land does a man need - તરેહના મથાળાની એ જગજાણીતી કથા છે. 'દિવસ દરમિયાન દોડીને તું આવરી લઈશ એટલી જમીન તારી માલિકીની થશે.' આ એલાનથી એક જણ દોડવા માંડ્યું ને બસ દોડતો જ રહ્યો. લોભને કંઈ થોભ તો હોય નહીં. દોડતે દોડતે, અંતે શ્વાસનો હિસાબ જ પૂરો થઈ ગયો ને કંઈ કેટલા એકરનું એનું સમાણું કબરના માપની જમીનમાં સમેટાઈ ગયું લાગે છે. તો બોધકથા અને છે પણ બોધકથા. પણ જરી થોભો ને વિચારો તો જણાશે કે માણસને જીવતેજીવત જમીનની એટલે કે ઉત્પાદનના સાધનની જરૂરત તો છે જ. લોભને થોભ હોવો જોઈએ એ જરૂર મનુષ્યમાત્રે કેળવવા જોગ ગુણ છે. પણ સમાજ અને શાસનવ્યવસ્થાનો ગુણ મનુષ્યમાત્ર સ્વતંત્રતા અને સમાનતાને ધોરણે જીવી શકે એમાં રહેલા છે. ઈશ્વરનું રાજય જેમ હૃદયમાં તેમ પૃથ્વી પર પણ હોવું જોઈએ, એવી પરલોકથી ઉફરી - કહો કે આધ્યાત્મિક એટલી જ ઐહિક - સ્થાપના તોલ્સ્તોય સ્કૂલને પરંપરાગત ખ્રિસ્તમતથી જુદી પાડી આપે છે. હું કોઈ ઉપનિષદ કે બાઈબલ કશાનો પંડિત નથી. પણ થોરૉ, તોલ્સ્તોય, ગાંધી સરખા થકી સંકોરાયેલી સમજના ઉજાસમાં જોઉં છું તો ઈશાવાસ્યોપનિષદ કે બાઈબલનાં વચનોને નવેસર પામું છું. બાઈબલમાં કહ્યું છે કે 'ધ મિક શૅલ ઈન્હેરિટ ધ અર્થ.' ગાંધીએ જે તાવીજ આપ્યું હતું ને કે મુંઝાઓ ત્યારે તમે જોયેલ સૌથી દીનહીન માણસન સંભારજો. રસ્કિને પણ, એમ તો,

# બાળ-કેળવણીમાં સદાચારી મૂલ્યોનું મહત્ત્વ


© વિપુલ કલ્યાણી

દોભ્રી જ્યેન !


લિયો તોલ્સ્તોયની ભૂમિ, યાસ્નાયા પોલ્યાના ખાતે, આ લેખક મિલનમાં હાજર રહેતા તેમ જ ભાગ લેતા ગૌરવ અને આનંદનો હું પારાવાર અનુભવ કરું છું. અમે અહીં આવી શક્યા તે સારુ તોલ્સ્તોય મ્યુઝિયમ પ્રત્યે અમે ઋણભાવ વ્યક્ત કરી લઈએ છીએ. ભારે કાળજીપૂર્વક અમારું તમે લોકોએ ભાવગ્રાહી આતિથ્ય કર્યું છે, અને તેને સારુ આભાર દર્શાવવાના શબ્દો ય ઓછા પડે તેમ છે.

**ચોથા દિવસથી, એટલે કે ૮ સપ્ટેમ્બર ૨૦૦૭ના દિવસે, વાતાવરણે કરવટ બદલી. વાદળિયું હવામાન; ઠંડી કહે મારું કામ; ગાજવીજ સાથે વરસાદ. પરિણામે લેખક મિલનને કૉન્ફરન્સ હૉલમાં લઈ જવાઈ. સવારની બેઠકમાં શિક્ષણમાં બાળકો સાથે નીતિબોધ તેમ જ પ્રેમનો આવિષ્કાર જેવા વિષય બાબત રજૂઆત કરવાની હતી. આ બેઠકમાં મારે ય રજૂઆત કરવાની આવી. ગાંધીયુગીય કેળવણી તેમ જ વિવિધ સંસ્થાઓની જિકર મેં કરેલી. આ વ્યાખ્યાન પણ અંગ્રેજીમાં અપાયેલું. વિક્તર પાવલૉવિચે આ ભાષણનો પણ તંતોતંત રૂસી અનુવાદ તરતોતરત કરી શ્રોતાગણને આપવાનો રાખેલો. આ ભાષણ આધારિત આ લેખ કરાયો છે. (વિ.ક.)**

અમારે ત્યાં 'મહાભારત' નામે એક મહાકાવ્ય છે. તેની કથાના એક પાત્રનું નામ ધૃતરાષ્ટ્ર



**ઓ રસિયા ! આ રશિયા !!**



છે. તે આંખે દેખતો નથી. કથા કહે છે કે સંજય નામે એક વૃતાન્તદાતા જે કંઈ ઘટના ઘટી રહી છે તેની વિગતે જાણકારી ધૃતરાષ્ટ્રને આપે છે. ખરેખર, તો સંજયનો વૃતાન્ત અગાઢ બની રહે છે. તમે માનશો ? અમે ય અહીં આવું અનુભવી રહ્યા છીએ. કેમ, ભલા ? તમે વિક્તર પાવલોવિચ બુલાતોવની સેવા અમને સાદર કરી છે અને તે અમારે સારુ સંજય સાબિત થયા છે. આ સઘળી બેઠકોમાં જે ચાલી રહ્યું છે અને જે રજૂઆતો થાય છે તેની તલસ્પર્શી વિગતો તેમણે અમને આપ્યા કરી છે. તેમના વગર અમે ય અટવાયેલા હોત અને કશી ગતાગમ ન થાત !

આ સેવાઓ માટે ફરી ફરી અમે સહૃદય તમારા આભારી છીએ.

લિયો તોલ્સ્તોય અમારે માટે બહુ જ અગત્યનું એક નામ છે. ગાંધીનો એમની સાથેનો નાતો, એ બંને વચ્ચે થયેલો પત્રવ્યવહાર, આરંભના સમયમાં તોલ્સ્તોયનાં કેટલાંક નિબંધોનો ગાંધીએ કરેલા અનુવાદ, વગેરેની અમારા પર ભારે મોટી અસર પેદા થઈ છે. અને પછી એમનું ઘણું સાહિત્ય અમારી ભાષામાં આણવામાં આવ્યું. અલબત્ત, મોટા ભાગનું આ સાહિત્ય રૂસી ભાષામાંથી નહીં, પરંતુ તેના અંગ્રેજી અનુવાદમાંથી પણ આવ્યું છે. ગાંધીના આ અને આવા પ્રયાસોને કારણે અમે તોલ્સ્તોયનાં સમગ્ર સાહિત્યથી પણ ઘડાયા છીએ.

પરંતુ મારે કહેવું જોઈએ, તમારે અહીંથી જે અનુવાદો ગુજરાતીમાં આવ્યા, તે માટે બે નામો અગત્યનાં છે : અતુલ સવાણી અને લ્યુદ્‌મિલા સાવેલ્યેવા. આ બંને હાલ હયાત છે અને એ બંનેએ પણ લિયો તોલ્સ્તોયનું સાહિત્ય અમારે ત્યાં અમારી ભાષામાં સુલભ કરી આપેલું છે. અતુલ સવાણી પાંચેક દાયકાઓથી રશિયામાં વસે છે અને એમણે ઘણું રૂસી સાહિત્ય અનુવાદ વાટે ગુજરાતીને ભેટ ધર્યું છે. લિયો તોલ્સ્તોયનું સાહિત્ય પણ તેમાં સમાવેશ છે. અતુલ સવાણી હાલ મૉસ્કોમાં નિવૃત્ત જીવન વ્યસ્ત કરી રહ્યા છે. જ્યારે લ્યુદ્‌મિલા સાવેલ્યેવા, આજકાલ, મૉસ્કોથી દક્ષિણે, ૧૪૦ કિલોમીટરને અંતરે આવેલા, તરુસા ખાતે 'ફ્રેન્ડ્ઝ ઑવ્ ઇન્ડિયા ક્લબ'નું સંચાલન કરી રહ્યાં છે. એમણે અવારનવાર ગુજરાત જવાનું રાખેલું. કેટલોક વખત અમદાવાદની ગૂજરાત વિદ્યાપીઠમાં પણ એ રહ્યાં હતાં. મહાત્મા ગાંધીએ આ યુનિવર્સિટીની સ્થાપના કરેલી તે તમે ય જાણતા હશો. ગાંધી વિચાર તેમ જ ગાંધી પ્રબોધ્યા સિદ્ધાંતોને અનુસરતી આ પ્રમુખ સંસ્થા છે. સને ૧૯૨૦ના અરસાથી આ સંસ્થા અમદાવાદથી કાર્યરત રહી છે. લ્યુદ્‌મિલાબહેને કેટલુંક કામ ગાંધીજી તેમ જ તોલ્સ્તોય ઉપર પણ કરેલું છે. અમારે ત્યાં તેનું ય મૂલ્ય છે.

આજના જાગતિક સંદર્ભમાં, તમે સૌ કોઈ આવી લેખક મિલનની સભાબેઠકો ભરો છો અને તેમાં તમે સામેલ રહી ભાગ લો છો, તે પોરસાવા જેવું કામ છે. ચોમેર વૈશ્વીકરણ, ગ્રાહકવાદ, આતંકવાદ તેમ જ એકમેવ સર્વોચ્ચ સત્તાધીશનો આ જમાનો છે અને તેની અસર સાહિત્ય જગત પર પણ ફરી વળી છે. લેખકો પણ તેનાથી પર રહી શક્યા નથી. તેવે ટાંકણે લિયો તોલ્સ્તોયની વિચારધારાને

---

બાઈબલની કેડીએ જ 'અન ટુ ધિસ લાસ્ટ'નો ધોરી માર્ગ ચીંધ્યો છે ને. પણ આ જે મિક, આ જે દીનહીન, તે ઇન્હેરિટ ક્યારે કરી શકે, ક્યાં કરી શકે, કેમ કરી શકે. ભાઈ, સાદો હિસાબ છે કે તમારું શાસનવિધાન સ્વતંત્રતા અને સમાનતા પર મંડાયેલું હોય તો અને ત્યારે. બધું ઈશ્વરનું છે, ઈશાવાસ્યમ્ ઈદમ્ સર્વમ્ તે કબૂલ. પણ થોરો - તોલ્સ્તોય - ગાંધીનો સિવિલ નાફરમાનીનો સવાલ એ છે કે આ જગત ઈશને રહેવા લાયક (આવાસ્ય) છે ? ન હોય તો બનાવવા તત્પર છો ? બધે જ ઈશ્વરનો વાસ (રાજ્ય) છે એવી 'ઈશાવાસ્યમ્'ની વૈયક્તિક - આધ્યાત્મિક અનુભૂતિએ ન અટકતાં દુનિયાને 'આવાસ્ય' કરવાની વાત આ તો છે.

આટલું બોલતાં (વાંચતા) પ્રકાશભાઈના હાથમાંથી કાગળિયાં સરી પડ્યા હતાં અને ઠેઠ ગુજરાતી ઢબછબમાં કહી શકાય એવી અંગ્રેજીમાં એમણે છુટ્ટે મોંએ અને એમની લાક્ષણિક ઢબે છુટ્ટે હાથ ચલાવવા માંડ્યું હતું :

વૈશ્વીકીકરણ અને ઉદારીકરણના આ દોરમાં સામાન્ય માણસ ઉત્તરોત્તર હાંસિયામાં મૂકાતો વરતાય છે ત્યારે તોલ્સ્તોય ને ગાંધીએ ઉઠાવેલા પ્રશ્નો કદાચ વધુ પ્રસ્તુત બને છે. એક પા અંધાધૂંધ માર્કેટ પરિબળો ગાંડાતૂર અનુભવાય છે તો બીજી પા ફૂંગરેલ-ફુગાવેલ (સેકસ્ડ અપ) રાષ્ટ્ર-રાજ્ય વાદો મત્ત મહાલે છે અને સંગઠિત ધર્મો - ને આતંકવાદ ? પૂછશો જ મા. કદાચ, તેમના સમયમાં નહીં તેટલી આપણા સમયમાં થોરો, તોલસ્તોય, ગાંધીની તાકીદ છે. બસ, હવે આડાં બે જ વરસ છે, અને તોલ્સ્તોયના મૃત્યુનું શતાબ્દી વર્ષ આવશે - ૨૦૦૯-૧૦. પૂરી નમ્રતા ને સર્મિપતતા સાથે - ચાલો, આપણે થોરો, તોલસ્તોય, ગાંધી પાસે જઈએ અને કાર્ડિનલ ન્યૂમેનના વિશ્વપ્રસિદ્ધ સ્તવનમાં વ્યક્ત થયેલા હૃદયભાવપૂર્વક કહીએ કે 'લીડ અસ કાઈન્ડલી લાઈટ' (પ્રેમળ જ્યોતિ તારો દાખવી મુજ જીવનપંથ ઉજાળ.) અને એ પ્રેમળ જ્યોત જો આપણને 'યુનિવર્સલ લવ' કને નહીં લઈ જાય તો કોણ લઈ જશે.'

એર્માકોફે ટૂંકી અધ્યક્ષીય ટિપ્પણીમાં વક્તાને 'ભારતીય પંડિત' તરીકે બિરદાવ્યા અને કહ્યું કે ખ્રિસ્તમત અને તોલ્સતોયના એમનાં અર્થઘટન આપણાં કરતાં જુદાં પડતાં હોય તો પણ એમનું વક્તવ્ય આપણે સારું વિચારણીય અવશ્ય છે.

**(૮ સપ્ટેમ્બર ૨૦૦૭; મૂળ અંગ્રેજી પરથી)**

અગત્ય આપી, તમે અહીં એકત્ર થાઓ તે મોટી વાત બને છે; અને તેને કારણે હું તમને દરેકને સલામ કરું છું. આ વિપરીત પરિસ્થિતિને કારણે આવી બેઠકો ભરવી અઘરી બને ત્યારે તમે સૌ આવી બેઠકોની સફળતા ઊભી કરો છો. સારું લાગે છે. તમને દરેકને અભિનંદન.

અમે અહીં યાત્રાએ આવ્યા છીએ. લિયો તોલ્સ્તોયનું સાહિત્ય, લિયો તોલ્સ્તોયે પ્રબોધેલા વિચારોનું અમને ઘેલું છે. તેની અસર અમારા પર છે. અમારા આદર્શપુરુષ મહાત્મા ગાંધી પર તોલ્સ્તોયની ભારે અસર રહેવા પામી છે.

આ અને આવી ભૂમિકા સાથે, હવે, 'બાળ-કેળવણીમાં સદાચારી મૂલ્યોનું મહત્ત્વ' વિષે મારી રજૂઆત કરીશ.

સદાચાર અને નીતિ, અલબત્ત, દરેક સમાજમાં જોવા મળે છે. પોતાના અંતિમ સમયગાળા વેળા તોલ્સ્તોયે પણ આ બાબતની વિગતે વિચારણા કરી છે અને લખી છે. કાલ્પનિક કથાઓનો સ્વીકાર એ કરી નહોતા શકતા. તે જ રીતે આપણા ધર્મગ્રંથોમાંથી મનઘડત તારણો ખેંચી કાઢી પ્રચારક બનતા દાંભિકો પ્રત્યે પણ એમને કટુતા રહેલી. હા, આને કારણે એમની આલોચના કરવામાં આવેલી અને એમને સહન કરવાનું પણ આવેલું. હા, વળી, એમને ધર્મબહિષ્કાર પણ વેઠવો પડેલો છે. પરંતુ એ છતાં એ ક્યારે ય ચ્યૂત થયા નહોતા. એ પોતાની વાત સતત પણ કહેતા રહ્યા, લખતા રહ્યા તેમ જ ચર્ચાવિચારણામાં મૂકતા રહ્યા.

અમેરિકી નિબંધકાર, કવિ અને દાર્શનિક રાલ્ફ વાલ્ડો એમરસન (૨૫ મે ૧૮૦૪ - ૨૭ એપ્રિલ ૧૮૮૨), અમેરિકી કવિ, તત્ત્વવેત્તા, લેખક હેન્રી ડેવિડ થૉરો (૧૨ જુલાઈ ૧૮૧૭ - ૬ મે ૧૮૬૨), અંગ્રેજ દાર્શનિક, કળા-વિવેચક અને કવિ જ્હોન રસ્કિન (૮ ફેબ્રુઆરી ૧૮૧૯ - ૨૦ જાન્યુઆરી ૧૯૦૦), તમારા આ મહા ઋષિ લેવ નિકોલાયેવિચ તોલ્સ્તોય (૯ સપ્ટેમ્બર ૧૮૨૮ - ૨૦ નવેમ્બર ૧૯૧૦) તેમ જ અમારા પેલા મહાત્મા, મોહનદાસ કરમચંદ ગાંધી(૨ ઑક્ટોબર ૧૮૬૯ - ૩૦ જાન્યુઆરી ૧૯૪૮)એ આપણને આ ક્ષેત્રે અગત્યનું માર્ગદર્શન કરેલું જ છે. આ દરેકે વાણી અને વર્તનમાં ભેદ કર્યો જ નહીં. જે વિચારતા, તેમ લોકો સુધી તે પહોંચાડતા અને પાછું તે અનુસાર જીવન પણ જીવતા રહ્યા. આ બધામાં, ગાંધી એક ડગલું આગળ નીકળી ગયેલા. કેમ કે એ કર્મશીલ હતા. પોતાના વિચારો, કોમ વચ્ચે લોકો સુધી, પહોંચાડવા માટે એમણે ઘણો દાખડો કરેલો. પ્રથમ પહેલાં એ દક્ષિણ આફ્રિકે ઝઝૂમ્યા અને ત્યાં તેમનું કામ ચાર ચાસણી સોજ્ઝું નીવડેલું. અહિંસાની અણનમ તાકાતના એ ત્યાં અદ્વિતીય ધણીધોરી પૂરવાર બન્યા. ત્યાર બાદ, સન ૧૯૧૫ પછી, એ હિંદ પહોંચ્યા અને ત્યાં કાયમી નિવાસ કર્યો.

એમના આ કર્મશીલ જીવને, એમનાં વિચારદર્શને, એમનાં લખાણે તેમ જ એમની રજૂઆતોએ નવી હવા ઊભી કરેલી. આ દરેક ભારત ભરમાં અગત્યની ભૂમિકા ભજવતા થઇ ગયેલા.

ભારતના સંદર્ભમાં, 'પંચ તંત્ર'ની વાર્તાઓનું અગત્યનું સ્થાન છે. સૈકાઓથી આ વાર્તાઓ અમારા સમાજમાં સદાબહાર વહેતી રહી છે. યુગોથી આ વાર્તાઓનું સ્થાન ભારતમાં અજબગજબનું રહ્યું છે. ઉપર તળે આખા



દયાનંદ સરસ્વતી




રામકૃષ્ણ પરંહંસ



સ્વામી વિવેકાનંદ



ગુરુદેવ રવિ ઠાકુર



મહર્ષિ અરવિંદ

મુલકમાં લોકો આ વાર્તાઓ કહેતા રહ્યા છે અને ઘરેલુ તેમ જ જાહેર જીવન માટે તેનાં ઓઠાં ઉપયોગમાં લેવાતાં આવ્યાં છે. પછીના વરસોમાં, 'હિતોપદેશ'ની વાર્તાઓએ પ્રવેશ કર્યો. પશ્ચિમના વાતાવરણમાં, કદાચ, આપણે સૌ તેને 'ઈસપ્સ ફેબલ્સ' તરીકે પહેચાનીએ છીએ. વળી, અમારાં મહાકાવ્યો - 'રામાયણ' તથા 'મહાભારત"માંની વાર્તાઓ પણ સમય જતાં અમારા સમાજમાં અગત્યની બનતી રહી. આવી બીજી વાર્તાઓ અને તેની વાચનાઓ પણ મહત્ત્વ ધારણ કરતી આવી. આપણે જોયું છે તેમ, એક પા, એક સમે ગાંધીની અસર સમૂળા દેશ પર છવાયેલી રહી, તો બીજી પા, ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરની ય બોલબાલા થવા માંડેલી. આ સમે રામકૃષ્ણ પરમહંસ, દયાનંદ સરસ્વતી, સ્વામી વિવેકાનંદ, મહર્ષિ અરવિંદ સમા અનેક મહારથી વચ્ચે ગાંધી અને રવિ ઠાકુરની યુતિએ ભારતને ઘડવામાં મહત્તર ફાળો આપેલો છે. રવિ ઠાકુરનાં ગીતો, એમનું સંગીત, એમનું સાહિત્ય અનુપમ જ રહ્યાં છે, પરંતુ તેમનાં નિબંધો, તેમના વિચારો, કેળવણી માટેનું એમનું દર્શન અને 'શાન્તિનિકેતન' સરખી સંસ્થાની રચનાએ અમારે મુલક નવી હવા પેદા કરેલી. અનેક બાળકો, અનેક યુવાનો માટે 'શાન્તિનિકેતન' અગત્યની પીઠિકા પૂરવાર થઈ છે. ભારતીય સમાજની સિકલ ફેરવવા માટે તે એક આગવી પ્રયોગશાળા સાબિત બની છે.

આપણે અહીં પૂર્વ ભારતની વાત કરી. હવે આપણે પશ્ચિમ ભારત પરે દૃષ્ટિ કરીએ. અને ત્યાં ગુજરાત સ્પષ્ટપણે નજરે ચડે છે. આ યુગમાં ગાંધી ઉપરાંત, ગિજુભાઈ બધેકા, તારાબહેન મોડક, હરભાઈ ત્રિવેદી, નાનાભાઈ ભટ્ટ સરીખાં ઊંચાં ગજાંનાં લોકોનું તપ જોવા મળે છે. ગિજુભાઈએ તે ચીલાચાલુ શિક્ષણપ્રથાની તોલે નવી પ્રથા દાખલ કરી. માદામ મારિયા મોન્તેસોરીએ દીધી પરિકલ્પના અનુસાર કેળવણી એમણે દાખલ કરી અને તેને વરી, નખશિખ વળગી રહ્યા. આઠનવ દાયકા પહેલાં એમણે અને સાથીદારોએ જે તપ કર્યું તેને કારણે અનેક બાળકો, યુવાનો, પરિવારો પાણીદાર બન્યાં. તેને કારણે ગુજરાતને જોમવંત બાળસાહિત્ય પણ મળ્યું. આ કેળવણીમાં માદામ મોન્તેસરીની અસર તો ભાળીએ જ છીએ, પણ તેની પાછળ ચાલકબળ તો ગાંધીનું રહેલું, તે સ્પષ્ટ સમજાય છે. આ સૌની કેળવણીના પાયામાં સદાચાર તેમ જ નીતિશાસ્ત્ર, અલબત્ત, હતાં જ હતાં. તારબહેન સંગાથે ગિજુભાઈએ ૧૯૨૫ના અરસામાં, 'નૂતન બાળ શિક્ષણ સંઘ'ની રચના કરેલી. કહે છે કે ગાંધીને ૧૯૧૫ના અરસાથી મોન્તેસરી શિક્ષણપ્રથામાં રસ હતો. ૧૯૩૧માં લંડન ખાતેની એમની જ એક સભામાં પણ ગાંધીએ તેની અગત્ય પિછાણી રજૂઆત કરેલી તેવી નોંધ વાંચવા મળે છે.

આવું દક્ષિણ ભારતમાં પણ બનેલું. ડૉ. જ્યોર્જ અને રુક્મિણી અરૂન્ડેલની સંસ્થામાં ય જોવા સાંપડે છે. ૧૯૩૯ના અરસામાં મારિયા મોન્તેસરી ભારતની મુલાકાતે આવેલા અને દેશભરમાં ફરી વળેલાં, તેને કારણે શિક્ષણક્ષેત્રે એક પ્રકારની નવી હવા પેદા થયેલી. નવું વાતાવરણ આવ્યું અને બાળકો અને યુવાનોનાં શિક્ષણમાં નવું જોમ પણ આવ્યું.

અમારા ગુજરાતના આ દૂરંદેશ બાળકેળવણીકાર ગિજુભાઈ બધેકાએ તો પછી એકમેકથી ચડિયાતી બાળાવાર્તાઓ આપી. દરેક વાર્તામાં સદાચાર ભળતો, નીતિશાસ્ત્ર ઝવતો રહેતો. આજે પણ આ વાર્તાઓ અનેકોને માટે ચોટદાર તેમ જ રોચક

છે. આ વાર્તાઓ વાટે અનેક પેઢીઓનું સિંચન થયું છે. આવી વાર્તાઓને આજની કેળવણીમાં ફેર સ્થાન મળે તો આજના સમાજની કેટલી બધી મુશ્કેલીઓને નિવારી શકાય તેમ છે. આ સઘળી વાતો લોકપ્રિય છે અને આજે ય તેનું પારાવાર મૂલ્ય છે.

અને પછી બીજા કેટલાકોની સાથે રમણલાલ સોની, હરિપ્રસાદ પંડયા અને જીવરામ જોશી પણ આવ્યા. આ દરેકે સરસ મજેદાર બાળવાર્તાઓ આપી છે. આમાંની ઘણી લોકપ્રિય વાર્તાઓ બની છે. તેમાં ય બકોર પટેલ અને શકરા પટલાણીની ઢગલાબંધ વાર્તાઓનો જોટો, કદાચ, વિશ્વ બાળવાર્તાઓમાં ય મેળવવો કઠિન સાબિત થઈ શકે છે.

આ પહેલાં રવીન્દ્રનાથ ટાગોરની વાત અને એમનાં કામોની વાતનો ઈશારો કરેલો જ છે. ગુજરાતમાં, એક બાજુ સુરત પાસે રાનીપરજ વિસ્તારમાં જુગતરામ દવેએ અને ભાવનગર અને તેની ચોપાસ નાનાભાઈ ભટ્ટે શિક્ષણને ક્ષેત્રે ઇતિહાસ સર્જી બતાવ્યો છે. કેળવણી ક્ષેત્ર માંહેના એમના નવતર પ્રયોગોએ નવી હવા પેદા કરેલી. બંને વ્યક્તિઓ અમારા માહોલમાં જીવતી જાગતી પ્રયોગશાળાઓ હતી. અને એમણે અમારા યુવાધનને વાળવામાં બળવત્તર કામ કરેલું છે. ગાંધીવિચાર અને પાયાની કેળવણીના અનેક પ્રયોગો કેળવણીના આ મથકોમાં થતા રહેલા અને તેને કારણે સદાચારી અને નીતિમત્તાવાળું નવયૌવન જાગૃત થયા કરેલું. અહીં કેળવણીની તરાહ અલગ શી હતી. કૃષિ તથા કૃષિ આધારિત ગ્રામોદ્યોગોને અભ્યાસક્રમમાં કેન્દ્રગામી અગત્ય મળેલાં અને તેને કારણે ગામડાંઓના બનેલા અમારા દેશને નવું જોમ મળતું થયેલું. જુગતરામ દવે તેમ જ નાનાભાઈ ભટ્ટ ઉપરાંત, ચુનીભાઈ શાહ, મૂળશંકર ભટ્ટ, મનુભાઈ પંચોળી, નટવરલાલ બૂચ, ચુનીભાઈ ભટ્ટ, મનસુખલાલ જોબનપુત્રા, ડોલરરાય માંકડ જેવા જેવા અનેકોએ મુલકની સિકલ બદલવા રાતદહાડો જહેમત ઉઠાવેલી; અને એમની મહેનત લેખે પણ લાગેલી છે.

વિચારજો, મિત્રો, પ્રજાસત્તાક ભારતના ત્રીજા રાષ્ટ્રપતિ, ડૉ. ઝાકીર હુસૈન આવી પરંપરાના જ ફરજંદ હતા. એમની પેઠે વર્ધામાં રહી 'હિન્દુસ્તાન તાલીમ સંઘ' ચલાવનાર ડૉ. ઈ. ડબલ્યૂ. આર્યનાયકમજીએ પણ પાયાની કેળવણી ક્ષેત્રે બહુ મોટો ફાળો આપેલો. આ અને આવાં અનેક લોકોને કારણે કેળવણીમાં નવું વાતાવરણ પેદા થઈ શકેલું. સદાચાર અને નીતિશાસ્ત્રનાં તાણાંવાણાં આ ક્ષેત્રે નવી છાપ મૂકતાં ગયાં છે.

અને આટલું કમ ન જાણજો; આ પહેલાં મેં ગૂજરાત વિદ્યાપીઠની જિકર કરેલી જ છે. સન ૧૯૨૦ના અરસામાં, મહાત્મા ગાંધીએ ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના કરી હતી. તેને સારુ એક સૈકા માટે ફક્ત દસકો જ ખૂટે છે. આટઆટલાં વરસોથી કેળવણીની આ સંસ્થા અસ્તિત્વમાં છે અને સક્રિયપણે કામ પણ કરે છે. ગાંધીવિચાર પ્રમાણે ચાલતી કેળવણીની આ એક ભારે અગત્યની સંસ્થા છે. રવીન્દ્રનાથ ટાગોરે સ્થાપેલી શાન્તિનિકેતનની પેઠે આ પણ ભાતીગળ સંસ્થા છે. તમે ક્યારેક ભારત જાઓ ત્યારે આ સંસ્થાની તમે મુલાકાત લેવાનું જરૂર રાખજો, તમને ગમશે.




માદામ મારિયા મોન્તેસોરી



'મૂછાળી મા' યાને કે ગિજુભાઈ બધેકા



નૃસિંહપ્રસાદ કાલિદાસ ભટ્ટ



જુગતરામ ચીમનલાલ દવે

નિ:શંકપણે, અમારાં બાળકો અને યુવાનોનાં શિક્ષણમાં સદાચાર તથા નીતિશાસ્ત્રને આવરી લેવામાં આવે તે જોવા ગાંધી હકીકતે સફળ રહ્યા હતા. પોતાના ઠોસબધ્ધ સાંસ્કૃતિક વારસા સિવાય પશ્ચિમે પણ ગાંધીના વિચારોનું ઘડતર કરેલું છે. અને તેમાં બાયબલ, યુનાઈટેડ સ્ટેટ્સ ઑવ્ અમેરિકાના એમરસન તથા થૉરો, યુનાઈટેડ કિંગ્ડમના જહોન રસ્કિન તેમ જ ખુદ તમારા મુલકના લેવ તોલ્સ્તોયનો ય બહુ મોટો ફાળો છે. ગાંધી વાટે પણ આ દરેકની અમારા ઉપર ધ્યાનાકર્ષક અસર પેદા થયેલી છે. આ પહેલાં કહ્યું છે તેમ, ગાંધીની સફળતાનાં મૂળ એમની સક્રિયતામાં જોવાનાં સાંપડે છે. એ છેવટ સુધી કર્મશીલ હતા અને તેને કારણે ઘણી મોટી અસર ઊભી કરી શકેલા. પરિણામે, એમને અનેક સાથીસહોદરો અને અનુગામીઓનો સાથ સહકાર મળતો રહેલો. અને તેને કારણે બહુ મોટું જાણે કે આંદોલન પેદા થઈ શકેલું. વળી, નાના નાના અનેક લોકો, હજારોની સંખ્યામાં, એમની સાથે જોડાયેલા રહ્યા હતા. આજે પણ તમને આ જોવા મળે. આમ એમની અસરનો પટ મહાસાગર સમો વિશાળ જોવા અનુભવવાનો મળે છે.

જો કે હવે સમય બદલાયો છે. આંધળા ઔદ્યોગિકરણ, વૈશ્વીકરણ, ગ્રાહકવાદ, આતંકવાદ, ગુનાઓનું રાજકારણ અને શાસન પરની બહુ જ મોટી તાબેદારી વચ્ચે આજકાલ આપણે જીવવા આરો આવ્યો છે. અને પરિણામે, આથી, અનેક પ્રકારના કોયડાઓ ઊભા થયા છે. ગ્રામજીવન અવળે માર્ગે ફંટાઈ ચાલ્યું છે. નગરજીવનની વધારે પડતી બોલબાલા ઠોકાઈ છે. કૃષિ આધારિત ગૃહઉદ્યોગો રફદફે થઈ રહ્યા છે. કુટુમ્બવ્યવસ્થા તૂટતી રહી છે. આરંભે બહોળું કુટુમ્બ હતું અને તેમાંથી એકમ આવી બેઠું. હવે તેનાથી ય આગળ નીકળી ગયા છીએ અને હવે ખુદવફાઈ સિવાય કાંઈ વર્તાતું જ નથી. આ 'હું'વાદ વકરતો ચાલ્યો છે. આ સઘળું ચિંતા જગાવતું ચિત્ર છે.

બીજી પાસ જોઈએ તો ધર્મ પણ માર્ગ અને ભાન ભૂલતો જાય છે. અને તે ઉપરાંત, બીજી પાસ, ધર્મની સંસ્થાઓ સંસ્થાનમાં ફેરવાતી રહી છે અને તેની પકડ રોજ બ રોજ આકરી બનતી જાય છે.

જેમ જેમ શાસન પરનો મદાર વધતો ગયો છે તેમ તેમ, તેથી વિપરીત પરિસ્થિતિ વિશેષ વકરતી જાય છે. બાળકો અને તેમને કેળવણી આપતી સંસ્થાઓમાં વેપાર પેઠો છે. તેને કારણે શિક્ષણનું વેપારીકરણ થવા લાગ્યું છે અને વેપારઉદ્યોગનો પગપેસારો જામતો જતો જાય છે. શિક્ષણ પણ બજારની જ એક રૂખ હોય તેમ હવે વેપારની જણસ બનતી ચાલી છે.

આ વચ્ચે, ભલે, આપણે શું કરી શકીએ ?

કદાચ, જવાબ લિયો તોલ્સ્તોયનાં દર્શનમાં અને લખાણોમાં છે; ગાંધીનાં દર્શનમાં અને લખાણોમાં ય છે. આજે પણ તે સઘળાં પ્રસ્તુત છે જ છે. આપણાં સરીખાં લેખકો પર, આથીસ્તો, જવાબદારી વિશેષ આવે છે. આ વિષે વિચારવાનું, ઉચિત લખવાનું અને સતત કહેતા ફરવાનું આપણા પર હવે બહુધા નિર્ભર હોય તેમ લાગે છે. આપણી કવિતા, આપણી નવલિકાઓ, આપણી

# જ્યારે ‘પૂર્વાલાપ’ બન્યો કવિ કાન્તનો ‘ઉત્તરાલાપ’

• દીપક મહેતા



એ કવિને જિંદગી મળી માત્ર છપ્પન વર્ષની. તેમણે આપ્યો માત્ર એક કાવ્ય સંગ્રહ અને તે પણ નાના કદના માત્ર ૧૨૪ પાનાંનો. અને એ સંગ્રહમાં છે માત્ર ૭૮ કાવ્યો. અને તેમાંનાં અડધા ઉપરાંતનાં કાવ્યોને માટે તો કહેવું પડે કે ‘ઠીક છે. ભાઈ.’ પણ થોડાં કાવ્યો પહેલ પાડેલા હીરા જેવાં એવાં ઝગારા મારે કે નર્મદ પછીની આજ સુધીની ગુજરાતી કવિતામાં એ કવિને માનભર્યું સ્થાન મળ્યું છે. એ કાવ્ય સંગ્રહનું નામ ‘પૂર્વાલાપ’ અને તેના પૂંઠા પર કવિનું નામ છાપ્યું છે ‘મણિશંકર રત્નજી ભટ્ટ’. પણ કાવ્યપ્રેમીઓ તેમને ઓળખે છે ‘કવિ કાન્ત’ના નામે.

‘પૂર્વાલાપ’ કાવ્યસંગ્રહ અમદાવાદના ધિ યુનિયન પ્રિન્ટિંગ પ્રેસ કંપની લિમિટેડમાં શા. મોહનલાલ ચીમનલાલે છાપ્યો અને જીવનલાલ અમરશી મહેતાએ કર્તાને માટે પ્રગટ કર્યો. ૧૯૨૩ના જૂનની સોળમી તારીખે. એ જ દિવસે ગુજરાતથી દૂર, આજના પાકિસ્તાનમાં, ટ્રૈનમાં મુસાફરી કરતી એક સાવ અજાણી વ્યક્તિ તરીકે કવિ કાન્તનું અવસાન થયું. રતિલાલ વિઠ્ઠલદાસ ત્રિવેદીને હાથે લાહોરમાં કાન્તના અગ્નિસંસ્કાર થયા.

૧૯૨૩ના માર્ચની ૧૬મી પહેલાંના કોઈક દિવસે કવિ કાન્ત ભાવનગરથી કાશ્મીરના પ્રવાસે નીકળી ચૂકેલા. ૨૦મી માર્ચ સુધી અજમેર હતા. ત્રીસમી માર્ચ સુધીમાં આગ્રામાં રહી તાજમહાલ જોયેલો. ચૌદમી એપ્રિલે ઋષિકેશ હતા. પંદરમી મેએ શ્રીનગરથી લખેલા પત્રમાં ત્યાં બેત્રણ મહિના રહેવાનો ઈરાદો પ્રગટ કરે છે. જેમ જેમ પ્રવાસ લંબાતો ગયો તેમ તેમ પાસેના પૈસા ખૂટતા જાય છે. બીજી જૂને ટપાલટિકિટના ય પૈસા ન હોવાથી અનપેઈડ કાગળ મોકલી પૈસા મગાવે છે. એ કાગળમાં લખે છે: ‘રૂપિયા આવશે કે તરત હું આ સુંદર પણ દુષ્ટ માણસોથી વસેલો દેશ છોડી પાછો ફરીશ.’ પ્રવાસ દરમિયાન લખાયેલા છેલ્લા પત્રમાં ૧૯૨૩ના જૂનની છઠ્ઠીએ કવિ કાન્ત લખે છે : ‘ઈફ હાઉએવર આઈ ડાય હિયર, ગોડ બ્લેસ યુ ઓલ’. કવિ કાન્તનું અવસાન એક અજાણ્યા મુસાફર તરીકે થયેલું એટલે તેમના અવસાનના સમાચાર કુટુંબીજનોને ઘણા મોડા ઓગસ્ટના પહેલાં અઠવાડિયામાં મળ્યા. મૃત્યુ પહેલાં વર્ષો સુધી કવિ કાન્તે પૂરી એકનિષ્ઠાથી તત્કાલીન ભાવનગર રાજ્યની નોકરી કરી હતી. ૧૯૨૩ના ઑગસ્ટની ૨૧મીએ ભાવનગર રાજ્યની કાઉન્સિલ ઓફ એડમિનિસ્ટ્રેશન એક ઠરાવ કરી કાન્તના ‘શોકજનક, આકસ્મિક મરણની નોંધ દિલગીરી સાથે લે છે અને તેમની ઉત્તરક્રિયા કરવામાં તેમના વારસોને મદદ .... તેમને મળતા પગારની બે માસની રકમ એટલે રૂ. ૪૫૦, અંકે રૂપિયા ચારસો પચાસ રૂપિયા આપવાનું ઠરાવે છે.

હવે સ્થળ બદલાય છે. કાન્તના એક દીકરા જયંતકુમાર ભટ્ટ મુંબઈની એલ્ફિન્સ્ટન કોલેજમાં અભ્યાસ કરતા હતા ૧૯૨૩માં. ભણવા માટે હોસ્ટેલમાં રહેતા હતા. એ જ હોસ્ટેલમાં રહી, એ જ એલ્ફિન્સ્ટન કોલેજમાં એ જ વખતે અભ્યાસ કરતા હતા ચન્દ્રવદન ચીમનલાલ મહેતા. જયંતકુમારે બી.એ.માં ફિલસૂફીનો વિષય રાખેલો. ચન્દ્રવદનભાઈએ ગુજરાતી. પણ હોસ્ટેલના સહવાસને કારણે બન્ને વચ્ચે મૈત્રી. કાન્તના કાવ્યસંગ્રહ ‘પૂર્વાલાપ’ની નકલ એલ્ફિન્સ્ટન કોલેજના ગુજરાતીના અધ્યાપક નરસિંહરાવ દીવેટિયાને આપવા જયંતકુમાર ૧૯૨૩ના જૂનની છઠ્ઠીએ તેમને મળવાના હતા. નરસિંહરાવ આપણા મોટા ગજાના કવિ, વિવેચક, ભાષાશાસ્ત્રી. ૧૮૯૨ પહેલાં કવિ કાન્ત અને નરસિંહરાવ વચ્ચે પત્રવ્યવહાર નહીં. પ્રત્યક્ષ મળેલા પણ નહીં. ૧૮૯૨ની શરૂઆતમાં અમદાવાદથી મુંબઈ જતાં નરસિંહરાવ વડોદરા રોકાયેલા. રાજા રવિવર્માનાં ચિત્રો જોવા માટે. એ વખતે કાન્ત વડોદરાના ‘કલાભવન’માં કામ કરતા. રમણભાઈ નીલકંઠ દ્વારા નરસિંહરાવને કાન્તનો પરિચય પહેલી વાર થયો. ૧૮૯૨ના જાન્યુઆરીની નવમીએ. તે દિવસે પોતાની ડાયરીમાં નરસિંહરાવ નોંધે છે: ‘મણિશંકર પુસ્તકો વાંચનારા જબરા જણાય છે. તેમણે વાંચેલાનો પચાસમો ભાગ પણ મ્હેં નથી વાંચ્યો. મુખમુદ્રા મણિશંકરની ઘણી તેજસ્વી અને ઈન્ટલેક્ચ્યૂઅલ લાગે છે.’ પણ ઓગસ્ટની છઠ્ઠીએ જયંતકુમાર નરસિંહરાવને મળવા ન જઈ શક્યા, કારણ તે જ દિવસે તેમને કવિ કાન્તના અવસાનના ખબર આપતો તાર મળ્યો. એ અંગે બહારગામ જતાં પહેલાં તેમણે ‘પૂર્વાલાપ’ની એક નકલ નરસિંહરાવભાઈને આપવા સહાધ્યાયી મિત્ર ચન્દ્રવદનભાઈને આપી. બીજે દિવસે, સાતમી ઓગસ્ટે ચન્દ્રવદનભાઈએ એ નકલ એલ્ફિસ્ટન્ટ કોલેજમાં ક્લાસ વખતે નરસિંહરાવભાઈને આપી. સાથોસાથ કવિ કાન્તના અવસાનના સમાચાર પણ આપ્યા. ‘પૂર્વાલાપ’ની એ નકલ પર તેના પહેલાં પાને, નરસિંહરાવભાઈએ પોતાના હસ્તાક્ષરમાં ૧૯૨૩ના ઓગસ્ટની આઠમી તારીખે નોંધ લખી: “મણિશંકરનો પુત્ર જયંતકુમાર મ્હને આ પુસ્તક ભેટ આપવા માટે સોમવારે (તા. ૬-૮-૨૩) મ્હને કોલેજમાં મળવાનો હતો. તે જ દહાડે મણિશંકરના અચાનક કરુણાસંજોગી, મરણનો તાર તેને મળ્યો. તેથી મ્હને મ્હારા બી.એ. ક્લાસના વિદ્યાર્થી ચન્દ્રવદન ચીમનલાલ મહેતાએ એ પુસ્તક આણીને આપ્યું. સદ્‌ગત આત્માનું પ્રેમયુક્ત પણ શોકમિશ્રિત હૃદયથી સ્મરણ કરીને આ સ્વીકાર્યું. તા. ૮-૮-૨૩, ન. ભો.’

આમ, હકીકતમાં ‘પૂર્વાલાપ’ એ કવિ કાન્તનો ‘ઉત્તરાલાપ’ બની રહ્યો. ‘પૂર્વાલાપ’ની આ નકલ અનન્ય ગણાય, અમૂલ્ય ગણાય. યુરોપ કે અમેરિકામાં આવી નકલના હજારો ડોલર ઉપજે. પણ આપણે તો જૂનાં પુસ્તકોને પસ્તી માનનારા. જૂનાં પુસ્તકોની જાળવણીનું મહત્ત્વ આપણા મનમાં વસ્યું નથી. ભલભલી લાઈબ્રેરીઓ પણ કોઈ પુસ્તકની નવી આવૃત્તિ ખરીદે ત્યારે પહેલી આવૃત્તિની નકલ કાઢી નાખે છે. એટલે ‘પૂર્વાલાપ’ની આ અનન્ય નકલ જોવા મળે એવી તો આશા જ ક્યાંથી રખાય? પણ પેલા કવિએ કહ્યું છે ને કે ‘કંઈ લાખો નિરાશામાં અમર આશા છુપાઈ છે.’ ‘પૂર્વાલાપ’ અંગેની આશા અણધારી કઈ રીતે ફળી તેની વાત હવે જોઈએ

‘પૂર્વાલાપ’ વિષેનું મારું આ લખાણ વાંચીને એક અધ્યાપકે ફોન કરીને પૂછ્યું: બીજી બધી માહિતી તો જાણે સમજ્યા, પણ પૂર્વાલાપની જે નકલ નરસિંહરાવને ચન્દ્રવદને આપેલી તેના પર શું લખ્યું છે તે ક્યાંથી જાણ્યું?

---

નવલકથાઓ, આપણાં નિબંધોને આપણે સરાણે ચડાવવાં જ જોઈએ. તે પાસેથી કામ લેતાં શીખવું રહેશે.

આશરે ત્રણેક દાયકા ઉપરના સમયગાળાથી યુનાઈટેડ કિંગ્ડમમાં રહીને પ્રવૃત્ત રહ્યો છું. એ સઘળાં કામોને ધ્યાનમાં લઈ, પૂછી શકાય કે, આપણને સફળતા સાંપડી શકે તેમ છે કે ? કદાચ હા; કદાચ ના. પરંતુ આપણે તો વળી કોણ ન્યાય તોળવાવાળા ? આપણે લેખકોએ જ, આથીસ્તો, ઉત્પ્રેરક બનવાની આવશ્યક્તા છે. બાકી સઘળું પરિણામ, ચાલો, ઈતિહાસને હવાલે કરી દઈએ.

સૌ પહેલાં આપણા ખુદમાં નિષ્ઠા પાકી થવી જોઈએ. હા, મજબૂત નિષ્ઠા. ચાલો, આપણે આને જ આપણું જીવનલક્ષ્ય બનાવીએ.

છેવટે કહીશ, લિયો તોલ્સ્તોય, મહાત્મા ગાંધી આજે ક્યારે ય નહોતા એટલા પ્રસ્તુત છે. તે દાર્શનિકો ક્યારે ય કાળગ્રસ્ત બન્યા નથી અને બનશે પણ નહીં. ચૂક તો કદાચ આપણી છે; એમને સમજવામાં આપણે ચૂકીએ છીએ. માટે, ચાલો, આપણે આપણી જાતને જ પૂરી નિસ્બત સાથે એક મજબૂત ઠેલો આપીએ. … … કિરતાર સૌનું ભલું કરજો. … સ્પાસિબો.

**(૮ સપ્ટેમ્બર ૨૦૦૭; ત્રીજી બેઠકમાંનું વક્તવ્ય, મૂળ અંગ્રેજી આધારિત)**


**પાનબીડું :**

દરિયો કિનારાને તરસતો હશે
અમથો વરસાદ કાંઈ વરસતો હશે
હશે એને ય દર્દ કશુંક બહુ ભારે
મેઘો એટલે જ તો ગરજતો હશે.

**–‘બાબુલ’**

(૦૮ .૦૪. ૨૦૧૦, ક્રાઈસ્ટચર્ચ)

e.mail : vipoolkalyani.opinion@btinternet.com



જવાબ: સાવ અચાનક, અણધારી રીતે એ નકલ જોવા મળી. અને જોગાનુજોગ તો જુઓ: કવિ કાન્ત એલ્ફિન્સ્ટન કોલેજના વિદ્યાર્થી જયંતકુમાર ભટ્ટ અને ચન્દ્રવદનભાઈ પણ એ જ કોલેજના વિદ્યાર્થી નરસિંહરાવભાઈ એ જ કોલેજમાં ગુજરાતીના અધ્યાપક એમને 'પૂર્વાલાપ'ની નકલ ચન્દ્રવદનભાઈએ આપી તે પણ એ જ કોલેજમાં, ૧૯૨૩ના ઓગસ્ટની સાતમીએ. એ નકલ જોવા મળી ૨૦૧૦માં, ૮૭ વર્ષ પછી. કાગળ પીળો પડ્યો છે, પણ એકે પાનું ફાટ્યું નથી. હા, નકલનું બાઈન્ડિંગ ફરી કરાવાયું છે અને ત્યારે બાઇન્ડરે ત્રણે બાજુ છાંટ મારી છે તેથી પુસ્તકનું મૂળ કદ જરીક નાનું થયું છે ને નરસિંહરાવભાઈના લખાણના કેટલાક અક્ષરો કપાઈ ગયા છે. આજે એ નકલનું પહેલું પાનું જેવું છે તેવું અહીં મૂક્યું છે.

હવે એક જ ઘટનાના કથનમાં ખાસ કશા કારણ વગર, સહજ રીતે ફરક પડતો જાય છે તે જોઈએ. નરસિંહરાવ પોતાની રોજનીશીમાં ૭.૮.૧૯૨૩ને મંગળવારે લખે છે: 'કોલેજ: ચન્દ્રવદન વાત લાવ્યો મણિશંકર ભટ્ટ કાશ્મીરથી પાછા આવતે ૧૩મી જૂને ગુજરી ગયાનો તાર ગઈ કાલે છોકરાને મળ્યો. મિસ્ટિરિયસ હજી છે ખોટું!

'પૂર્વાલાપ'ની નકલ પર નોંધ કરી હોવા છતાં રોજનીશીમાં નરસિંહરાવ ચન્દ્રવદને નકલ આપી તેની નોંધ કરતા નથી! પણ કનૈયાલાલ મુનશીના 'ગુજરાત' માસિકમાં પ્રગટ થતી 'સ્મરણમુકુર' લેખમાળામાં ૧૯૨૩ના સપ્ટેમ્બર અંકમાં કાન્તને અંજલિ આપતા લેખમાં ફરી એ હકીકત નોંધે છે: 'હજી તો તેમનો પુત્ર જયન્તકુમાર 'પૂર્વાલાપ'ની ભેટ આપવાને મ્હારી કને આવનાર હતો. મ્હેં એ આવવાની વકી પણ રાખેલી, અને ઠરાવેલે દિવસે જ મણિશંકરના અવસાનનો તાર આવ્યો. જયન્તકુમારે મિત્ર દ્વારા પૂર્વાલાપનું પુસ્તક બીજે દિવસે મોકલ્યું, મ્હેં ગંભીર ભારભર્યા હૃદયથી તે સ્વીકાર્યું' આ લેખમાં નરસિંહરાવભાઈ ચન્દ્રવદનના નામનો ઉલ્લેખ ન કરે તે સમજી શકાય તેમ છે. કારણ ૧૯૨૩માં હજી ચન્દ્રવદન લેખક બન્યા નહોતા, માત્ર એલ્ફિન્સ્ટન કોલેજમાં નરસિંહરાવના એક વિદ્યાર્થી હતા.

રોજનીશીમાં નરસિંહરાવભાઈએ કાન્તના અવસાન અંગે બીજી પણ બે નોંધ લખી છે. ૧૦.૮.૨૩ના રોજ લખેલી નોંધ પ્રમાણે તે દિવસે મારવાડી વિદ્યાલયમાં કાન્ત અને મસ્ત કવિની શોકસભા યોજાઈ હતી. મુનશીની મોટરમાં મુનશી પોતે, લીલાવતી મુનશી અને નરસિંહરાવભાઈ તેમાં હાજરી આપવા ગયેલાં. નરસિંહરાવભાઈ લખે છે: 'સાડા છના શુમારે પહોંચ્યા. મુનશીને તથા મ્હને પ્લેટફોર્મ ]પર ચઢાવ્યા. ન્હાનાલાલે પ્રમુખસ્થાને આવતાં મુનશી તથા મારી જોડે બહુ ભાવથી હાથ મેળવ્યા ... અંજારિયાએ આવીને મ્હને કહ્યું : દુ:ખ પ્રદર્શનનો ઠરાવ આપે રજૂ કરવો એમ સર્વની ઈચ્છા છે. આપ આવ્યા છો તેથી ... હું બોલ્યો. દશેક મિનિટ કરતાં વધારે બોલ્યો. મણિશંકરની રસિકતા, હૃદયની ઉદારતા ઈત્યાદિ ખાસ ગુણો વિશે મ્હેં કહ્યું...મુનશી બોલવા ઊભા થયા.

એક વાત હેમણે એવી કહી કે નવીન કવિતાના યુગનો આરંભ મણિશંકરથી થયો. એક બાજુ નરસિંહરાવ બેઠા છે ને બીજી બાજુ ન્હાનાલાલ બેઠા છે. છતાં હું આમ કહું છું. (આ ઐતિહાસિક અસત્ય હતું. ભલે.)' ફરી ૧૪.૮.૨૩ના રોજ નરસિંહરાવભાઈ રોજનીશીમાં લખે છે: 'ચર્ચગેટ સ્ટેશને ગગન (ગગનવિહારી મહેતા લેખક, ભારતના અમેરિકા ખાતેના રાજદૂત પછીથી થયેલા તે) મોટરમાં બેસતો હતો તેણે મ્હને દીઠો ને જોડે લીધો. મણિશંકર ભટ્ટના મરણ બાબત વિશેષ સમાચાર મળેલા કહ્યાં. રાવલપિંડીથી આવતાં તાવ બહુ હતો. સ્ટેશન માસ્તરે થોભવાનું કહ્યું છતાં ના માન્યું. લાહોર સ્ટેશને શબ પોલીસે દીઠું. છબી પાડી લઈને મોકલી છે. નવાઈ માત્ર એ કે ૧૬મી જૂનથી આજ સુધી પોલીસે ખબર ના આપી.' કાન્તના મૃતદેહના જે ફોટાનો નરસિંહરાવભાઈ અહીં ઉલ્લેખ કરે છે તે ફોટો મેળવીને .... અંજારિયાએ તેમના પુસ્તક 'કાન્ત વિષે'માં છાપ્યો છે. પોતાના પુસ્તકમાં ભૃગુરાય એવી પણ માહિતી આપે છે કે છેલ્લી મુસાફરીમાં કાન્ત સાથે એક બાવો પણ હતો. તે કાન્તના મૃત્યુ પછી અલોપ થઈ ગયો હતો. કાન્તના મૃતદેહ પરથી માત્ર દોઢ રૂપિયા જેવી નજીવી રકમ મળી હતી. બાકીના પૈસા પેલો બાવો લઈ ગયો હશે. (કાન્ત વિષે પા. ૧૦૬).

હવે જોઈએ વર્ષો પછી ચન્દ્રવદન મહેતા પોતાની આપકથા 'બાંધ ગઠરિયાં'(ભાગ ૨)માં આ ઘટનાની વાત કઈ રીતે કરે છે તે. ચન્દ્રવદનભાઈ લખે છે. 'કોલેજના એક અંધારિયા ઘોંચલા જેવા ખૂણામાં ગુજરાતીનો એ વર્ગ (વર્ગ એટલે પાંચછ જણાનો) બેસતો. ત્યાં નરસિંહરાવ હંમેશ પ્રમાણે હાથમાં મોટી બેગ લઈ, રેઈનકોટ પહેરી આવ્યા. રેઈનકોટ ને હેટ બાજુએ મૂકી ખુરશી પર બેઠા, અને ડાયરી ખોલી કંઈક ટપકાવવું શરૂ કર્યું ... મેં જરા ઠાવકાઈથી કહ્યું : 'સાહેબ! કાન્ત ગુજરી ગયા!' હેં! શું? મણિશંકર? કોણે કહ્યું? શું થયું?' ટૂંકમાં મેં જણાવ્યું કે એમના પુત્ર જયન્તકુમાર પર તાર હતો કે કાન્ત કાશ્મીરથી પાછા ફરતાં ટ્રેનમાં જ અચાનક અવસાન પામ્યા.' પણ, જયન્તકુમાર તો હમણાં જ મને પૂર્વાલાપ આપવા ... પણ હવે પૂર્વાલાપ શેનો, એ તો ...'

આગળ બોલી જ ન શક્યા. એમનું ગળું રુંધાઈ ગયું.

નોંધવા જેવી બાબત એ છે કે જયન્તકુમાર વતી પોતે પૂર્વાલાપની નકલ નરસિંહરાવભાઈને તે દિવસે આપી એ વાત ચન્દ્રવદનભાઈ અહીં જણાવતા નથી. ગળું રુંધાઈ ગયું તેથી નરસિંહરાવભાઈ જે શબ્દ બોલવા માગતા હતા પણ બોલી શક્યા નહીં તે શબ્દ કદાચ હતો 'ઉત્તરાલાપ' કાન્તના કાવ્યસંગ્રહના પ્રકાશનનો ઈતિહાસ પણ રસપ્રદ છે.

કવિ કાન્તના અવસાન પછી મુંબઈમાં શોકસભા મળી હતી તે અંગે નરસિંહરાવ દીવેટિયાએ પોતાની રોજનીશીમાં લખેલી નોંધ આપણે અગાઉ જોઈ છે. તેમાં નરસિંહરાવભાઈ માત્ર મુનશી, લીલાવતીબહેન, કવિ નાનાલાલ અને પોતાનો ઉલ્લેખ કરે છે. આ જ શોકસભા અંગે વર્ષો પછી 'બંધ ગઠરિયા'ના બીજા ભાગમાં ચન્દ્રવદન મહેતા આ પ્રમાણે લખે છે: "દસમી ઑગસ્ટ ૧૯૨૩ને રોજ મારવાડી વિદ્યાલય(મુંબઈ)માં 'કાન્ત'ની શોકસભા મળી. એને આગલે દિવસે રાત્રે કવિ નાનાલાલ ઠાકોરદ્વાર પર અમારે ત્યાં જમવા આવેલા, ત્યારે એમના મનમાં પણ કાન્ત જ ઘોળાયા કરે. બીજા દિવસની સભામાં પ્રમુખસ્થાને પણ નાનાલાલ કવિ ને હાજરમાં (બલવંતરાય) ઠાકોર, નરસિંહરાવ, મુનશી, લલિત, માવજી ગોવિંદજી, મસ્તફકીર બધા જ બોલ્યા. ૧૯૨૩ની એ સભા પછી એક પણ સભામાં નાનાલાલ, નરસિંહરાવ, ઠાકોર ને મુનશી સાથે મળ્યા ને બોલ્યા હોય એમ મને તોય યાદ નથી' આમાં સૌથી વધુ ધ્યાનપાત્ર તો ચન્દ્રવદનભાઈએ છેલ્લે કરેલી ટકોર છે. પણ તે ઉપરાંત બીજી એકબે વાત નોંધવા જેવી છે.

બળવંતરાય ઠાકોર કાન્તના નિકટતમ મિત્રોમાંના એક, સભામાં તેઓ હાજર હતા અને બોલેલા પણ ખરા, છતાં નરસિંહરાવભાઈ રોજનીશીમાં તેમના નામનો ઉલ્લેખ સુદ્ધાં નથી કરતા. તો ગુણપક્ષે એ વાત પણ નોંધવી જોઈએ કે એ વખતે આપણા સાહિત્યમાં આવાં મોટાં માથાં પણ જાહેર કાર્યક્રમોમાં સ્વેચ્છાએ હાજરી આપતા. અગાઉથી બોલવાનું કહ્યું હોય તો જ કાર્યક્રમમાં જવાય એવો ચાલ જે આજે છે તે ત્યારે હજી શરૂ નહોતો થયો.

૧૯૨૩માં પ્રગટ થયેલી 'પૂર્વાલાપ'ની પહેલી આવૃત્તિની એક હજાર નકલ છપાયેલી. કાન્તનો એ પહેલો જ કાવ્ય સંગ્રહ હોવા છતાં નકલની કિંમત હતી બાર આના, એટલે કે આજના ૭૫ પૈસા. તેમાં કાવ્યો અને તેમની અનુક્રમણિકા સિવાય બીજું કશું છાપ્યું નથી. અનુક્રમણિકા પાસેથી કાવ્યસૂચિનું કામ પણ બીજું છે. કાવ્યો પુસ્તકમાં જે ક્રમે છાપ્યાં છે તે ક્રમે અનુક્રમણિકામાં નોંધ્યાં નથી, પણ કાવ્યોને શીર્ષકના વર્ણાનુક્રમે નોંધ્યા છે.

૧૨૪મે પાને છાપેલા 'છેલ્લું આલિંગન' કાવ્ય સાથે પુસ્તક પૂરું થાય છે. પુસ્તકને આરંભે પ્રસ્તાવના રૂપે કાન્તે એક અક્ષર પણ લખ્યો નથી તે જોઈ નવાઈ

# બ્રિટનની ૨૦૧૦ સામાન્ય ચૂંટણીઓ અને લઘુમતી સમાજ • ડાહ્યાભાઈ નાનુભાઈ મિસ્ત્રી

બ્રિટનની વસંતઋતુ અનોખું નયનરમ્ય વાતાવરણ સરજે છે. એના મસ્તીભર્યા આનંદમાં બ્રિટિશ મતદારોએ પણ રાજકારણમાં જુદું અનોખું વાતાવરણ સર્જવાનો ઈરાદો કર્યો હોય, એમ લાગે છે. એવા કોઈક મિજાજમાં, છઠ્ઠી મેની સામાન્ય ચૂંટણીઓમાં ત્રણ મુખ્ય રાજકીય પક્ષોને ત્રિશંકુ શી હાલતમાં ધકેલી મેલાયા હોય તેમ અનુભવવા મળે છે. કોઈ પણ પક્ષને બહુમતી મેળવવામાંથી બાકાત રાખવામાં આવ્યો છે. આમ સભા (હાઉસ ઑવ્ કૉમન્સ) માટે કુલ ૬૫૦ સાંસદો ચૂંટવાના હોય છે. પરિણામ જોતાં, રૂઢીચુસ્ત (ટૉરી) પક્ષના ૩૦૬ ઉમેદવારો ચૂંટાયેલાં જાહેર થયેલાં. તેર તેર વરસથી સત્તાનો દોર સંભાળતા મજૂર (લેબર) પક્ષને ૨૫૮ બેઠકો સાંપડી હતી. તેની મોટી હાર એટલે લગભગ ૧૦૦ જેટલાં નવાં અને જૂનાં ઉમેદવારો ચૂંટણીમાં હારી ગયેલાં. લિબરલ ડેમોક્રેટ પક્ષની જોરદાર ઝુંબેશ રહી છતાં તેને માત્ર ૫૮ સાંસદોથી જ સંતોષ મનાવવો રહ્યો.

ચૂંટણી પ્રચારના દિવસોમાં લિબરલ ડેમોક્રેટ પક્ષની જોરદાર ઝુંબેશ રહેવા પામી હતી. એવી આશા ય બંધાતી આવી હતી કે આ પક્ષ જે ૧૯૨૦ સુધી રાજકારણમાં પહેલું યા બીજું સ્થાન ધરાવતો હતો, તે આ ફેરે ઐતિહાસિક પક્ષ - લેબર પક્ષ સામેનું જૂનું વેર વાળશે અને ૧૦૦થી વધારે સાંસદો મેળવી તેનું પુનઃ સ્થાન, ખોવાયેલું સ્થાન પ્રાપ્ત કરશે. એ આશાઓ - અપેક્ષાઓ પર મતદારોએ પાણી ફેરવી દીધું. અને ૨૦૦૫ની સાર્વત્રિક ચૂંટણીઓમાં જે ૬૨ સાંસદોની સંખ્યા હતી, તેમાં ચારનો તેણે ઘટાડો અનુભવ્યો.

અને એમ છતાં, ૧૧મી મેના રોજ મિશ્ર સરકાર રચાઈ તેમાં ટૉરી પક્ષ અને લિબરલ ડેમોક્રેટ પક્ષનું જોડાણ થયું અને તે ૫૮ સાંસદો, ટૉરીનાં ૩૦૬ સાથે જોડાઈ સત્તા મેળવવામાં સફળ બન્યાં. પક્ષનાં ૨૩ સભ્યોને ડેવિડ કેમરૂન પ્રધાનમંડળમાં સ્થાન મળ્યું તેમ જ પક્ષના આગેવાન નીક ક્લેગને નાયબ વડા પ્રધાન નીમવામાં આવ્યા. આ ગઠબંધન સરકાર રચાઈ એ પણ ઐતિહાસિક છે, પણ સાથે સાથે તે ચર્ચાસ્પદ પણ બની છે. એમ છતાં, ટૉરી પક્ષે તેર તેર વરસો પછી તેમ જ લિબરલ ડેમોક્રેટ પક્ષે આઠનવ દાયકા બાદ સત્તા હાંસલ કરી, તેના ઉત્સાહ અને ઉલ્લાસ બંને પક્ષોના સભ્યોમાં જોવાના મળે છે.

લાગે છે તો એવું કે લઘુમતી સમાજને સારુ, બ્રિટિશ મતદારોએ પોતાનો ઉદાર મિજાજ બતાવ્યો. સાબિત કરી આપ્યું કે બ્રિટિશ પ્રજા સહિષ્ણુ છે અને રંગભેદને પ્રોત્સાહન આપતી નથી. એનો સબળ પૂરાવો એ રહ્યો કે આકરા - આત્યંતિક વિચારધારા માટે જાણીતા 'બ્રિટિશ નૅશનાલિસ્ટ પક્ષ'ને એક પણ બેઠક મળી નથી. સામે પક્ષે નવી સંસદમાં વાંશિક લઘુમતી સમાજનું વર્ચસ્ વધ્યું છે. ૨૦૦૫ની ચૂંટણીઓમાં ૧૪ સાંસદો ચૂંટાઈ આવેલાં. તેની સરખામણીએ આ ફેરે ૨૭ સાંસદો ચૂંટાઈ આવ્યાં છે. તેમાં લઘુમતી એશિયાઈ મૂળનાં ૧૭ સાંસદો છે, જેમાં બે ગુજરાતીઓનો સમાવેશ છે. શૈલેષ લક્ષ્મણ વારા, બીજા સત્ર માટે પણ, કેમ્બ્રિજશર નૉર્થ વેસ્ટ મત વિસ્તારમાંથી, ચૂંટાઈ આવ્યા છે. જ્યારે પ્રીતિ પટેલ પહેલી જ વાર સંપૂર્ણપણે ટૉરી વિસ્તાર, વિથમમાંથી ચૂંટાઈ આવ્યાં છે. આ બંને રૂઢીચુસ્તનાં સાંસદો છે. શૈલેષ વારાને તો કેમરૂન શાસનમાં દંડક તરીકેનો હોદ્દો ય પ્રાપ્ત થયો છે. એક અંદાજ મુજબ, બધુ મળીને, ઉપર તળે, દેશ ભરમાં, આશરે એક દઝન ઉમેદવારો ગુજરાતી નસ્સલનાં હતાં તેમ જાણવા મળે છે. આ પહેલાં, આમ સભામાં એક પણ મુસ્લિમ મહિલા ચૂંટાઈ આવી નહોતી. આ વેળા, ત્રણત્રણ મહિલાઓ - રૂશાનારા અલી, શબાના મહમૂદ તથા યાસ્મિન કુરેશી - ચૂંટાઈ આવી છે. આ ત્રણેય મજૂર પક્ષનાં સાંસદો બન્યાં છે. આમ, આ નવાં ૨૭ સાંસદો એક નવી જ ભાતીનાં છે - ઘણાં ભણેલાં છે. મોટા ભાગનાં ઉત્સાહી યુવાવર્ગમાંથી આવે છે. એક પત્રકારે આ ૨૭ સાંસદોને આ શબ્દોમાં નવાજ્યાં છે : MPs of the the future - sharp, educated and ultra-confident'.

બ્રિટન, ભારતની માફક, એક બહુ સાંસ્કૃતિક - વિવિધ ધર્મી ને રંગી દેશ બની રહ્યો છે. એના ભૂતકાળનો ઇતિહાસ જ્વલંત સામ્રાજ્ય સત્તા તરીકે રહેલો. આફ્રિકા, એશિયા ખંડોના વિધવિધ દેશોમાં એની આણ વર્તાતી હતી. આ દેશોએ આઝાદી મેળવ્યા પછી, બ્રિટનના ઉદાર રાજકારણે આપેલા હકો મેળવવા, નવા વસાહતીઓ અહીં બ્રિટનમાં આવી વસ્યા છે અને એમાંથી ઘણા પ્રશ્નો ય સર્જાયા છે. તમામ ધર્મ, જાતિ અને સંપ્રદાયના લોકોને કેવી રીતે સાથે રાખવા અને બ્રિટિશ સમાજમાં સમાવવા, તે એક મોટો પ્રશ્ન છે અને તે રાજકારણીઓને સતત મૂંઝવતો રહેલો છે. ૨૦૧૦નું આવું આવું નવું રાજકારણ સર્જાઈ રહ્યું છે, જો કે તેમાં લઘુમતી સમાજનાં ૨૭ સાંસદો ય સામેલ હશે અને તે પણ સૌ સંગાથે આવી સમસ્યાઓ હલ કરશે એવી આશાઓ સેવાતી રહી છે.

સામે પક્ષે લઘુમતી સમાજના લોકોમાં પણ અંદર અંદરના પ્રશ્નો સતાવે છે. ચૂંટણીઓનાં પરિણામો આવ્યાં પછી, ગુજરાતી વસાહતી સમાજમાં એક પ્રકારની ગરમ ચર્ચા ઊભી થઈ છે. શા માટે ગુજરાતી ઉમેદવારો લંડનના અમુક મતવિભાગોમાં, મોટી ગુજરાતી વસ્તી ધરાવતા વિસ્તારોમાં, સંસદસભ્યો તરીકે ચૂંટાવામાં અસફળ રહ્યા ? શા માટે ગુજરાતી વસાહતી સમાજ, જે શિક્ષણ - વ્યવસાય - વ્યાપાર ઉદ્યોગમાં સારી રીતે સફળ રહ્યો છે તે સમાજ રાજકારણની ઉપેક્ષા કરે છે ? શા માટે રાજકારણ ગંદું છે, એમ ધારી દૂર ભાગે છે ? પૂર્વ આફ્રિકાના દેશોમાં પણ આવી જ સ્થિતિ હતી એના કારણે એ સમાજે ઘણી મુશ્કેલીઓ અને દુઃખ સહન વેઠવા પડેલાં. આપણી મનોદશા આવી જ રહેશે તો બ્રિટનના ગુજરાતી સમાજને આવું જ કષ્ટ, દુઃખ, મુશ્કેલીઓ ભોગવવાં પડે તો નવાઈ નહીં. ગુજરાતી વસાહતી સમાજ અહીંના સમાજમાં સમરસ થાય, સમાજની ગતિવિધિઓમાં સક્રિયતા કેળવે એ સમયની માંગ છે. અને એમાં ભાવિ પ્રજાને સંસ્કારી બનાવવામાં, ઊંચ શિક્ષણ અને જીવનમાં સફળતા મેળવવાની ચાવી છુપાઈ છે. આવો પદાર્થપાઠ મુસ્લિમ, કેરેબિયાઈ તેમ જ આફ્રિકી લઘુમતી સમાજે આ ચૂંટણીઓ વાટે ગુજરાતી સમાજને આપ્યો છે.

['Kamal Kunj', 3, Buckingham Mews, SUTTON COLDFIELD, West Midlands, B73 5PR, U.K.]

---

લાગે. આ અંગેનો ખુલાસો બળવંતરાય ઠાકોરનાં ડાયરી અને પત્રોમાંથી મળે છે. હકીકતે કાન્તે 'પૂર્વાલાપ'ની પ્રસ્તાવના લખીને છાપવા માટે મોકલી પણ દીધી હતી.

'પૂર્વાલાપ'ના પ્રકાશનમાં મદદ કરતા બળવંતરાયના જોવામાં એ પ્રસ્તાવના આવી અને તેમણે તાબડતોબ એ રદ કરાવી. ૨૮ માર્ચ, ૧૯૨૩ના રોજ બળવંતરાય પોતાની ડાયરીમાં લખે છે: "મણિભાઈએ ધર્મજ તોરમાં જ પ્રસ્તાવના લખેલી અને ભરૂચ સરનામે નાખેલી દિવસો પછી ટપાલમાં, તે ભરૂચ થઈને આજ અહીં બપોરે મળી. પાછળ જ હરિલાલ અને જીવનલાલને ઘટતું લખી કાગળ જીવનલાલને અમદાવાદ નાખી દીધો છે.

પ્રસ્તાવના છપાઈ ગઈ નહીં હોય તો તે છપાતું અટકશે.' પણ કાન્તના સંગ્રહમાં કાન્તની પ્રસ્તાવના છપાતી બળવંતરાય શા માટે રોકે? વિગતો તો મળતી નથી પણ બળવંતરાય પ્રસ્તાવના અંગે ડાયરીમાં એટલું જ નોંધે છે: "ઇટ ઇઝ ઑલ ટુ ગેધર અનનૅસસરી" બનવા જોગ છે કે તેમાં કાન્તે પોતાના ધર્મપલટા અંગે લખ્યું હોય અને ખ્રિસ્તી ધર્મના ગુણગાન ગાયા હોય કે હિંદુ ધર્મની ટીકા કરી હોય. આવી વાતોને પૂર્વાલાપનાં કાવ્યો સાથે ઝાઝો સંબંધ નહીં, વળી આવી પ્રસ્તાવનાથી નાહક ઊહાપોહ થાય અને 'પૂર્વાલાપ'ને વેઠવું પડે એટલે ઠાકોરે પ્રસ્તાવના રદ્દ કરાવી હોય. આ બન્યું ત્યારે કાન્ત તો એમના પ્રવાસે નીકળી ચૂક્યા હતા, એટલે તેમની સંમતિ વગર જ ઠાકોરે પ્રસ્તાવના રદ્દ કરાવી હોય. ઠાકોર આવું પગલું લઈ શકે એવો ગાઢ મૈત્રીસંબંધ બંને વચ્ચે હતો, પૂર્વાલાપનું પહેલું જ કાવ્ય (જે 'અર્પણ'ની પણ ગરજ સારે છે.) 'ઉપહાર' ઠાકોરને સંબોધનરૂપે જ લખાયું છે.

આજે 'પૂર્વાલાપ' જે રીતે જાણીતો છે તે એની પહેલી આવૃત્તિના રૂપે નહીં. ૧૯૨૩માં પ્રગટ થયા પછી બે એક વર્ષમાં પહેલી આવૃત્તિની એક હજાર નકલ વેચાઈ જતાં બીજી આવૃત્તિ જરૂરી બની. તે વખતે આપણા અગ્રણી વિવેચક રામનારાયણ વિ. પાઠકે તેમાં લગભગ ૬૦ પાનાંનો ઉપોદ્‌ઘાત ઉમેર્યો, ઘણી મહેનતે તૈયાર કરેલ કાવ્યોની આનુપૂર્વી ઉમેરો અને અંતે લગભગ ૮૦ પાનાનું ટિપ્પણ ઉમેર્યું. આ ઉપરાંત પહેલી આવૃત્તિમાં નહોતાં તેવાં ૨૬ કાવ્યો બે પરિશિષ્ટરૂપે ૧૯૨૬ની આવૃત્તિમાં પાઠક સાહેબે ઉમેર્યાં. ત્યારથી આજ સુધી 'પૂર્વાલાપ'ની પાઠક સંપાદિત આ આવૃત્તિ જ સ્ટાન્ડર્ડ આવૃત્તિ ગણાય છે.

અલબત્ત, કાન્તના કૉપીરાઇટ પૂરા થઈ ગયા પછી બીજા કેટલાક પ્રકાશકોએ પણ પૂર્વાલાપ છાપ્યો છે, બીજા કોઈ પાસે 'સંપાદન' કરાવીને. પૂર્વાલાપ સંગ્રહ પ્રગટ ભલે ૧૯૨૩માં થયો, પણ આ નામ તો કાન્તે ઘણું વહેલું ઠરાવી રાખ્યું હતું. પૂર્વાલાપ અને ઉત્તરાલાપ એવાં બે નામ પણ બે ભાગ માટે ઠરાવેલાં પણ ઉત્તરાલાપ ક્યારે ય પ્રગટ થયો નહીં. પણ પૂર્વાલાપને આપણા સાહિત્યમાં અને તેના ઇતિહાસમાં અસાધારણ મહત્ત્વ યોગ્ય રીતે જ મળ્યું.

**(સદ્‌ભાવ : 'વર્ડનેટ', "મુંબઈ સમાચાર", ૦૮.૦૪.૨૦૧૦, ૧૫.૦૪.૨૦૧૦ ને ૨૨.૦૪.૨૦૧૦)**

[55, Vaikunth Cooperative Society, Lallubhai Park, Andheri (West), MUMBAI - 400 058, India]

# "ઓપિનિયન"ના સંકેલો કાર્યક્રમનું પાથરાણું

• ભદ્રા વડગામા

વિચારપત્ર "ઓપિનિયન"ને આરંભ થયાને હવે પંદર વરસનાં વહાણાં વાઈ રહ્યાં છે. તેનાં છાપકામને વિરામ હવે મળે છે અને તેને કેન્દ્રમાં રાખી, ઉત્તર લંડનના ફિન્ચલી પરગણામાં આવ્યા 'એડન દેપાળા મિત્રમંડળ'ના સભાખંડમાં, રવિવાર, ૨૮ માર્ચ ૨૦૧૦ના 'સંકેલો' અવસર યોજવામાં આવ્યો હતો. બીજી બાજુ આ પાથરાણું ય હોય તેમ ઊભરતું હતું. "ઓપિનિયન"ના ડિજિટલ અવતારની શાહેદી અપાતી હોય તેમ તેના ય ઉછાળા આ અવસરે ભળાતા રહ્યા.

આ સમૂળા અવસરની તંત્રવ્યવસ્થાને ત્રણ ઘટકમાં આવરી લેવાઈ હતી. પહેલા ચોતરે 'વિલાયત હવે અમરધામ અભિમુખે રહ્યું નથી' વિષય પર જોરદાર ચર્ચા જામી હતી. જાણે કે તેનું જ અનુસંધાન સ્વાભાવિક પડતું હોય તેમ, બીજા ઘટકમાં, 'ત્રીજો વિકલ્પ : હિન્દ સ્વરાજ્ય'ની વિદ્વાનોએ ઠોસબદ્ધ રજૂઆત કરી. જ્યારે છેલ્લી બેઠક તો વાચકસભા હતી. આ બેઠકની શરૂઆતમાં કેટલાંક માનસન્માન થયાં. "ઓપિનિયન"તંત્રીએ પંદર પંદર ચોમાસાંની રઝળપાટ પેશ કરી. અને, છેવટે, વાચકોએ મન મેલીને પોતાનો નિજી મત વહેતો રાખ્યો.

પહેલા ઘટકમાં, વિપુલ કલ્યાણીએ 'વિલાયત હવે અમરધામ અભિમુખે રહ્યું નથી' વિષયની વિસ્તારપૂર્વકની પાર્શ્વભૂમિકા આપતાં કહ્યું કે 'અમરધામાભિમુખે' શબ્દો સ્વામી આનંદ દીધા પુસ્તક, 'ઈશુનું બલિદાન'માંથી લીધા છે. અમરધામ એટલે કે 'પ્રોમિસ્ડ લૅન્ડ'. ઈતિહાસ બતાવે છે કે આપણાં લોકો મુખ્યત્વે અહીં વિલાયતમાં રોજગારી માટે જ આવ્યાં હતાં. અને લંડન શહેર, મોટે ભાગે, બહારથી આવેલાં લોકોની વસાહત જ કહી શકાય. સૈકાઓથી વસાહતીઓ સતત અહીં આવતાં જ રહ્યાં છે. ભારત અને પાકિસ્તાનના ભાગલા થયા ત્યારે હિંદીઓ આવ્યાં; અને પછી જેમજેમ બ્રિટનની બીજાં સંસ્થાનોને આઝાદી મળતી ગઈ, તેમતેમ જે તે બીજા દેશોમાંથી પણ લોકો અહીં આવ્યાં છે, આવતાં રહે છે.

છેલ્લાં પાંચસાત વર્ષથી તો ઘણા બધા દેશોમાંથી રોજગારી માટે યુવાનો આવી રહ્યા છે, જેમાં ગુજરાતીઓ પણ સામેલ છે. આ દેશને અમરધામ માનવાનું કારણ તેની રીતિનીતિ, ખુલ્લો સમાજ અને સુખસગવડો છે. પણ બ્રિટન હવે તૂટી રહ્યું છે. કંઈક અંશે તેની આંતરરાષ્ટ્રીય સત્તા ઢીલી પડી રહી છે. આ સંજોગોમાં જ્યારે ગુજરાતી યુવાનો માને કે અહીં સ્થાયી થઈ ગયેલાં ગુજરાતીઓ એમનું શોષણ કરી રહ્યાં છે, ત્યારે એ જ કહેવાનું કે મૂડીવાદી વિચારધારાને લીધે આમ બનતું હોય. જેમ આપણે અહીં આવ્યાં ત્યારે આપણને પણ ઘણું સહન કરવું પડ્યું હતું તેમ એમને પણ કરવું પડતું હશે. મૂડીવાદીઓની એ ચાલી આવતી રૂઢિ છે. પણ આમાંના અમુક યુવાનોને આર્થિક મુશ્કેલીઓને લીધે જ્યારે આત્મહત્યા કરવી પડે ત્યારે અરેરાટી થાય એ સ્વાભાવિક છે. અને આપણે એ યુવાનો માટે કંઈ કરી શકીએ કે નહીં એ આજની ચર્ચામાંથી કદાચ આપણે જાણી શકીએ તેમ છે.

અને પછી, આ બેઠક માટે વકતા તરીકે પંચમ શુક્લનો, સંચાલક તરીકે સુષમા સંઘવીનો અને સમાપન કરનાર તરીકે ફારુક ઘાંચીનો એમણે પરિચય આપ્યો.

વિષયની માંડણી કરતા પંચમ શુક્લે પહેલાં તો અમરધામની વ્યાખ્યા આપી. પરિકલ્પનામાં એ કેવું હોય ? જ્યાં રોટી, કપડાં અને મકાન ઉપરાંત, રોજગારીની આબાદ તકો હોય. બ્રિટનમાં બીજાં પરિબળો, જેવાં કે મૂડીવાદ, સંસ્થાનવાદ વગેરેની પણ અસર છે. અહીંનું બિનસાંપ્રદાયિકપણું, વાણીવિચારની સ્વતંત્રતા, અને ખૂબ અગત્યની વાત એ કે દરેક રીતે એકમેકને ખમી લેવાની વૃત્તિ, તે ઉપરાંત કુદરતી સ્રોતોનું જતન, વગેરે આપણને સ્પર્શી જાય તેવાં વલણો છે. પણ હવે નવી સરકાર સાથે નવો બદલાવ થશે એટલે વિલાયત અમરધામ રહેશે કે નહીં, તેનો તેમની પાસે જવાબ નથી. પણ છેલ્લાં સાતઆઠ વર્ષથી જે પરિસ્થિતિ તે જોતાં અનુભવતાં આવ્યા છે તેની પછી તેમણે ચર્ચા ઉપાડી હતી.

અમરધામને કઈ દૃષ્ટિએ જોવું ? એક 'ઈન્સ્ટિટ્યુશન' તરીકે જેમાં આ દેશ સાથેના સામૂહિક સંબંધો કેવા છે તેનું ચિત્ર દોરવું કે પછી દેશની સત્તા ઢીલી થઈ રહી છે તે છતાં રાષ્ટ્ર કેટલું સુખી છે તે જોવું? મુખ્ય પ્રવાહ માટે જે મહત્ત્વનું છે તે બાબતોને તેમણે તેમના વકતવ્યમાં આવરી લીધી. આરોગ્ય અને તબીબી સેવાઓ, શૈક્ષણિક ક્ષેત્ર અને ઈમિગ્રેશનને અનુલક્ષીને તેમણે કહ્યું : આરોગ્યમાં નેશનલ હેલ્થ સર્વિસ દ્વારા, નેશનલ ઈન્સ્યુરન્સ ભરીને પણ મફત સારવાર મળે છે તેનું આશ્વાસન ઘણું છે, પણ તેમાં કેટલાક ફેરફાર થઈ રહ્યા છે તે જોઈને આપણે પૂછવાનું છે કે આ મુલક અમરધામ છે કે નહીં. દા.ત. - બાળકો, વડીલો, પ્રવાસીઓ માટેની સારવારમાં, પ્રિસ્ક્રિપશનોમાં અને છેવટે ખાનગીકરણ તરફના વલણ દ્વારા થઈ રહેલા ફેરફારોમાં.

શિક્ષણ ક્ષેત્રે, હવે આપણને શું મળી રહ્યું છે ને શું ગુમાવી રહ્યાં છીએ? પ્રાઈવેટ કે પબ્લિક શાળામાં અભ્યાસ? વ્યાપારવાણિજ્યને અનુરૂપ શિક્ષણ અપાય છે કે નહીં? બહારથી આવતા વિદ્યાર્થીઓને અહીં વીસા અપાવતાં લોકો માટે શિક્ષણક્ષેત્ર એક ઉદ્યોગ થઈ ગયો છે. સંશોધન માટે કયો દેશ વધુ યોગ્ય ગણાય? બ્રિટન, અમેરિકા કે ભારત? અહીં ભારત કરતાં વિકલ્પો ઘણા વધારે છે. પણ ખર્ચની દૃષ્ટિએ શું? અહીં સ્થાયી થયેલા આપણા જ લોકોનું આ વિદ્યાર્થીઓ તરફનું વલણ શોષિત રહ્યું છે? રહેવા અને જીવવાની મુશ્કેલીઓ વચ્ચે દેશમાં મોભો

## ૨૮ માર્ચ ૨૦૧૦ના 'સંકેલો' અવસરનો હિસાબ-ખર્ચ

**આવક :-**

| | |
|---|---|
| સહભાગી વાચક દાતાઓ તરફથી મળી કુલ રકમ - | £3,201.50 |
| દિવંગત વિનય કવિના વારસદારો વતી દીપક કવિ | £ 500.00 |
| એક સદ્‌ભાવી વાચક પરિવાર | £ 250.00 |
| | ------------ |
| કુલ આવક રકમ | **£3,951.50** |

**જાવક :-**

| | |
|---|---|
| સ્મૃતિચિહ્ન | £ 17.61 |
| ૨૫ નકલ 'હિન્દ સ્વરાજ્ય' | £291.23 |
| નેહરુ કેન્દ્રનો અવસર | £190.00 |
| ભોજન ખર્ચ | £1,475.00 |
| વિમાની ટિકિટ ખર્ચ | £1025.00 |
| વાહનવ્યવહાર ખર્ચ | £219.58 |
| ઑડિયો-વીડિયો-પબ્લિક એડ્રૅસ સિસ્ટમ ખર્ચ | £590.00 |
| વહીવટી ખર્ચ | £ 80.37 |
| આનુષંગિક ખર્ચ | £ 62.71 |
| | ----------- |
| કુલ જાવક રકમ | **£3,951.50** |

- **હ્યુમન સર્વિસીસ ટ્રસ્ટ :** એડન દેપાળા મિત્રમંડળના સમગ્ર સભાખંડનું એક દિવસનો ભાડાખર્ચ
- **નયનાબહેન અને પ્રકાશભાઈ ન. શાહ :** સન્માન માટે શાલપોષાક
- **અમદાવાદ એક્શન વીમેન્સ ગ્રુપ - 'આવાઝ' :** અવસર માટે હારતોરા
- **લક્ષ્મીબહેન અને સુદર્શનભાઈ આયંગર :** સ્વહસ્તે કાંતેલી સૂતરની આંટી - હારતોરા અર્થે
- **શશીબહેન અને રમણભાઈ ડી. પટેલ :** અવસર નિમિત્ત મહેમાનો સારુ ગાડી-વ્યવસ્થાનો પ્રબંધ

ગુમાવવાની ભીતિ વગેરે અનેક કારણોને જોતાં 'પંચમ અહીં કેમ રહી ગયો, કેમ ટકી ગયો?' એ પ્રશ્ન જોવાનો રહે છે. બ્રિટન શું હજુ પણ અમરધામ છે, એટલે?

પંચમભાઈ કહેતા હતા કે ઈમિગ્રેશન મુદ્દે પણ આ અમરધામમાં ઘણા કાયદાકાનૂનો આવી રહ્યા છે. તે છતાં ય નિરાશ્રિતો દુનિયાના જુદાજુદા દેશોમાંથી સતત આવ્યા જ કરે છે. તે ઉપરાંત, ચીન અને ભારતથી જે વિદ્યાર્થીઓ આવે છે તેમના માટે આ અમરધામ કેવુંક છે? શું બધાં માટે આ દેશમાં એક સરખી કેળવણી મળી રહે છે? માનવહકો જળવાય છે? અહીં સ્થાયી થઈ ચૂકેલા વસાહતીઓ તરફ અહીંની મૂળ પ્રજા અને સરકારનું વલણ કેવું છે? આ સાથે તેમણે 'reversed brain drain'ની પણ વાત કરી. ભારતની ઉન્નતિને લીધે હવે ભારતીયો અને અમુક ગોરાં નિષ્ણાતો ભારત પણ જાય છે.

ઘણી બધી મુશ્કેલીઓ અને તકલીફો ભોગવ્યા છતાં ય જો ગુજરાતીઓને અહીં આવવું ગમે છે તો તે માટે આપણા સંસ્કારોમાં રહેલી ક્ષમતા, સહનશીલતા મોટો ભાગ ભજવે છે, તેમ પંચમભાઈ તારવતા હતા. ગમે તે ભોગે સફળ થવું, દેશમાં રહેલાં કુટુંબીજનોને આર્થિક સહાયતા આપવી, અને આ દેશના નાગરિક બની તેની ઉન્નતિમાં ફાળો આપવો એ જ તેમનું મુખ્ય ધ્યેય બની રહે છે, તેમ કહી તેમણે પોતાનું વક્તવ્ય આટોપી લીધું હતું.

ત્યારબાદ પ્રશ્નોત્તરી શરૂ થઈ, જેમાં મુખ્ય આ અને આવા વિચારો સભાજનોએ વ્યકત કર્યા : ૧. અહીંની યુનિવર્સિટીઓમાં થતાં સંશોધનોની કક્ષા ગુજરાતની યુનિવર્સિટીઓ કરતાં વધારે ઊંચી છે. ૨. જો પોતે અહીં સ્થાયી થાય તો તેમને જે વિકલ્પો ભારતમાં ન મળ્યા તે અહીંની શિક્ષણપદ્ધતિ દ્વારા તેમનાં બાળકોને મળે. ૩. પરદેશમાં ગુજરાતી શીખતાં બાળકો માટે ભાષા શિક્ષણ સારું મળે પણ સંસ્કૃતિની ઊણપ રહે. ૪. અહીંની શિક્ષણપદ્ધતિમાં નાનપણથી જ જીવન જીવવાની તાલીમ મળે છે. ૫. 'Section 11' દ્વારા દ્વિભાષી બાળકોને અંગ્રેજી શીખવામાં મદદ કરવા માટે જે ખાસ શિક્ષકોની નિમણૂક સાઈઠ અને સિત્તેરના દાયકાઓમાં થઈ હતી, તેનું કારણ એ હોઈ શકે કે કદાચ બ્રિટન ચોક્કસાઈ કરવા માગતું હશે કે તેમની સ્કૂલોનું પરિણામ બગડે નહીં. પરિણામ એ આવ્યું કે આપણાં બાળકો અહીંનાં મૂળ અંગ્રેજી બાળકો કરતાં ખૂબ આગળ વધી ગયાં. હવેનાં દ્વિભાષી બાળકોને એ સુવિધા કેમ આપવામાં નથી આવતી? ૬. બ્રિટનને અમરધામ બનાવે છે કોણ? સરકાર. સરકાર અને અમરધામ વચ્ચેનો તફાવત જોઈ, સગવડો કેમ બદલતી રહે છે, કેમ નથી બદલાતી તેનાં કારણોનું વિશ્લેષણ કરવું જરૂરી છે. ૭. ચોવીસ લાખ ભારતીય વિદ્યાર્થીઓ પરદેશમાં ભણે છે જયારે એક લાખથી ઓછા પરદેશીઓ ભારતમાં ભણે છે જે ભારતની નબળાઈ છે. ૮. વિલાયતને અમરધામ બનાવવાનો ઈજારો ફક્ત સરકારનો નહીં પણ આપણો પણ છે. આપણે એ જોવાનું છે કે આપણે નાગરિક તરીકે આ દેશને અમરધામ બનાવી રાખવાની જવાબદારી કેવી રીતે નભાવીશું. ૯. બ્રિટિશ પદ્ધતિ માટે આદર અને તેની સાથે ભળી જઈ અહીંનું જે ઉત્તમ છે તે લઈ જવાની તૈયારી સાથે આવેલા વિદ્યાર્થીઓ પણ હતા અને છે. ૧૦. જાતે રંગભેદનો ભોગ બન્યા છતાં અહીં સ્થાયી થયેલાં લોકોની અમુક અજુગતા કાનૂનો સામે લડવાની શિથિલતા હતી અને છે. ૧૧. આરોગ્યમાં પોતાની ઘણી નાનીમોટી બીમારીઓનો જાતે ઈલાજ કરી લેવાથી સિસ્ટમ પરનો ઘણો બોજો હલકો થઈ શકે છે, પણ તેને નીચોવવાનો આશય તેને હાનિરૂપ નીવડે છે. ૧૨. ૧૯૪૮માં શરૂ થયેલી એન.એચ.એસ. દ્વારા દરેક નાગરિકને જરૂર પડે જ દવા સારવાર મળે. હવે વધુ શોધખોળને લીધે વધુ સારી દવાઓ ઉપલબ્ધ છે પણ મોંઘી હોવાથી એન.એચ.એસ. પરનો બોજો વધી ગયો છે. ૧૩. બ્રિટનની આબાદી વધી છે સાથે જીવન પણ લાંબું બન્યું છે, અને જેમજેમ વૃદ્ધોની સંખ્યા વધે છે તેમતેમ કર (ટેક્સ) ભરનારાંની સંખ્યા ઘટતી જાય છે, જેની અસર એન.એચ.એસ. પર પણ પડે એ દેખીતું છે. ૧૪. નવા વસાહતીઓ તરફ ઉપેક્ષાની લાગણી દેખાડવામાં આવે છે. ૧૫. બ્રિટિશ મેડિકલ એસોસિએશન માને છે કે આયુર્વેદ, હોમિયોપથી વગેરે કામ નથી કરતાં. શું ડોકટરો એ માટે કંઈ ન કરે? આ ક્ષેત્ર લોકો માટે ખુલ્લું હોવું જોઈએ. ૧૬. ચોવીસ કલાકના મેડિકલ સેન્ટર્સ ખુલ્યાં છે. ૧૭. અમરધામને માટે પણ તમારી શકિતઓ વહેંચવાથી તેનું ઉત્થાન થાય છે. ૧૮. જન્મભૂમિ અને કર્મભૂમિને એકસરખો આદર આપીએ તો ગુજરાતી સમાજ પાસે એટલો અનુભવ અને જ્ઞાન છે કે સંગાથે મળીને તે આ દેશને અમરધામ ફેર બનાવી શકે છે.




**બ્રેન્ટ પરગણાંના અનેક જાહેર માર્ગો પર આજકાલ જોવા મળતું આ પૉસ્ટર 'આપણી' આદતો મિષે ઘણું ઘણું કહી જાય છે. અને બલિહારી પણ જુઓ : આવા પૉસ્ટર પર પાનની કે પછી તમાકુની યા 'માવા'ની પીચકારી મારનારાઓનો ય તોટો નથી ! … વાહ ! જાણે કે આપણી જાહેર સફાઈ અંગેની સમજણ બમજણ મારી ફરે !! … નિહાર મેઘાણીના સદ્‌ભાવે આ છબિ મેળવી શકાઈ છે.**

બપોરના ભોજન પછી બીજી બેઠક આરંભાઈ. વિષય હતો 'ત્રીજો વિકલ્પ : 'હિંદ સ્વરાજ્ય'. પૂરા એક સૈકા પહેલાં, મોહનદાસ ગાંધીએ લખ્યા આ બીજરૂપ પુસ્તક વિશે વકતાઓ હતાં ભારતથી આવેલાં મુંબઈસ્થિત ગાંધી સંગ્રહાલયનાં મહામંત્રી ઉષાબહેન ઠક્કર અને ગૂજરાત વિદ્યાપીઠના કુલ સચિવ સુદર્શન આયંગર. સભા સંચાલક હતા બ્રિસ્ટલ યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગના નિવૃત્ત અધ્યાપક રોહિતભાઈ બારોટ અને સમાપન કરનાર હતાં માંચેસ્ટરનિવાસી પ્રબુદ્ધ લેખિકા આશાબહેન બૂચ.

આ વિષય શા માટે ? -ની દીર્ઘ પ્રસ્તાવના આપતાં વિપુલભાઈએ કહ્યું કે સ્વરાજ એટલે સ્વતંત્ર રાજય જ નહીં, પણ સ્વરાજય એટલે કે ગાંધીજી સૂચવ્યા સિદ્ધાંતોને અમલમાં મૂકી રાજકીય, આર્થિક, સામાજિક અને આધ્યાત્મિક ઉત્થાન ભણીનું સોપાન. આપણે આપણા ગુજરાતી સમાજમાં અહીં તેની ચર્ચા આજ પર્યન્ત કરી નથી. આજની આ બેઠક દ્વારા આવા વિચારો વાટે જાતને ઉત્કર્ષ કરવાની છે. આપણામાંના ખુદને નાગરિક પેદા કરી શકીએ એ

અપેક્ષા છે. પોતાનું રાજ કરતાં થઈએ તો ય બસ.

પહેલા વક્તા ઉષાબહેન ઠક્કર હતાં. 'હિંદ સ્વરાજ'ના ચાલીસ પાનાંમાં ગાંધીએ કહેલી વાતોમાંથી તેમણે નીચેના મુદ્દાઓ રજૂ કર્યા : ગાંધીએ પ્રચલિત વિચારોમાંના અપ્રચલિત વિચારો આપણને આપ્યા છે, દા.ત. કોઈને સુખ આપવાની સ્વતંત્રતા આપણી પાસે છે, દુ:ખ આપવાની નહીં. ગાંધીના થોડા વિચારો હાથ આવી જાય તો ઉત્કૃષ્ટ થઈ જવાય. ચાલીસ વર્ષના ગાંધીનો અજંપો, જુસ્સો 'હિંદ સ્વરાજ'માં જોવા મળે છે. અને એ માનવકલ્યાણનાં મૂળભૂત મૂલ્યો તરફ આપણને પ્રેરે છે. આધુનિક સ્વતંત્રતાનાં ભયસ્થાનો બતાડે છે. સ્વરાજ અને વિશ્વરાજને જુદી રીતે જોવાની પ્રેરણા આપે છે - વિકલ્પો આપે છે. ગાંધીની વિચારસરણીનો આધાર નૈતિક છે, ભૌતિક નથી.

પ્રાચીન અને સાંપ્રત સંસ્કૃતિઓ વચ્ચેનો સંઘર્ષ અહીં એમણે બતાડ્યો છે. હિંસાના વિવિધ પાસાં છતાં કરી અહિંસાના વિકલ્પો બતાડ્યા છે. સામ્યવાદી વ્યકિત સરકારને દેશનો ટ્રસ્ટી ગણે છે, જયારે ગાંધી દરેક વ્યકિતને દેશનો ટ્રસ્ટી ગણે છે. અહિંસા નાગરિક ગુણ છે, વ્યકિતગત જ નહીં. ગાંધીના વિચારોમાં અહર્નિશ ક્રાંતિ થાય છે. તે આપણને ચીનગારી આપે છે. ભવિષ્યનો આપણે વિચાર કરવાનો છે, ભવિષ્ય આપણો વિચાર નહીં કરે. જીવનની આંધળી ગતિ સામે ગાંધી લાલ બત્તી ધરે છે. સત્ય અને અહિંસા પર આધારિત જીવન જીવવા માટે ય એ આંગળી ચીંધે છે.

બીજા વક્તા સુદર્શનભાઈ આયંગરનું વકતવ્ય આમ આદમીને માટે વધુ સરળ હતું. સવારની બેઠકના સંદર્ભમાં પહેલવહેલા એમણે પ્રશ્ન કર્યો અને પછી ખુદ જવાબ પણ આપ્યો : આ શું "ઓપિનિયન"નો 'સંકેલો' છે કે 'પાથરણું' ? ડિજિટલ સ્વરૂપે પણ એ પથરાશે તે ચોકક્સ.

ગાંધીના 'હિંદ સ્વરાજ'ની ચર્ચા થવી જોઈએ કેમ કે ગાંધીએ કહ્યું છે તેમ 'હું કબરમાંથી બોલીશ', તેવી દલીલ માંડીને સુદર્શનભાઈ પોતાના વિદ્યાર્થીઓ સમક્ષ ગાંધીને 'મોહનિયો' કહી સંબોધતા, તે રસમ જાળવતાં કહ્યું, 'મોહનિયો કેવો હતો એ પકડીએ.' મોહન પણ અમરધામના અભિગમે અહીં ભણવા આવેલો, પણ એ મુગ્ધાવસ્થાના યુવાને માતા પાસે લીધેલા ત્રણ સંકલ્પો - માંસમચ્છી, દારૂ અને પરસ્ત્રીથી દૂર રહેવું -ને એ પ્રતિકૂળ વાતાવરણ વચ્ચે પણ કેમ જાળવી રાખે છે તેમાંથી આપણે શીખવાનું છે, તેવી તેમની શીખ હતી.

એમણે કહ્યું કે ગાંધીના સિદ્ધાંતો અત્યારના મૂડીવાદ અને આતંકવાદ સામે કેવી રીતે લડવું તેના વિકલ્પો બતાવે છે, સ્વતંત્રતા અને સ્વછંદતા વચ્ચેનો તફાવત સમજાવે છે. Necessity, comfort અને luxury વચ્ચેનો વિવેક ન ભૂલી જઈએ તે તરફ આપણું ધ્યાન દોરે છે.

ગાંધી કહે છે, For the system to be good, it should be individual's responsibility to be truthful and non-violent in all aspects of their life. In holistic life, discipline of these two qualities comes first.

અને પછી, છેવટે, વાચકસભાની આખરી બેઠકોનો દોર આરંભાયો. કાર્યક્રમની અંતિમ વિધિની બેઠકમાં હાઉસ ઑવ્ લૉર્ડ્સના સભાસદ નવનીતભાઈ ધોળકિયા મુખ્ય મહેમાન હતા. જાણીતા શહેરી હસમુખભાઈ માણેક સભા સંચાલકપદે હતા જ્યારે 'એડન દેપાળા મિત્ર મંડળ' સંસ્થાના આગેવાન હિંમતભાઈ જગાણી સમાપનકર્તા હતા. આ દરેકની આરંભે વિપુલભાઈએ ભાતીગળ ઓળખાણ આપી.

"ઓપિનિયન"ના જન્મ વખતનો હર્ષ અને હવે તેના સંકેલો માટેની નાખુશી વ્યકત કરતાં વિપુલભાઈએ ડાયસ્પોરિક ગુજરાતીઓ અને વિદ્વાનોનું અભિવાદન કરતાં કહ્યું કે "ઓપિનિયન" સૌનું મિત્ર છે અને સદાય તેમ બનીને રહેશે. "ઓપિનિયન"ની સફળતામાં તંત્રી ઉપરાંત લેખકોનો, અન્ય સહાયકોનો, વાચકોનો ફાળો અત્યંત મહત્ત્વનાં અંશો છે. તંત્રીને એક યા બીજી રીતે જેમનો ફાળો આગવો લાગ્યો હતો તેવી તેવી કેટલીક વ્યકિતઓનું તેમણે ઉચિત બહુમાન કર્યું. આ સારુ તેમણે અમુક જણની પસંદગી કરી હતી. ડાહ્યાભાઈ નાનુભાઈ મિસ્ત્રીનું સન્માન ચંપાબહેન પટેલને હાથે સમ્પન્ન થયું. ઘનશ્યામભાઈ ન. પટેલનું સન્માન દયાબહેન શાહને હાથે કરાયું. ભદ્રાબહેન વડગામાનું સન્માન નિરંજનાબહેન દેસાઈ વાટે કરાયું. ફારૂકભાઈ ઘાંચીએ અદમભાઈ ટંકારવીનું સન્માન કર્યું. હીસાબનીસ તરીકેની સેવાઓ ન્યોચ્છાવર કરનાર રેણુકાબહેન માલદેનું સન્માન શશીબહેન પટેલને હાથે સમ્પન્ન કરાયું. તો બીજી પાસ, નાદુરસ્તીને કારણે અનુપસ્થિત રહેલા દીપકભાઈ બારડોલીકરનું સન્માન આશાબહેન બૂચ દ્વારા પહોંચતું કરવાનું તેમ જ "ઓપિનિયન"નું છપાઈકામ સુપેરે પાર પાડનાર નરેશભાઈ રઘવાણીનું સન્માન રમણભાઈ ડી. પટેલ વાટે પહોંચતું કરવાની જાહેર વિનંતી કરવામાં આવી.

આયુષ્યનાં નેવું ચોમાસાં ભાળનાર ગુજરાતી ડાયસ્પોરાના એક સર્વોચ્ચ સાહિત્યકાર બળવંતભાઈ નાયકનું નવનીતભાઈ ધોળકિયાએ શાલદૂશાલાથી ઉચિત જાહેર અભિવાદન કર્યું. તેમ આયુષ્યની સદીને ભાળનારા એક વરિષ્ટ વાચક, વલ્લભદાસભાઈ ખેતિયા નાદુરસ્તીને કારણે આવી શક્યા નહોતા, તે તેમનું ગૌરવ-સન્માન કુંજ કલ્યાણી વાટે પહોંચતું કરવાનું ઘોષિત કરવામાં આવેલું.

"ઓપિનિયન"તંત્રીએ રમણભાઈ ડી. પટેલના તન, મન અને ધનથી સતત આપેલા સાથ અને સહકારની સરખામણી સુખડ જેમ ઘસાઈને સુગંધ આપે તે રીતે કરી. ગૂજરાત વિદ્યાપીઠના કુલ સચિવ સુદર્શનભાઈ આયંગરના વરદ હસ્તે રમણભાઈને શાલપોષાક અને સ્મૃતિચિહ્ન અર્પણ કરવામાં આવ્યાં હતાં.

વાચકસભાનો વિધિવત આરંભ થાય તે પહેલાં, "ઓપિનિયન"ના તંત્રી વિપુલ કલ્યાણીએ 'વણઝારાની રઝળપાટનાં પંદર પંદર ચોમાસાં'ની રજૂઆત માંડી. સૌ પહેલાં પ્રકાશ ન. શાહનો પત્ર એમણે વાંચી સંભળાવ્યો. "ઓપિનિયન"ની શરૂઆત માટે મળેલી પ્રેરણા, તેનું સ્વરૂપ, તેનો વાચકવર્ગ, વિશ્વભરના ગુજરાતીઓની કૃતિઓનો સમાવેશ, આર્થિક સંકટ, ઓછા પણ વિશિષ્ટ વાચકવર્ગને અનુલક્ષી ભાષાપ્રયોગ, જાહેરખબર ન લેવાનો નિર્ણય કેમ કે "ઓપિનિયન" કમાવાનું સાધન કદી રહ્યું જ નથી, અને વળી આખરે તેનું 'ઈ.મેગેઝિન'માં નૂતન રૂપાંતર અને "નિરીક્ષક" સાથેનું સંધાણરૂપ અંગ બનશે એ બધી વાતો કરી. તેમની પત્ની કુંજના સાથ માટેની કદર કરી. વિપુલ કલ્યાણી છેવટે કહેતા રહ્યા : અને હવે વણઝારાની રઝળપાટ પૂરી થાય છે; 'બહુ નાચ્યો ગોપાલ' કહી સંકેલોના પ્રસંગનું આટોપણ કર્યું.

આ બેઠકના અતિથિ વિશેષ લૉર્ડ ધોળકિયાએ જે રીતે તેમને "ઓપિનિયને" ગુજરાતી સાથેનો સંપર્ક કેળવતા કર્યા તે વાત કહી અને અનેક મર્યાદાઓ છતાં યે વિપુલભાઈએ જાહેખબર ન લેવાની નેમ છોડી નહીં તેની પ્રસંશા કરી. આપણી પોતાની વ્યકિતગત ઓળખ માટે આપણી માતૃભાષા અને સાહિત્યનો કેવી રીતે ફેલાવ કરવો, વગેરે વિષયોને ઉલ્લેખતાં તેમણે ઉમેર્યું કે બ્રિટનમાં આપણી ઉન્નતિનું મુખ્ય કારણ છે, 'non-existence of BBC – bribery, bureaucracy અને corruption'. ગુજરાતીઓ ફકત આર્થિક રીતે જ નહીં પણ આપણી સંસ્કૃતિની જાળવણીને લીધે પણ અહીં સુખરૂપે સ્થાયી થઈ શકયા છે.

એમણે "ઓપિનિયન"ની દરેક નકલ 'હાઉસ ઓવ્ લોર્ડ્સ'ની લાઈબ્રેરીમાં મૂકાઈ છે તેની સ-ગૌરવ રજૂઆત કરી કહ્યું કે તેથી ભવિષ્યની પ્રજાને સંશોધન કરવા માટે એ ફાઈલો એક અમૂલ્ય સામગ્રી બની રહે તેમ છે.

એમણે બ્રિટનની ઉન્નતિમાં ગાંધી તેમ જ ભારતીયોના ફાળાને નવાજયો. આપણી નવી પેઢી આ પ્રસંગે ગેરહાજર હોવાની નારાજી દેખાડી, પણ સાથેસાથે આ દેશની સંસ્કૃતિને પણ આપણા જીવનમાં વણી લેવાનો સંદેશો પાઠવ્યો. આખરે તેમણે વિપુલભાઈને આ રીતે નવાજયા : 'Money cannot buy Kalyani'.

પ્રસંગને અનુલક્ષી વિવિધ શ્રોતાજનોનાં મંતવ્યો : ૧. "ઓપિનિયને" નવોદિત લેખકોને પ્રોત્સાહન આપ્યું છે, અને લખતા હતા તેમને વિશેષ ઉત્સાહિત કર્યા છે. ૨. વિચાર માસિક તરીકે તેનું સ્થાન તેણે જાળવી રાખ્યું છે. ૩. દુનિયાભરમાં વાચકવર્ગ ઊભો કર્યો છે. ૪. વાચકોને જગાડીને જાગતા રાખ્યા છે અને એકલતાથી મુકત રાખ્યા છે. ૫. અરાજકતામાં રાજકતા લાવવાનું કામ કર્યું છે. ૬. લાગણીઓ અને બુદ્ધિના સખાનું કામ કર્યું છે.

'વિપુલભાઈ ફક્ત પત્રકાર જ નહીં, પણ એક ગુરુ અને ઉસ્તાદ પણ છે. ગોધરાકાંડના સમયે અહીંના મુસ્લિમ અને હિંદુ ગુજરાતીઓ વચ્ચે નફરત ઊભી ન થાય તે માટે તેમણે બ્લેકબર્ન જઈ એવું વકતવ્ય રજૂ કર્યું કે ત્યાંના મુસ્લિમ ગુજરાતીઓને પહેલીવાર અહેસાસ થયો કે તે લોકો પણ ગુજરાતી અને ભારતીય છે અને એ ભાવના કેળવી રાખવા માટે તેઓ વધુ જાગૃત થયા.' આવો ભાવ ઈમ્તિયાઝ પટેલે વ્યકત કરી વિપુલભાઈનો ખૂબ આભાર માન્યો.

હિંમતભાઈ જગાણીના સમાપન બાદ, સુંદર સ્વાદિષ્ટ ભોજન પછી, આશરે સાતેક વાગ્યે આ સમૂળો અવસર આટોપાયો. કુલે ૨૫૦ ઉપરાંત શ્રોતાજનો આ સમારંભમાં હાજર રહ્યાં હતાં, અને આ દિવસ એક સુંદર અને યાદગાર પ્રસંગ તરીકે અહીંના ગુજરાતી ઈતિહાસમાં નોંધપાત્ર સ્થાન મેળવશે.

આ 'સંકેલા'ના ભાગરૂપ, 'ગુજરાતી સાહિત્ય અકાદમી', વિચારપત્ર "ઓપિનિયન" તેમ જ 'નેહરુ સેન્ટર'ના સંયુક્ત ઉપક્રમે, બુધવાર, ૩૧ માર્ચ ૨૦૧૦ની સાંજે એક સરસ મજાની બેઠક નેહરુ કેન્દ્રના સભાખંડમાં યોજાઈ. ભારત પ્રજાસત્તાક રાષ્ટ્ર ઘોષિત થયું તેના સુવર્ણ પર્વના ભાગરૂપ, આ અવસરની ગોઠવણ થઈ હતી. 'નવી સહસ્રાબ્દી અને ગાંધી' જેવો ભાતીગળ વિષય પસંદ કરવામાં આવ્યો હતો. ઉષાબહેન ઠક્કર અને સુદર્શનભાઈ આયંગર મુખ્ય વક્તા હતા. જ્યારે 'હાઉસ ઑવ્ લૉર્ડ્સ'ના સભાસદ અને વિશ્વવિખ્યાત અર્થશાસ્ત્રી મેઘનાદભાઈ દેસાઈએ આ પરિસંવાદનું અધ્યક્ષસ્થાન સંભાળેલું. જ્યારે 'ગુજરાતી સાહિત્ય અકાદમી'નાં નવોદિત મહામંત્રી ભદ્રાબહેન વડગામાએ અકાદમી તથા "ઓપિનિયન" વતી બેઠકનો આરંભ તેમ જ આભારદર્શન કરેલું.

'હિંદ સ્વરાજ' લખાયાને આજે સો વર્ષ પૂરાં થયાં છે. સને ૧૯૦૯ના નવેંબરમાં, બ્રિટનથી દક્ષિણ આફ્રિકા પાછા ફરતાં કિલ્ડોનન કાસલ નામની સ્ટીમરમાં ગાંધીએ આ પુસ્તિકા લખી હતી. આજના નવા મિલેનિયમમાં તેમાં જણાવેલા સિધ્ધાંતો સુસંગત છે કે નહીં તે વિષય પર સુદર્શનભાઈ આયંગર અને ઉષાબહેન ઠક્કર મુખ્ય વકતાઓ હતાં.

કાર્યક્રમની શરૂઆત નેહરુ સેન્ટરના નાયબ નિયામક રાજેશ વાસ્તવે કરી. વકતાઓની ઓળખાણ આપતાં તેમણે સૌને આવકાર્યા. ત્યાર બાદ 'ગુજરાતી સાહિત્ય અકાદમી'નાં મહામંત્રી ભદ્રાબહેન વડગામાએ અકાદમી તેમ જ "ઓપિનિયન" વતી સૌને આવકાર આપી વકતાઓનું, શ્રી વાસ્તવજીનું અને મેઘનાદભાઈનું હાર પહેરાવી સ્વાગત કર્યું. બાહ્ય વાતાવરણની પ્રતિકૂળતાને કારણે સખત ઠંડી હોવાથી અવસરે હાજરી ચાળીસેક જણની રહી હતી.

મેઘનાદભાઈએ જાતે ગાંધીવાદના વિરોધી હોવાની ખુલ્લી જાહેરાત કરી, કહ્યું કે તેમને ગાંધીની એક જ વાત માટે આદર હતો, એ કે ગાંધીએ બ્રિટિશ સત્તા સામે ભારતીયોને લડવા માટે સમર્થ કર્યા. તેમનું માનવું છે કે ગાંધી આધુનિકતાની વિરુધ્ધ હતા, જ્યારે ઉન્નતિ માટે અર્વાચીન ટેકનલોજી અનિવાર્ય છે.

ઉષાબહેન ઠક્કરે પોતાનું વકતવ્ય રજૂ કરતાં કહ્યું કે 'નવા મિલેનિયમ'માં જે મુખ્ય પડકારો છે તેમનો પણ આપણે ગાંધીના સિદ્ધાંતો દ્વારા ઉકેલ લાવી શકીએ તેમ છીએ. આ પડકારો છે - ગરીબીનો અંત આણવો, સ્ત્રીઓને શકિતમાન બનાવવી અને પર્યાવરણની સાચવણી કરવી. તેમણે કહ્યું કે કદાચ ગાંધીના અમુક વિચારો આજના આ ગ્લોબલાઈઝેશનના યુગમાં ઘણાંને જૂનવાણી લાગશે કે પછી તેમનો અહિંસા અને માનવજાતમાં રહેલી સારપમાં શ્રધ્ધાનો સંદેશો કદાચ કોઈને સ્વપ્નસેવી કે અવહેવારુ યે લાગશે.

તેમણે આગળ જતાં ગાંધીના ત્રણચાર સિદ્ધાંતોની બારીકાઈથી ચોખવટ કરી.

**અહિંસા :** ગાંધીએ ઘણા સમય પહેલાં જ કહ્યું હતું કે સત્તા મેળવવાની પડાપડીમાં હિંસા વધુ બળવાન બનશે. ગાંધી માનતા હતા કે શારીરિક હિંસા જેટલી જ ભયંકર રાજકીય અને સામાજિક હિંસાઓ છે. શકિતહીન અને નબળાં લોકોનું શોષણ કે તેમને નીચા પાડવાની કે કચડાયેલાં લોકોના આત્મગૌરવને તોડી પાડવાની વૃત્તિ પણ હિંસાના પ્રકારો છે. ગાંધી કહે છે કે સત્ય આપણો આદેશ છે અને અહિંસા દ્વારા એ હાંસલ કરવાનો છે. આદેશ જેટલી જ શુધ્ધતા તે પૂરો કરવાની પ્રકિયામાં હોવી જોઈએ. એટલે જ સત્યાગ્રહ એ ઉચ્ચતમ શુધ્ધ આત્માઓ માટે એક ઈચ્છનીય કર્તવ્ય છે.

**બધાં માટે સામાન્ય હકો :** ગાંધી માટે અર્થશાસ્ત્ર એટલે સામાજિક ન્યાય. તે કોઈ પણ પ્રકારના શોષણનો, વધુ પડતા વ્યવસ્થાપણાનો, વિચારહીન ઉપભોકતાનો, માનવવેપારનો અને ધનસંપત્તિ તેમ જ સત્તાના કેન્દ્રીકરણનો વિરોધ કરતા હતા. લોભ એમના મને સમાજના પતનનું મૂળ છે. ગેરવાજબી સંપત્તિનો સંગ્રહ ચોરી છે. માનવની ઉન્નતિ ફકત આર્થિક કે સાધનસંપન્નની ઉપભોકતામાં નથી રહેલી. તે નૈતિક હોવી જોઈએ. તેમાં માનવજાતની સમાનતા અને ગૌરવને જાળવવાનાં મૂલ્યો સમાયેલાં હોવાં જોઈએ. એટલે જ સ્તો તે શરીર, મન અને આત્માના સમતુલ વિકાસ માટે તેમ જ વિસ્તૃત અને આત્મનિર્ભર રાષ્ટ્રોનો આગ્રહ રાખતા.

**નીતિશાસ્ત્ર અને રાજકારણનું સંયોજન :** રાજકીય સત્તા ગાંધી માટે એક લક્ષ્ય નહીં પણ લોકો દરેક ક્ષેત્રમાં પોતાની સ્થિતિ સુધારી શકે તે માટેની એક પ્રકિયા છે. રાજકારણના મંચના કેન્દ્રમાં સત્ય અને અહિંસાને એ લાવવા માગે છે. એમના માટે શુધ્ધ અહિંસાનો અમલ કરવો એ લોકશાહી છે. ઉચ્ચ નીતિઓના નિયમન સાથે એકમય થવું એ સ્વતંત્રતા છે - તમારી પાસે સત્ય બોલવાની સ્વતંત્રતા છે, જૂઠું બોલવાની નહીં; કોઈને મદદરૂપ થવાની, પણ મારવાની નહીં. આ બધી નીતિઓ સમાજના અંતરમાંથી સ્ફૂરવી જોઈએ, તે બહારની બીક કે ધાકધમકીના દબાણથી હાંસલ નથી કરી શકાતી, પણ ફરજ, કરુણા અને સહયોગના સિધ્ધાંતોના સ્વૈચ્છિક સ્વીકારથી એ જીવનમાં ઉતારી શકાય છે.

**વાસ્તવિકતામાં વિભિન્નતાનો સૂત્ર :** ગાંધી વિવિધ સંસ્કૃતિઓ અને ધર્મોમાંથી ઉત્તમ વિચારો લેવામાં માનતા હતા. આજના આ વિધવિધ રંગોથી ભરેલા વિશ્વમાં આ સૂત્ર બૌદ્ધિક અને નૈતિક વિકાસ માટે મહત્ત્વનું છે. ગાંધી વાદસંવાદ અને સ્વતંત્રતાની રીતને પ્રોત્સાહન આપે છે. તે કહે છે કે જે સ્વતંત્રતાના આપણે અધિકારી છીએ એવું આપણે માનીએ છીએ એ જ સ્વતંત્રતા સામાને પણ આપણે આપવી જ રહી.

ગાંધી પોતાને કોઈ તત્ત્વજ્ઞાની નથી માનતા, પણ વિશ્વ, આજના આ નવા મિલેનિયમમાં પણ, તેમના બે મુખ્ય સિદ્ધાંતો - સત્ય અને અહિંસા - માંથી પ્રેરણા મેળવે છે.

ત્યારબાદ સુદર્શનભાઈ આયંગરે પોતાના વિચારો દર્શાવ્યા. સુદર્શનભાઈએ ગાંધી અને ઈશુની સરખામણી કરતાં કહ્યું કે બન્નેએ પ્રેમ, કરુણા અને માનવના બંધુત્વ માટે જીવન કુરબાન કર્યું. બન્ને શહીદ થયા, એકે તેને થાંભલે બાંધી ખીલે ચડાવનારા માટે પ્રભુ પાસે ક્ષમા માગી, અને બીજાએ આપણા દરેકના હૃદયમાં રામમંત્ર જગાડ્યો. પણ આ તો અંતરની વાતો છે. આ મિલેનિયમમાં તો દિમાગનું જોર છે. જોઈએ એમાં ગાંધીનો ફાળો કેવોક છે.

ગાંધીએ કહ્યું હતું કે પોષી શકાય તેવા સમાજની રચના કરવા માટે અહિંસાનો માર્ગ જ યોગ્ય છે. તેમણે પોતાના આ વિચારો એક નાનકડી પુસ્તિકામાં નોંધ્યા જેનું શીર્ષક છે 'હિંદ સ્વરાજ'. ૧૯૦૯માં લખાયેલી આ પુસ્તિકા ભલે ભારતને અનુલક્ષીને લખાઈ હોય, પણ તેના આદર્શ દુનિયાભરના દેશોને માટે તેમના પ્રશ્નોને ઉકેલવા માટેના વિકલ્પો દેખાડે છે. વારસાગત મળેલી ભારતીય આધ્યાત્મિકતાને આ યુગને અપનાવવાનું ગાંધી કહે છે. ભૌતિક અતિશયોકિતને કાબૂમાં રાખીશું તો જ નૈતિક વિનાશ થતો અટકશે. આ સિધ્ધાંત દ્વારા ગાંધીએ સમાજ માટે સારી આર્થિક પરિસ્થિતિ ઊભી કરવા માટે એક તત્ત્વજ્ઞાની પાયો નાખી આપ્યો છે. તેમણે સંત સંસ્કૃતિને પ્રોત્સાહન આપ્યું છે જેમાં પહેલાં ત્યાગ કરવો અને પછી જે થોડું હોય તેને પણ વહેંચીને ખાવાનો આદેશ રહેલો છે.

બીજી વાત જે આપણું ધ્યાન માગી લે છે તે છે કે ગાંધીના સિધ્ધાંતો અનુસાર આર્થિક ઉન્નતિ માટે વિજ્ઞાન અને ટેકનોલોજીનો ઉપયોગ. સામાન્ય માન્યતા છે કે ગાંધી યંત્રના ઉપયોગ બાબત વિરોધી હતા, પણ એ સાચું નથી. ગાંધી કબૂલ કરે છે કે ટેકનોલોજી વિકાસ માટે જરૂરી છે, પણ તેની પાછળની

# 'ભૂમાથી મોટું કોઈ સુખ નથી'

• વિપુલ કલ્યાણી

**આદરમાન અનિલભાઈ કાગળવાળા, ભદ્રાબહેન વડગામા, રતિકાકા અને ઠેરઠેરથી પધારી, ઠાઠમાઠે, ચોતરે બેઠેલાં સૌ આપ્તજનો –**

પ્રથમપહેલાં, દિવંગત રતિલાલ જેઠાલાલ ધનાણીની સ્મૃતિને વંદના કરું છું. ગયા રવિવારે એટલે કે ૨૫મી ઍપ્રિલ ૨૦૧૦ના રોજે જ એ મોટે ગામતરે સિધાવી ગયા. આ મુલકમાંના મારા જાહેર જીવનમાં, આરંભ સમયથી, રતિલાલભાઈની દેણગી સક્રિય રહેવા પામી છે. અકાદમીના આજના સ્વરૂપમાં એમનું, આ ધનાણી દંપતીનું, ધ્યાનપાત્ર યોગદાન રહ્યું છે. વિલાસબહેન અને શેષ પરિવાર સાથે જાતને જોડી રાખી, હું ય રતિલાલભાઈના અવસાનને કારણે સહૃદય દિલસોજી વ્યક્ત કરી લઉં છું. તમે સૌ સંગાથે જોડાયેલા જ હશો, તેની ખાતરી છે.

ગુજરાતી સામયિક સંપાદન જગતનું એક વડેરું નામ એટલે ઘનશ્યામ દેસાઈ. "સમર્પણ"ના તંત્રી તરીકે એમણે નવી હવા ઊભી કરેલી અને આ સામયિકનો પરચમ કીર્તિવંત રાખેલો. ગુજરાતી વાર્તાસાહિત્યના તે વળી એક માણીગર અને ઉમદા વાર્તાકાર. ગુરુવાર, ૨૯ ઍપ્રિલ ૨૦૧૦ના એમણે આ ફાની દુનિયા છોડી. મુંબઈના મારા દિવસોમાં, અનેક વાર, અમારે મળવાહળવાનું થયું છે. આમ, એમનું મરણ પણ સ્મરણની કેડીએ ધકેલી લે છે. ઊમીબહેન અને શેષ પરિવારને આપણા સૌની સહૃદય દિલસોજી હજો.

બીજી તરફ, આપણામાંના એક, મોઈનુદ્દીન મણિયાર, આજકાલ, દુબઈ ખાતે હૉસ્પિટલમાં, માંદગીની પથારીએ છે. તેમને પક્ષાઘાતની અસર થઈ છે અને પરિણામે આંખનું નૂર પણ ઓછું થઈ ગયું છે. તે આમાંથી હેમખેમ પાર પડે અને સાજાનરવા થઈ રહે તેમ કિરતારને અંતરમનથી પ્રાર્થના કરું છું.

લાંબા અરસાથી, આપણા એક સહોદર, મિત્ર નિઝાર કાનજી માંદગીને બિછાને ઝીંક લઈ રહ્યા છે. તેમનું સ્વાસ્થ્ય સુધરે અને તે તંદુરસ્તી ફેર મેળવે તેવી સહૃદય પ્રાર્થનાઓ કરતો રહ્યો છું. તમે ય સૌ સામેલ હશો, તેમ સમજણ.

આપણા એક વરિષ્ટ સાથીદાર નાગેશ ઓડેદરા ય ખાસ સાંભરે છે. નિષ્ઠાવાન, સજ્જન અને હૂંફાળા મનેખ. પીઠની વ્યાધિને કારણે તેમની સક્રિયતા આપણને સાંપડી શકતી નથી. વચ્ચે ખૂબ માંદા રહેતા હતા; હવે તેમાંથી થોડાઘણા અંશે બહાર આવ્યા છે. આજે તેમની ય ખોટ સાલે છે. પરમકૃપાળુ પરમેશ્વર તેમને તંદુરસ્ત સ્વાસ્થ્ય ફેર બક્ષો, એમ સહૃદય અરજ કરું છું.

આ અવસરે મને અગત્યનું એક નામ ખાસ સાંભરે છે : દીપક બારડોલીકર. અવસ્થાને કારણે તે અહીં આવી શક્યા નથી. કુદરત તેમને સુખ શાંતિ અને તંદુરસ્તી આપે, તેમ સહૃદય દૂઆ ગુજારું છું. બળવંતભાઈ નાયક, વનુભાઈ જીવરાજ, ચંદુભાઈ મટાણી, રોહિતભાઈ બારોટ પણ પ્રતિકૂળતાઓને કારણે આવી શક્યા નથી. તે દરેક પણ સ્મરણ વાટે અડખેપડખે જ રહ્યા છે.

આટઆટલી સંખ્યામાં તમે સૌ અહીં આવી શક્યા છો તેને મારા તરફનો સ્વાભાવિક સ્નેહ જ લેખું. તમને દરેકને વંદન કરું છું.

આ અવસરે તમે મારા વડીલ મુરબ્બી રતિલાલભાઈ ચંદરિયાને અતિથિ વિશેષ તરીકે લાવી શક્યા, તે અંગે કયા શબ્દે, દોસ્તો, ઓશિંગણભાવ વ્યક્ત કરું ? રતિકાકા સાથેનો મારો સંબંધ બાપદીકરાનો હોય તેવી ઘનિષ્ટતા અનુભવું છું. હા, આ ઇન્ટરનેટના માધ્યમથી એમણે ગુજરાતીની જે ખિદમત કરી છે, તેનો જોટો મેળવવો અઘરો જ છે. વળી, એમણે 'ગુજરાતીલેક્સિકૉન'ની જે સેવા કરી છે તે ગુજરાતીને ક્ષેત્રે લાંબા ગાળા સુધી અપૂર્વ રહેવાની છે. તે આખા આંદોલન સંગાથે સક્રિયપણે સંકળાવાનો મને યોગ સાંપડ્યો છે, તે સહજ સ્વાભાવિક મારું અહોભાગ્ય છે. રતિકાકા મારા પરિવારના ય વડીલ છે અને આ અવસરે અહીં હાજરાહજૂર છે, તેથી સાંગોપાંગ પોરસાઉં પણ છું. આ બધાને પરિણામે, અકાદમી અને "ઓપિનિયન" બંને, રતિલાલભાઈનો, ચંદરિયા ફાઉન્ડેશનનો તેમ જ ગુજરાતીલેક્સિકૉનનો સમય સમય પરે સક્રિય હૂંફટેકો મેળવી શક્યા છે, તે બડી મોટી ઘટના છે. તેમને હું વંદન કરું છું.

ગુજરાતી સાહિત્ય અકાદમીનાં અગ્રેસરો, કાર્યવાહકો માટે શું કહું ? તમે દરેકે ભારે ઉમંગે આ અવસર કર્યો છે. અનિલભાઈ, ભદ્રાબહેન, લાલજીભાઈ, સુષમાબહેન, વિજ્યાબહેન, રમણભાઈ, અનિલભાઈ તમારો જેટલો અને જેવડો આભાર માનું તે સ્પષ્ટ ઓછો જ સાબિત રહેવાનો. એમાં એક નામ અલાયદું તારવું છું : ભદ્રાબહેન વડગામા. ગયા વરસના જુલાઈ માસથી એ આ મિષે ખૂંપેલાં જ રહ્યાં. વિવિધ સંસ્થાઓનાં આગેવાનો જોડે, અકાદમીમાંનાં સાથીસહોદરો સંગાથે, એમણે રાત નથી જોઈ, દિવસ નથી જોયો. એમની આ સતત સક્રિયતા મને ચકિત કરી રહી છે. શાંતિભાઈ વડગામાએ આ કામનું ને આ અવસરનું આ 'ગાંડપણ' પણ હોંશેહોંશે સહી લીધું જ હશે. શું કહું મિત્ર શાંતિભાઈને ? આભાર; ધન્યવાદ ? ના, તેમાં ઠાલા શબ્દોના ખડકલા લાગશે. ધન્યતા અનુભવું છું.

•

### ઉજવણાંની મર્યાદામાં સન્માનપત્રનું શ્રેય

જન્મગાંઠો, જયંતીઓ, સુવર્ણ-હીરક મહોત્સવો, વનપ્રવેશોત્સવો એ સાહિત્યકારોનાં, કલાકારો કે જાહેર સેવકોનાં જીવનનો થાક ઊતારવા માટે ને તેમનામાં શુભેચ્છકોની સહાનુભૂતિનું બળ રેડી એમના પગને પ્રોત્સાહિત કરવા માટે જરૂરનાં બને છે.

આવાં ઉજવણાંને સમગ્ર પ્રજા તરફથી યોજાતાં હોવાનો સ્વાંગ ન પહેરાવીએ. શુભચિંતકોનું મંડળ જો શાણું હશે તો આવા ઉત્સવોની મર્યાદાઓનું પાલન કરવામાં જ પોતાના સન્માનપાત્ર સ્નેહીનું શ્રેય સમજશે. અતિશયતા જેવી બીજી એકેય હાંસી નથી. ઉત્સવોમાં જેટલી અતિશયતા બતાવવામાં આવતી હોય છે તે બધી એક યા બીજે પ્રકારે ઊભી કરવામાં આવેલી હોય છે, એ વાત જગત જાણતું હોય છે.

**– ઝવેરચંદ મેઘાણી**

**("જન્મભૂમિ", ૨૦.૧૦.૧૯૪૦)**

•

મહેન્દ્રભાઈ મેઘાણીએ સામાન્ય વાચકોને રસાસ્વાદમાં સહભાગી બનાવવા, ઝવેરચંદ મેઘાણીકૃત 'પરિભ્રમણ'માંથી પ્રસાદી વહેંચી છે, તેમાંથી આ અવતરણ લીધું છે. 'જાહેર સેવકોનાં જીવનનો થાક ઊતારવા માટે ને તેમનામાં શુભેચ્છકોની સહાનુભૂતિનું બળ રેડી એમના પગને પ્રોત્સાહિત કરવા માટે જરૂરનાં બને છે.' મારા દાખલામાં પણ આ જ અગત્યનો મુદ્દો ઠરે છે.

૧ ઑક્ટોબર ૨૦૦૩ના "નિરીક્ષક"માં મારા એક ઉત્તમ મિત્ર, દિવંગત જયન્ત પંડ્યાએ સરસ મજાના ચરિત્રનિબંધને અંતે લખેલું : ' … મધ્યયુગના નાઈટ-એરન્ટ [Knight-errant] સમા ઊભા છે વિપુલ કલ્યાણી. રાણી

---

માનવીની અસંતોષી દોડ અને તે માટે કરાતું માનવ શોષણ ગાંધીના સિધ્ધાંત વિરુદ્ધ છે. મનુષ્યને રોજગારી વિહોણા બનાવી દેનાર મશીનરીના પણ ગાંધી વિરોધી હતા, પણ ગધ્ધાવૈતરું ઓછાં કરવાનારાં મશીનોના તે હિમાયતી હતા. એમની આ વાત ત્યારે અને આજે પણ વ્યવહારિક લાગે છે. આજે પણ પર્યાવરણના શોષણ અને તેના બચાવ માટે વિશ્વના દેશો જાગૃત થઈ આવશ્યક પગલાં લઈ જ રહ્યાં છે.

પરંતુ આ વિષયે ગાંધીની દૃષ્ટિ અલગ હતી. બરજોરીથી પર્યાવરણની સલામતી નથી સચવાતી. આમાં તો માનવ કેન્દ્રમાં હોવો જોઈએ. દરેકે દરેકને પોતાની આસપાસની કુદરતી સૃષ્ટિને બચાવવાની આંતરિક ભાવના હોવી જોઈએ. પ્રેમ અને કરુણા દ્વારા આ કેળવી શકાય એ એમની દલીલ છે. તેજ રીતે માનવ દ્વંદ્વો પણ આ ગુણોથી નાબૂદ કરી શકાય છે.

નારાયણ દેસાઈ કહે છે તેમ, 'ગાંધીજીવન અને વિચારમાં બે ઘટકો છે. એક છે તંત્ર અને બીજું છે તત્ત્વ. તંત્ર તો સમયેસમયે બદલતું રહે છે, પણ તત્ત્વ ચિરંજીવી છે.' આ તત્ત્વને મેં તમારી સમક્ષ મૂક્યું છે અને તે તત્ત્વ દરેકે દરેક શતાબ્દી અને દરેકે દરેક મિલેનિયમમમાં, બલકે મનુષ્ય જાતિની હયાતિ સુધી માનવને માટે સુસંગત રહેશે.

આ પછી થોડી પ્રશ્નોત્તરી થઈ અને આભારદર્શન થયા પછી અલ્પાહાર લઈને લોકોએ વિદાય લીધી.

[72A Long Lane, ICKENHAM, Middlesex UB10 8SY, U.K.]

એમને નાઈટહુડ આપે કે ન આપે, પણ વાણીએ તો આપી દીધું છે. કોને ખબર એ વાણી આવનારા ભવિષ્યનું એંધાણ નહીં હોય, સર વિપુલ કલ્યાણી !'

જયન્ત પંડયા દીધા આ 'વાણી ખિતાબ' પછી, આજનું આ સન્માન સ્વાભાવિક મારામાં આનંદની હેલી પેદા કરે છે. અકાદમી હેઠળ, આજના આ અવસરે, તમે સૌએ મને અધ્યેતાપદના બાજોઠે બેસાડ્યો છે. જાણું છું આ સન્માન કેવળ આ સ્મૃતિચિહ્ન જ નથી, તેની પાછળ મોટીમસ્સ જવાબદારીઓ પણ છે. એથીસ્તો, એ અનુસાર, હું ક્યાં ય ઊણો ન ઉતરું અને ઉપર ઊઠી શકું તેમ જ મન-વાણી-કર્મ વડે ફરજકામ બજાવતો રહું, તેવી જગતનિયંતાને અરજ ગૂજારતો રહીશ.

ઋણભાવ, ઓશિંગણભાવ વ્યક્ત કરવા 'ગુજરાતી સાહિત્ય અકાદમી' શું કરી શકે ? વરસો પહેલાં અકાદમીના અગ્રેસરો તથા ધુરીણો વચ્ચે આ માનદ્ અધ્યેતાપદનો વિચારવિમર્ષ થયો અને તેની અમલબજાવણી ય થઈ. 'બૃહદ્ ગુજરાતના સાહિત્ય, ભાષા અને સંસ્કૃતિના ક્ષેત્રનાં વિવિધ આહ્વાનોને ઝીલીને ગુજરાતની અસ્મિતાના પ્રહરી બનવા માટે તેમ જ ભાષાશિક્ષણ ક્ષેત્રે પ્રચાર-પ્રસારનાં વિધવિધ અભિયાનમાં મૂલ્યવાન પ્રધાન અનુદાન આપવા સારુ' આ અધ્યેતાપદ એનાયત કરવામાં આવે છે. સૌ પહેલાં માનદ્ અધ્યેતા નિયુક્ત થયા રઘુવીરભાઈ ચૌધરી. તેમના પછી જગદીશભાઈ દવે, મનુભાઈ પંચોળી 'દર્શક', હસુભાઈ યાજ્ઞિક, જયન્તભાઈ પંડયા, મહેન્દ્રભાઈ મેઘાણી અને પોપટલાલભાઈ જરીવાળાને આ સન્માન એનાયત થયેલાં. મનુભાઈ પંચોળી, જયન્ત પંડયા અને પોપટલાલ જરીવાળા હવે હયાત નથી. આથી, રઘુવીર ચૌધરી, જગદીશ દવે, હસુ યાજ્ઞિક અને મહેન્દ્ર મેઘાણીનાં પેંગડામાં મારે પગ ઘાલાવાના છે.

અને આ કેટલી વીસુએ સો થાય છે તેની સમજણ ધીમે ધીમે આવી મળશે. અબીહાલ, તો આ સન્માનનાં ઉજવણાંમાં મદમસ્ત મોજ કરી લઉં; પછીની વાત પછી !

•

ગિજુભાઈ બધેકાની એક વાર્તા સાંભરે છે. નામ તેનું 'ધર્મી પુરુષ'. લો, ત્યારે સાગમટે માણીએ :

ભર ઊંઘમાંથી જાગીને જોઉં તો આખો ડબ્બો ઊભો થઈ ગયો છે. એક બહેન ઉપર સૌ ગાળોના વરસાદ વરસાવે છે. માણસથી સાંભળ્યું ન જાય. હું ઊઠ્યો ને આગળ આવ્યો. 'કેમ ભાઈ! શું છે ?'

મારે માથે ધોળી ટોપી હતી એટલે એક ભાઈને બમણી ખીજ ચડી. ચિડાઈને બોલ્યા : 'બીજું શું હોય ? આ ગાંધીવાળાએ બધું બોળી માર્યું ! આખી દુનિયાને વટલાવી મારી. માણસના ઘરમાં ખાવા ધાન ન રહ્યું !'

'તે એમાં આ બહેનને ગાળો શા માટે દ્યો છો ?'

'ગાળો ન દે તો શું કરે ? આખો ડબ્બો અભડાવી માર્યો ! ઢેડડી થઈને જાણતી નથી ?'

'તો આપ બીજા ડબ્બામાં જાઓ.'

'જા જા, આપવાળા !'

નરમાશથી કામ નહીં થાય એમ જાણીને મેં જરા કડકાઈ વાપરવા માંડી.

'ભાઈ ! તમે જરા ખસતા બેસો. અહીં બે જણાની જગા છે. બાઈ બિચારી બચરવાળ છે. આપણે ઊભા થઈને એને જગા આપવી જોઈએ.'

'આવું તે ક્યાંઈ હોય ? જો મોટો દયાધર્મી આવ્યો !'

'ધર્મી તો આપ છો. કંઠી તમારા ગળામાં છે. એટલે તમારે ય દયાધર્મ તો હોય ના ! એણે ય પૈસા આપ્યા છે ને ?'

મારું ભાષણ સાંભળીને સૌ એકબીજા સામે જોવા માંડયા; પણ કોઈ હલે કે ચલે. એટલે મેં બાઈના એક છોકરાને લઈને મારી જગાએ બાંકડા પર બેસાડ્યો ત્યાં બધા ઊભા થઈ ગયા. આખું પાટિયું ખાલી થઈ ગયું. મેં કહ્યું : 'બહેન ! હવે તમે નિરાંતે સૂઈ જાઓ.'

•••

છે તો ફક્ત ૧૯૭ શબ્દોની જ આ વાર્તા. જાણે કે એક લઘુ વાર્તા. આર. આર. શેઠની કંપનીએ 'શ્રી દક્ષિણામૂર્તિ બાલસાહિત્ય' મથાળા હેઠળ, ગિજુભાઈની શતાબ્દી જયંતી ટાંકણે, આ પ્રકાશન કર્યું હોય, તેમ સમજાય છે. ટૂંકામાં, 'છેટાં રે'જો, માબાપ!' ચોપડીમાંથી આ બાળવાર્તા સ-આદર લીધી છે. આ લઘુવાર્તામાંના કેટલાક શબ્દો માટે ગણ્યાંગાંઠ્યાં કર્મશીલોને સ્વાભાવિક તકરાર રહેવાની. તેનો અંદાજ જરૂર છે. આ વાર્તાના લેખકને પણ તેની લેખિની માટે અબાધિત અધિકાર છે. અને તેનાં ચેડાં કરવાનો મારે કોઈ જ મનસૂબો નથી. માટે શબ્દના કોઈ જ ફેરફાર વિના, લેખકના અધિકારનું સન્માન કરવાનું જ રાખીશ. યાદ આવતું હશે : પ્રાચીન ગ્રીક તત્ત્વવેતાઓની જીવનરેખા લખનાર ડાયોજિનીસ લેઇરટિયસે ક્યાંક લખ્યું છે તે : થેલ્સને શું મુશ્કેલ છે તે સમજવા જ્યારે સવાલ કર્યો, ત્યારે જવાબમાં તે કહે : 'પોતાની જાતને પામવું'. અને સહેલુંસટ્ટ શું છે ? તો કહે, 'બીજાને સલાહ આપવી.' અને મારે સલાહ આપવામાંથી ટળતા રહેવાનું હોય. મારે માટે 'પોતાની જાતને પામવાનું' અગત્યનું કામ છે. આ જેટલું વ્યક્તિ માટે સાચું છે, તેટલું તે સંસ્થા, સમાજ, દેશ, રાષ્ટ્ર અને વિશ્વ માટે ય અગત્યો મુદ્દો બને છે.

વારુ, આ લઘુકથામાંથી આટલું આપણે વિચારવાને લઈએ તો કેવું ? (૧) બહેન ઉપર ગાળોનો વરસાદ. (૨) ગાંધીવાળાએ બધું બોળી માર્યું. (૩) આખી દુનિયાને વટલાવી મારી. માણસના ઘરમાં ખાવા ધાન ન રહ્યું. (૪) આખો ડબ્બો અભડાવી માર્યો. (૫) જો મોટો દયાધર્મી આવ્યો. (૬) કંઠી તમારા ગળામાં છે. એટલે તમારે દયાધર્મ તો હોય ના. (૭) આખું પાટિયું ખાલી થઈ ગયું. (૮) બહેન ! હવે તમે નિરાંતે સૂઈ જાઓ.

પેલી બાળવાર્તા યાદ આવે છે કે ? ઘેંટાનું બચ્ચું વોંકળે પાણી પીવા ગયેલું. ત્યાં શિયાળે કે વરુએ બોલાચાલી કરેલી. પાણી બોટવા માટે તેણે લાગલા બાળઘેટા સાથે અથડામણ આદરેલી. બીચારું ઘેટું કહેતું જ રહ્યું : તમારું બોટેલું પાણી તો પીઉં છું, તેનું શું ? તો કહે, સામું બોલશ ? તેં નહીં બોટ્યું હોય તો તારા માવતરે કે પરદાદાએ બોટ્યું હશે ! … મારા મહેરબાન ! કેવું છે તમારે કાંઈ ?

આવું આવું આપણે રોજેરોજ અનુભવતા નથી ?

હવે પેલી લઘુવાર્તા ભણી વળીએ. તેના સૂચિતાર્થો ય પામીએ. અહીં બહેન ઉપર ગાળોનો વરસાદ વરસાવાયો છે. આ વાર્તા, ભલા, ક્યારે લખાઈ હશે ? ગિજુભાઈ બધેકા(૧૮૮૫-૧૯૩૯)ના અવસાનને ય હવે સિત્તર એકોત્તેર વરસો થયાં. એટલે કે આ લખાણ આશરે ૭૫ વર્ષ પહેલાંનું હોય. આપણે અહીં વિલાયતમાં રહીએ છીએ. તે પછી પણ સ્ત્રીદાક્ષિણ્યને સારુ આપણી જમાત તસુ ભાર પણ ઉપર ઊઠી શકી છે ખરી ? ગુજરાતમાંથી અને ભારતમાંથી મળતા રહેતા સમાચારો અનુસાર આ ક્ષેત્રમાંની અવહેલના પારાવારની જોવા સાંભળવા મળે છે. અકાદમીના પાંચ અધિકારીઓમાંથી ત્રણ - ભદ્રાબહેન વડગામા, સુષમાબહેન સંઘવી અને વિજ્યાબહેન ભંડેરી - સ્ત્રીસશક્તિકરણનો મુદ્દો પૂરવાર કરે છે. આશા રાખીએ કે અહીં નરદમ નવી હવા જાગૃત થાય અને તે પારાવાર ચોમેર વિસ્તરે. મનુભાઈ પંચોળી જ આપણે ૧૯૮૩ના અરસામાં બહેનોની જાગૃતિનાં કામો પર ભાર રાખવાનું કહી ગયેલા. યાદ હશે, નહીં ?

ગાડીમાંનો પેલો ઊતારુ ભાઈ, 'ગાંધીવાળાઓને' ભાંડે છે અને કહે છે કે તેમણે 'બધું બોળી માર્યું' છે. અહીં ગાંધીવાળા એટલે સુધારા કરનારાઓ, ઉદારમતીઓ, પ્રગતિશીલ માનસના લોકો, કર્મશીલો. અને આ તો અતિશયોક્તિવાળું બોલવું છે. આવું આવું મંતવ્ય ક્યારે ય સાચું હોતું નથી. હિતશત્રુઓ, સતત, સુધારાવાદીઓની ટીકાઆલોચના કરતા આવ્યા છે, તેમ માનવઇતિહાસ નોંધતું રહ્યું છે. કેમ કે તેમનાં હિત જોખમાતા હોય તેમ તેમને લાગે છે. અને મોટે ભાગે તેમની દલીલોમાં અતિરેક ભળે છે અને પછી અનુમાનોનું જગત તે ઊભું કરી દે છે. માટે પેલી વાર્તામાં આખી દુનિયાને વટલાવી મારવાની તે વાત છેડે છે. આખી દુનિયા એટલે કઈ અને કેવડી દુનિયા ? માણસના ઘરમાં ખાવા ધાન ન હોય, તો તેને અને આ કહેવાતી આભડછેટની બાબતને શો સંબંધ હોય ? આજે ય ગુરુતાગ્રંથિમાં રાચતી વ્યક્તિઓને, જે તે દલીલોની પછીતે, આક્રમક વાતો કરતા આપણે ભાળીએ જ

છીએ ને. આ તો આપણો રોજ-બ-રોજનો અનુભવ છે. અને આપણે, ભલા, આને શું કહીશું – અતિશય અલંકાર !? અને આ લઘુવાર્તામાંથી તારવેલા પછીના મુદ્દામાં તો દંભ અછતો રહેતો નથી. અને પછી, પરિણામલક્ષી વૃત્તિ કૂદાકૂદ થતી હોય તેમ લાગે છે !

અને હવે છેલ્લે, લેખક, બહેનને ઉદ્દેશીને, કહે છે : 'બહેન ! હવે તમે નિરાંતે સૂઈ જાઓ.' વારુ, આ લઘુવાર્તા સારી છે. તેનો અંત પણ સરસ છે. ત્યાં સુધી સઘળું સરસ સરસ. પણ વાસ્તવમાં, આમ કહેવાય ? આ તો 'કામ સર્યું, એટલે વૈદ્ય વેરી' શો ઘાટ થયો ન ગણાય ? પરિણામ વખતે પણ વિવેક છંડાય જ શા માટે ? માણસે સમથળ રહેવાનું કેળવવું જોઈએ.

ખેર ! મારે જે કંઈ કહેવાનું છે તેની પીઠિકા સરસ રીતે બંધાઈ હોવાથી, હવે કહીશ કે આ બત્રીસ વર્ષના ગાળામાં સંપૂર્ણપણે બંધારણને વફાદાર રહીને અકાદમીનો કારોબાર કર્યો છે. આરંભે વ્યક્તિઓને સાંચવવાનું રાખેલું; અને તેમાં ખૂબ વખત જતો રહેતો. મોટે ભાગે નિષ્પન થતું નહીં, અને નાહકના સમય અને શક્તિ વેડફાતાં હતાં. આથીસ્તો, આથમતા આઠમા દાયકાથી અને નેવુંમા દાયકાના ઉઘાડથી વ્યૂહરચના બદલી. કારોબારમાં આદર્શ, ધ્યેય, હેતુને સતત નજરમાં રાખ્યા; જે તે વ્યક્તિને જ પ્રધાનપદે બેસાડવાથી દૂર રહ્યો. આવું છતાં, શક્ય તમામ રીતે, વિવેક, માનવતા અને શિષ્ટાચારમાંથી ચ્યૂત થવાના પ્રસંગો આવ્યાનું સાંભરતું નથી. અકાદમીના બંધારણમાં આમેજ આદેશાત્મક બાબતોને કેન્દ્રમાં રાખી, પ્રકાર પ્રકારના નકરા સાંસ્કૃતિક રાષ્ટ્રવાદથી પણ છેટા રહેવાનું રાખ્યું છે. આવી સંકીર્ણતાના વિધવિધ પડકારોનો સામનો કરવા સબબ ક્યારેક બોલવાનું થયું છે તો ક્યારેક લખવાનું પણ થયું છે. અને તેને માટે મને ત્યારે ય ઉચાટ હતો નહીં અને આજે પણ લગીર નથી. જાણું છું કે કેટલાકને આ સારુ મારો વાંક પણ વસતો હોય તેમ લાગે; પણ મને તેમની સાથે કોઈ તકરાર નથી. આવા આવા લોકોની સમજણ ક્યારેક ક્યાંક ટૂંકી પડતી હોવાનું મને સમજાયું છે. કેમ કે એમને કદાચ સમૂહ માટેના દીર્ઘકાલીન લાભો વસેલા ન પણ હોય. આ સાતત્યભર્યા સઘળાં કામોને કારણે ગુજરાતી સાહિત્ય અકાદમીનું માન અને સ્થાન અવ્વલ દરજ્જાનું થયું છે અને તેને માટે અકાદમી તેમ જ તેની કાર્યવાહી સમિતિનો બડભાગી મજબૂત ટેકો રહ્યો છે. કાર્યવાહી સમિતિમાંનાં આજ સુધીનાં તમામ હોદ્દેદારો અને સભાસદો પ્રત્યે, આથીસ્તો, સહૃદય ઓશિંગણભાવ વ્યક્ત કરું છું.

'ગુજરાતી સાહિત્ય અકાદમી' નિતાંતપણે સ્વાયત્ત સંસ્થા છે. અને આથી, બહારનાં વર્તુળોની રોકટોક વિના, તેનો કારોબાર ચાલતો રહે તેમ સતત સક્રિય વલણ રાખેલું. જેમ તળ ગુજરાતમાં, તેમ અહીંના વાતાવરણમાં ય મુખ્ય બે અખબારોની લડતમાં બાકી સૌને પોતાની કોરેમોરે રાખવાનો, ધડકી અને ધોકા સમેતનો, પ્રયાસ થતો આવ્યો છે. તેવે ટાંકણે અકાદમીનું વલણ બિન જોડાણનું જ રહ્યું. તેને કારણે સહેવાનું પણ આવ્યું છે. પરંતુ તે નાનો અમથો રંજ જ રહ્યો. અખબારોની આ ઉપેક્ષા અને ઉદાસીનતા અકાદમી માટે નબળાઈ સાબિત થઈ જ નથી. તે નબળાઈને સબળાઈમાં ફેરવી જાણી છે. તેને સબળાઈ લેખી વિશેષપણે સજાગ રહેવાની આવડત કેળવાઈ છે. આપણા દરેકનો અનુભવ છે કે એક બારી બંધ થાય અને કુદરત બીજી ખોલી આપે છે; એક બારણું વાસી દેવાય છે અને બીજો દરવાજો ખૂલતો હોય તેમ અનુભવીએ જ છીએ. આ કુદરતનો ક્રમ છે. આથીસ્તો, તેવી પરિસ્થિતિને લીધે સમજદારીથી કામ ઉકેલવા માટે સ્વઆધારે કામો સમ્પન્ન કર્યા છે અને જયવારો ય મેળવ્યો છે. આ ઉપેક્ષા અને ઉદાસીનતાને કારણે અકાદમીની શક્તિને ઓર મજબૂત કરી શકાઈ છે. કાર્યકરો વધુ ક્ષમતા કેળવી શક્યાં છે અને પોતાની સમજણ અને શક્તિને ઉજાગર કરી શક્યાં છે. આ બડીમોટી વિરાસત છે. આથી, આવી તક આપવા સારુ, આ અખબારોનો, આ તકે, હું જાહેર આભાર માનું છું.

એક સામિયકની તરફદારીને કારણે સમાજને કેટકેટલું નુકસાન થતું રહ્યું છે તેનો અંદાજ સૌને મળી શકે તો સરસ. માટે આ રજૂઆત. આ મુલકમાં, "ગુજરાત સમાચાર" ઉપરાંત "ગરવી ગુજરાત" પણ છે, અને "ઓપિનિયન" પણ છે, તેવો સમજણનો વહેવાર આપણામાં હવે જાગૃત થાય તો ય ઘણું. છેલ્લા જાન્યુઆરી માસથી તો "ઓપિનિયન" આશરે દશપંદર હજાર આંગણે પહોંચે છે. કેટલાં વાંચતાંજોતાં હશે તેનો કોઈ અંદાજ નથી. વખત જતા, આ ય આંકડો વધી શકે છે.

દોસ્તો, તમારામાંથી ઘણાં બધાં સુધી "ઓપિનિયન" પહોંચી શક્યું છે. આ ડિજિટલ આવૃત્તિ મેળવવાની જેમને ઈચ્છા હોય તેમને એટલી અરજ કરું કે તમારા સુધી નિયમિતપણે પહોંચી શકે તેવું તમારું ઈન્ટરનેટ મેઈલ સરનામું અમને જરૂર આપજો. તમને અમે ગમતાનો ગુલાલ કરતા રહીશું. તે જ પ્રમાણે, "નિરીક્ષક"નો ય વ્યાપ વધે તે આવશ્યક છે. તમે તે પાક્ષિક નિયમિત મેળવો તેમ સક્રિય કરવા વિનવણી જરૂર કરીશ. આ બંને સામિયકોમાં ય ડાયસ્પોરી લખાણ આવતું રહેવાનું છે. કવિલેખકોને, કલમીઓને તેમનાં ઉચિત લખાણ મારા સુધી પહોંચતાં કરવાનું આ તકે ઈજન પણ આપું છું.

દરમિયાન, અમદાવાદથી પ્રકાશિત દૈનિક, "દિવ્ય ભાસ્કર"ના ૨૮ ઍપ્રિલ ૨૦૧૦ના અંકમાં, 'જીવન દર્શન' કટારમાંનાં 'દરેકની માતૃભાષાનું સન્માન કરવું જોઈએ' નામક લખાણ પરે મારું ધ્યાન ગયું. તે આમ છે :

'ભાષા વિચારોની અભિવ્યક્તિનું સશક્ત માધ્યમ છે. જ્ઞાનના પ્રસાર સ્વરૂપે દરેક ભાષાનું સન્માન કરવું જોઈએ. પોતાની ભાષા સાથે બીજાની માતૃભાષાનો પણ એટલો જ આદર કરવો જોઈએ.

'મહાત્મા ગાંધી તેમના વર્ધા ખાતેના આશ્રમમાં હતા. તેમને મળવા માગતા લોકોની દરેક જગ્યાએ ભીડ લાગેલી રહેતી હતી. ગાંધીજીએ પોતાની દિનચર્યા અંતર્ગત બ્રાહ્મમુહૂર્તમાં ઊઠયા અને બધાં જ જરૂરી કામ પૂરાં કર્યા. થોડા ઘણા પત્રો લખીને તેઓ બેઠક રૂમમાં આવ્યા અને આગંતુકોને મળ્યા. થોડા સમય બાદ એક અંગ્રેજ સજ્જન ગાંધીજીને મળવા આવ્યા. તેઓ ગાંધીજીનાં કાર્યોથી ખૂબ જ પ્રભાવિત હતા આથી તેમના પ્રત્યે સન્માન ધરાવતા હતા. એકબીજાનું અભિવાદન કર્યા બાદ બંને વચ્ચે વાતચીત ચાલુ થઈ.

'અંગ્રેજ સજ્જન થોડી હિન્દી જાણતા હતા. આથી તેમણે ગાંધીજી સાથે હિન્દીમાં વાત ચાલુ કરી, પરંતુ ગાંધીજી તેમના સવાલોના જવાબ અંગ્રેજીમાં જ આપતા રહ્યા. ત્યાં હાજર લોકોને આ સ્થિતિ થોડી વિચિત્ર લાગી. અંગ્રેજ સજ્જન પણ ચકિત હતા કેમ કે ગાંધીજી માતૃભાષા હિન્દીના તરફદાર હતા. જ્યારે તે સજ્જન ઊભા થઈને ગાંધીજીથી છૂટા પડ્યા તો ગાંધીજીએ અંગ્રેજીમાં તેમને કેટલાક સન્માનસૂચક શબ્દો કહ્યા અને ફરીથી આવવા જણાવ્યું. ત્યારે તે સજ્જન પોતાની જાતને રોકી શક્યા નહીં અને ગાંધીજીને પૂછી જ લીધું કે મહાત્માજી, હું તો તમારી માતૃભાષા હિન્દીમાં જ તમારી સાથે વાત કરતો રહ્યો, પરંતુ તમે મારી સાથે શા માટે અંગ્રેજીમાં વાત કરતા રહ્યા? ગાંધીજીએ જવાબ આપ્યો કે જ્યારે તમે મારી માતૃભાષાનું આટલું સન્માન કરો છો તો પછી મારે પણ તમારી ભાષાનો આદર કરવો જોઈએ ને?

'ગાંધીજીનું વિશાળ હૃદય જોઈને અંગ્રેજ સજ્જનના મનમાં તેમના પ્રત્યે શ્રદ્ધાભાવ જાગૃત થઈ ગયો. એટલે કે ભાષા આપણા વિચારોની અભિવ્યક્તિનું સશક્ત માધ્યમ છે અને આપણા વિચારો જ્ઞાનના વાહક હોય છે. જ્ઞાનના પ્રસાર સ્વરૂપે દરેક ભાષાનું સન્માન કરવું જોઈએ. આથી આપણે પોતાની ભાષા સાથે બીજાની માતૃભાષાનું પણ હૃદયપૂર્વક સન્માન કરવું જોઈએ.'

તો બીજી પાસ, "નિરીક્ષક" તંત્રી પ્રકાશ ન. શાહે, ૧ ઍપ્રિલ ૨૦૧૦ના અંકમાં લખેલું તે દોહરાવવાનું ય મન કરું છું :

'ગુજરાતી લિટરરી એકેડેમી અને "ઓપિનિયન" બેઉનો જે એક મોટો ગુણ મને વસે છે તે નાતજાતકોમરાષ્ટ્રથી હટી શકતી, ઊંચે ઊઠી શકતી, ઉફરાટે ચીલો ચાતરી શકતી ભૂમિકાનો છે. રાજેન્દ્ર શાહની પેલી રચનામાં આવે છે ને કે ઘર છોડી જનારને મળતી વિશ્વતણી વિશાળતા, એવું યે કાંક આ ભૂમિકામાં બીજરૂપ સંભાવનારૂપે રહેલું છે. લૉંગિગ અને બીલૉંગિગની આ રમણા અને ઉપનિષદનાં ઋષિવચનો - 'ભૂમાથી મોટું કોઈ સુખ નથી' - બંને વચ્ચે મને હંમેશ એક વિલક્ષણ સામ્ય લાગ્યું છે. આરણ્યકને સારુ તો આજના જેવી યાતાયાતસુલભતા દુર્મિળ હતી, એ જોતાં એને માટે ભૂમાસુખ તે આંતરિક અનુભૂતિની બાબત હતી. આપણો જે નવયુગી નિર્વાસિત નાયક, એને તો

જૂનીનવી દુનિયાઓની - અહીંની તેમ તહીંની - એટએટલી અથડામણ અને એટએટલી ઐશ્વર્યસામગ્રી નસીબ હોઈ શકે છે કે સગવડો અગવડ લાગે અને અગવડો સગવડ લાગે! સંક્રાન્તિ, ઉત્ક્રાંતિ, ક્રાન્તિની આ સંમિશ્ર પરિસ્થિતિમાં એને સારુ ભૂમાસુખની સાધના એ કદાચ ઉપનિષદના ઋષિ કરતાં વધુ આકરો પડકાર છે.'

પોતાની ભાષા સાથે બીજાની માતૃભાષાનું પણ હૃદયપૂર્વક સન્માન કરવું જોઈએ તેવો ગાંધીબોધ્યો આ સક્રિય ભાવ અને પ્રકાશ શાહ જેને સ્પષ્ટ કરી આપે છે તે 'નાતજાતકોમરાષ્ટ્રથી હટી શકતી' અકાદમીની ભૂમિકાની ખાસ જિકર કરવી છે. ગુજરાતી સાહિત્ય અકાદમીના ફલકમાં, એક માત્ર, નકરી વાત છે : ગુજરાતી. અને તેને કોઈ નાત, જાત, કોમ, ધર્મ, રાષ્ટ્રના વાડાઓ અડતાનડતા નથી. અહીં દરેક ગુજરાતી સરખાસમાન છે. માટે અકાદમીને તળ ગુજરાતમાં ભારોભાર રસ છે. તેના વારસામાં, તેની વિરાસતમાં, તેના સાહિત્યમાં, તેનાં ભાષાશિક્ષણનાં કામોમાં, તેના સંસ્કાર, સંસ્કૃતિ અને કળાની વિવિધ વિભાનાઓ સાથે પણ સંધાણ છે અને રહેવું ય જરૂરી છે. ગુજરાતના રાજકારણ સાથે તેને, આથી, કોઈ લગાવ નથી. ગુજરાત આ ક્ષેત્રે તેનું ફોડી ખાઈ શકે તેટલું તે સક્ષમ છે.

ગુજરાતી સાહિત્ય અકાદમીના આરંભકાળથી આજ સુધીનો એક લાંબો પ્રવાસ રહ્યો છે. અનેક પ્રકારના કામો થયાં છે. દેશ અને દુનિયાના વિવિધ વિસ્તારો સાથે નાતો બંધાયો છે. અનેક સંસ્થાઓ જોડે, સેંકડો વ્યક્તિઓ સાથે કામ કરવાનું થયું છે. તે બધાંનાં નામ મારે મન વિષ્ણુસહસ્રનામની જપમાળા સમ છે. એ દરેકનું આ તકે સ્મરણ કરી સૌને વંદન પણ કરી લઉં છું. ગુજરાતી સાહિત્ય અકાદમી, મારે મન, માત્ર સંસ્થા નથી, એ એક વિચાર છે, એક આંદોલન પણ છે. આવી સંસ્થાનું આ માન મેળવવું એ મારે માટે ગૌરવ સમ ઘટના છે. મારી જાતને, આથીસ્તો, હું ભાગ્યશાળી લેખું છું. આ સંસ્થાને આગળ વધારી તેના આદર્યા અધૂરાં પૂરાં કરવામાં આપણે દરેક જોતરાઈએ તેવી અરજ પણ કરી લઈશ.

દોસ્તો, હવે હાંઉં કરવાનું મન કરું. બહુ બોલ્યો. જતાં જતાં, આખરે, બે વાત કહેતો જઈશ :

૧. આને મારો વિદાય સમારોહ લેખતો નથી. અકાદમીથી હું વિદાય થયો નથી. થઈ શકું પણ નહીં. માટે "ઓપિનિયન" વાટે, "નિરીક્ષક" વાટે, મારાથી થાય તે સેવાઓ કરતો રહેવાનો છું. ગુજરાતી ડાયસ્પોરિક સમાજની વાતોનો વરસોથી ટપાલી રહ્યો છું અને હજુ ય બની રહેવાનો છું. અને તે કામોમાં અકાદમી પ્રાધાન્ય જ હોય તેમ તો કહું જ કહું. માટે, દોસ્તો, મારી સક્રિયતા જારી જ છે, તેમ જાહેર કરી લઉં છું.

૨. કવિમિત્ર પંચમ શુક્લની એક કવિતા છે : 'મૂળ ઊંડા જશે તો'. આ સરસ મજાની કવિતા "ઉદ્દેશ" સામયિકના ફેબ્રુઆરી ૨૦૧૦ના અંકમાં તે પ્રકાશિત થઈ હતી. સમજવા જેવી છે. તમને અને મને બળ આપી જાય તેવી સોઝ્ઝી વાત લઈને કવિ આવ્યા છે. લો, સાંભળો; અને પછે, મને રજા આપો.

મૂળ ઊંડા જશે તો ઝાડ ઊંચે જશે,  
ઊંચે ઊંચે જવામાં આભ ઊંચે જશે.  
ટેરવા પર અમસ્તી ચામડી નઈ રહે,  
સ્પર્શ સંવેદના ય ક્યાંય ઊંચે જશે!  
પુષ્પની મ્હેક કિવાં સર્પના દંશથી,  
રક્તનો ચાપ એક માન ઊંચે જશે.  
માત્ર હું નહિ મટું કે માત્ર તું નહિ મટે,  
આપણાં યુગ્મનો ય ન્યાસ ઊંચે જશે.  
ખેર! એ પળ તણી ય રાહ પણ ઈષ્ટ છે,  
રાહ સંદિગ્ધ છે તો ચાહ ઊંચે જશે!

**રવિવાર, ૨ મે ૨૦૧૦**

e.mail : vipoolkalyani.opinion@btinternet.com

•

# – એતાનશ્રી

## સહઅસ્તિત્વ આવશ્યક છે, કેમ કે ભાંગનારાં પરિબળો બેસુમાર છે

• "ઓપિનિયન" : સંકેલો …' વાળો પ્રકાશ ન.શાહનો પત્ર લેખ એના વિશાળ પરિપ્રેક્ષ્યના સંદર્ભમાં સ્પર્શી ગયો. બે સામયિકોનું સહઅસ્તિત્વ એક જુદી જ વાતને પ્રગટાવે છે. એકનું સંકેલાઈ જવું એમ શા માટે, અન્યમાં સમાવા આગળ જવું એવું કેમ નહીં ? એવું થયું હશે આપને ને એમાંથી જ આ ઉદાત્ત ઉપાય ઊઘડ્યો હશે ને ! વળી બે વિચારધારા, બે દેશ, અનેક અનેક વિચારતણખાઓ…ને એવું કંઈ કંઈ - એ બધાંનું સાથે હોવું એ જ મોટી વાત છે.

સામયિક હોય કે સમૂહ - સમાજ હોય, એનું સહ અસ્તિત્વ હવેના સમયમાં આવશ્યક છે, કેમ કે ભાંગનારાં પરિબળો બેસુમાર છે. તમે ઉચિતપણે જ કહ્યું છે : 'નાતજાત કોમધરમમજહબથી ઊંચે ઊઠવાની "ઓપિનિયન"ની કોશિશ એ ગાંધી પ્રતિભાએ હાથ ધરેલ કામગીરીમાં સેતુબંધની ખિસકોલી શી હૃદ્ય ગુંજાશ સાથે લાંબો સમય યાદ રહેશે.' આ વિચાર બહુ જ અગત્યનો છે, કેમ કે એ સેતુબંધ ફરી અકબંધ રહે એના માટે તમારો આ પ્રયાસ 'સેતુરૂપ' જ નથી શું ? ને અંતે તો એ ગાંધીપ્રતિભાએ રચેલી પરંપરાનું જ આ વિસ્તરણ બની રહેશે ને ! આવું મને સમજાય છે. આવા આવા અર્થમાં મને જે સમયમાં આપણે જીવી રહ્યા છીએ એના સંદર્ભમાં વિચારતાં તમારી આવી ભૂમિકા ખૂબ જ અગત્યની લાગે છે.

હો વિચાર કે હો વ્યકિત  
મળે; ભળે ને ઢળે  
આ ધરા પર  
તો જ કદાપિ ઓલવાય અગ્નિ !

**- સિલાસ પટેલિયા**

(ઈ/૧૧, સૂર્યા ફ્લેટ્સ, સ્વામીનારાયણ નગર સામે, નિઝામપુરા, વડોદરા-૩૯૦ ૦૦૨, ભારત.)

(સદ્‌ભાવ : "નિરીક્ષક", ૧૬.૦૪.૨૦૧૦)

## સેતુરૂપ "ઓપિનિયન"

• ૨૬ ફેબ્રુઆરી ૨૦૧૦ના "ઓપિનિયન"ના અંકમાં" તેમ જ ૧ એપ્રિલ, ૨૦૧૦ના "નિરીક્ષક"ના અંકમાં, વિપુલભાઈ કલ્યાણીએ રશિયાએ જે પુસ્તકો ગુજરાતી ભાષામાં પ્રકાશિત કર્યા છે, તેની વિસ્તૃત નામયાદી રજૂ કરીને ઉપયોગી કાર્ય કર્યું છે. એ સમુચિત લેખ સરસ માહિતીપ્રદ જાણવા જેવો અને સંદર્ભમાં ખપ લાગે તેવો છે. આ બધાં પુસ્તકો ખરીદવા હોય તો ક્યાંથી મળી શકે? આ અંગે શક્ય હોય તો "નિરીક્ષક"માં માહિતી આપવા વિનંતી.

"નિરીક્ષક"ના માધ્યમથી દરેક અંકમાં વિપુલભાઈ કલ્યાણી દ્વારા સંપાદિત સામગ્રી વાંચવા મળશે એ જાણીને આનંદ થયો. અલબત્ત "ઓપિનિયન"ની વિદાયથી ગ્લાનિ અનુભવું છું. વિપુલભાઈ કલ્યાણી "ઓપિનિયન"ના માધ્યમથી મારા જેવા કચ્છ જેવા સૂકા પ્રદેશમાં રહેતા અદનાભાવકના વિચારો-લખાણો-પ્રતિભાવ વ્યકત કરવા માટે પ્લેટફોર્મ પૂરું પાડતા અને એમનું આ સેતુરૂપ કાર્ય નોંધનીય બાબત છે.

**- બાબુલાલ ગોર**

૬૫, ભાનુશાલીનગર, કર્મભૂમિ ઍપાર્ટમેન્ટ સામે, ભુજ -૧, ભારત

(સદ્‌ભાવ : "નિરીક્ષક", ૧૬.૦૪.૨૦૧૦)

## અથરું અથરું

• માર્ચનાં બબ્બે "નિરીક્ષકો" સામે છે; તો ય મનને ચેન નથી. કેટકેટલી નિસબત … કેટકેટલા સવાલો … તો ય જાણે બધું ઠપ્પ! ના, સૌથી પહેલાં તો ફિનિક્સ બનીને પાંખો ફફડાવનાર "નિરીક્ષક"ને સલામ. કટોકટી પણ વળોટવી જ પડે! ચાલો, અમારા જેવાંને 'માથું મેલવાને ઠામ' મળ્યું પાછું. આનંદ.

આમ તો થાય છે કે જ્યારથી નવા કલેવરે શરૂ થયું ત્યારનાં દરેક અંક માટે કંઈક ને કંઈક પ્રતિભાવ આપવા માંડું. જો કે આ સંકલ્પ કેટલો સફળ કરી શકીશ તે જાણતી નથી. પણ સંકલ્પ કરું તો ખરી!

'ભાષા બચાવો' વિશે ખાસુ લખવું છે - ફરી ક્યારેક 'મહુવા તો સતત પજવે છે. પણ ૧૬ માર્ચના અંકમાં ગૌતમ ઠાકરનો પેલો ત્રીજી વાર મોકલાયેલો પત્ર વાંચીને કૌરવસભાનાં કુરુવૃદ્ધો યુગે યુગે ભટકાતા રહે છે એ વાસ્તવિકતા કોથળામાં પૂરેલી પાંચશેરી જેવી વાગી! બોલો ... કઈ અસ્મિતાનાં પર્વો ઊજવાય?'

વિપુલભાઈનું 'રસિયું રશિયા' ઠે...ઠ પહોંચાડે તેવું. અનુવાદનું ભગીરથ કાર્ય ત્યાં ને ત્યારે થયું ત્યારેસ્તો અમારાં જેવાને 'કસુંબીનો રંગ' સાંપડેલો. લ્યુદ્‌મિલાબહેનને સ્વ. ભાયાણીસાહેબની નિશ્રામાં મળ્યાં - સાંભળ્યાંનું સુખદ સ્મરણ થઈ આવ્યું. વિપુલભાઈને સંદેશો પહોંચે કે તમે આપેલી પુસ્તકયાદીમાંનાં થોડાંક તો અમારાં જેવાનાં ઘર-ગ્રંથાલયમાં વંચાઈને-ચવાઈને શોભી રહેલાં મળી આવે. 'જબ્બર કામ' કરનારા સંશોધકો હવે લાવવા ક્યાંથી? અમારાં મા-બાપે તો આ લાલગુલાબી ગોળીઓ ઉપર જ અમને ઉછેરેલાં! 'ગુગુત્સેના ટોપા'થી માંડીને 'મા' સુધી ...... 'મા'ની સાથેની થોડી સાંભરણને 'માર્ચ' પૂરો થતાંયે પ્રસ્તુત ગણીને થોડુંક નિરીક્ષક-મિત્રો માટે મોકલું છું.

* * *

આજે ૨૩મી માર્ચે આ લખી રહી છું ત્યારે શહીદ ભગતસિંહ - 'ભાંગાવાલ' અને એમની મા વિદ્યાવતીની સાથોસાથ આવાં જ અન્ય મા દીકરાની યાદ આવી જાય છે. તે છે નીલોવ્ના વ્લાસોવા અને પાવેલ - મૅક્સિમ ગોર્કીની મહાનવલ 'મા'ની અમ્મા ... 'મજૂરની વિધવા અને મજૂરની મા' અને તેનો ક્રાન્તિકારી દીકરો! ૨૮મીએ ગોર્કીનો જન્મદિવસ. વિપુલભાઈએ આખા માર્ચ માસમાં ગોર્કીમય / અમ્મામય કરી દીધાં એનો આનંદ. 'ગોર્કી'નો અર્થ કટુ-કડવો કે તીખો? કદાચ બન્ને! સર્જક માટે સતત જરૂરી સજજતા, નહીં?

ભયંકર હતાશા અને અકર્મણ્યતાના આ સમયમાં આવાં બબ્બે મા-દીકરાની સ્મૃતિ આપણી સાથે છે તે ઓછું છે? બાકી તો માર્ચ મહિનો અમસ્તોય કપરો અને કાઠો લાગે છે. આ જુવોને, ૨૧મી માર્ચનો નાટ્યારંભ!!! તમારા અગ્રલેખમાં ("નિરીક્ષક", ૧૬ માર્ચ ૨૦૧૦) કલિગબોધની ક્યાં માંડો છો? દેશના નાગરિકોજોગો પેલો પત્ર ફરીથી એકવાર ધ્યાન દઈને વાંચવા સાંભળવા મળે તો નકરું 'નરો-વા-કુંજરો વા' બીજું શું?

... પણ મુદ્દાની વાત તો ગોર્કીની અમ્મા છે. દેખીતી રીતે આજે ક્યાંક કોઈને ભલે અપ્રસ્તુત લાગે પણ જરાક થંભીને વિચારીએ તો એ કથા તો સદાય સુ-પ્રસ્તુત. ૮મી માર્ચે 'મહિલા-દિન'ની પણ શતાબ્દી હતી. પૉન્ડ્‌સ ક્રીમવાળાએ આંચકી લીધેલું આપણું પર્વ! ત્યારે ય એ અમ્મા જ યાદ આવતી હતી. હજજારો મજદૂર સ્ત્રીઓનો નારો બુલંદ બન્યો ત્યારે આજે આપણે આમ મોં ખોલીને કહેવા પામીએ છીએ, એવું નહીં? ને છતાં ય નારીઓને 'નારા'ની એલર્જી! હશે ભઈ, ગુજરાતણો તો ડાહી - ઠાવકી તે ઠમકો તો માત્ર પતંગ ને નવરાત્રીના ગરબાનો જ જોવા મળે ... ને હવે તો એને ય 'વાયબ્રન્ટ'નો વાયરો લાગ્યો.

***

જુઓ પાછી ... ક્યાંથી ક્યાં નીકળી ગઈ! કહ્યું ને કે માર્ચ મહિનામાં આમ માળું અથરું થઈ જવાય છે. લો, પેલી અમ્માની યાદમાં એક ગીત. 'અમ્મા' નવલ તો ગોર્કીની પણ આપણા પરમપ્રિય બ્રેખ્ત બિરાદરે એ જ નામથી નાટક લખ્યું અને પેટાશીર્ષક આપ્યું : 'ક્રાન્તિની પાઠમાળા...' ગીતસંગીતથી ભરપૂર નાટક. સીધું-દર્શકોને સાંકળતું નાટક. અમે ૧૯૯૨ની આખરે ગુજરાતીમાં તૈયાર કરવાનું શરૂ કર્યું હતું ત્યાં જ આવી છઠ્ઠી ડિસેમ્બર! બાબરી મસ્જિદની સાથોસાથ અમારી અમ્મા પણ વેરવિખેર! સૉરી - માત્ર નાટક - અમ્મા તો અડીખમ! એટલેસ્તો અત્યારે યાદ આવીને, હૈયાધારણ માટે. "નિરીક્ષક" મિત્રો માટે ગીત સાદર ...

**અમ્મા**

વાહ! વાહ! વ્લાસોવા!
જાગ! ઊઠ! ને ઊભી થા!

તું આવડી અમથી ... સાવ ટચૂકડી વ્લાસોવા!
સાદી, સીધી સાધારણ પણ તારા વિના ચાલે ના ... વાહ. વાહ.

નાનાં કામ, નાજુક કામ
ઝીણવટથી કરવાનાં કામ
બહાદુરી, વિશ્વાસની સાથે
પગલાં જ્યાં ભરવાનાં કામ
તું જ કરે એ વ્લાસોવા! ... વાહ. વાહ.

નથી એકલી વ્લાસોવા
તું નથી એકલી વ્લાસોવા
નાનકડી ને ભલી બાઇઓ
ક્રાન્તિની અણજાણ સિપાહીઓ
પર્વત હો કે હોય ખાઇઓ
કે સમદર ભૂરા-ખારા ... તું નથી એકલી વ્લાસોવા

નથી એકલી વ્લાસોવા, તું નથી એકલી વ્લાસોવા!
ત્વેર, મૉસ્કો, તાશ્કંદ હો
લિયોન, લંડન હોય ગ્લાસગો
શાંઘાઈ કે હોય શિકાગો
કે ... હોય પછી કલકત્તા!
ગામ-ગામની વ્લાસોવા
દેશ-દેશની વ્લાસોવા
આખા જગની વ્લાસોવા
ભલી બિરાદર વ્લાસોવા ... વાહ! વાહ! વ્લાસોવા!

૮મી માર્ચની શતાબ્દીએ દુનિયાભરની શ્રમજીવી, શોષિત વીરાંગનાઓ માટે... જેમાં નર્મદાઘાટીની કાળીબહેન...થી માંડીને મહુવા આંદોલનનાં કડવીબહેન... સૌને સલામ સાથે સમર્પિત ગીત

**– સરૂપ ધ્રુવ**
e.mail : saroop_dhruv@yahoo.co.in

(સદ્‌ભાવ : "નિરીક્ષક", ૧.૪.૨૦૧૦)

## 'હીરામાણેકનો પહાડ' યાને મીઠાઇનું પૅકેટ

તાજેતરમાં 'નિરીક્ષક'માં 'એક જબ્બરું ..... ભાષાને જીવતી રાખવાનું કામ' એ વિપુલ કલ્યાણીનો લેખ વાંચ્યો. આ લેખ માટે તંત્રી તથા લેખકનો આભાર માનું છું. મારી દીકરી, દિશા શ્રેયસ ફાઉન્ડેશન - બાલ વિભાગમાં ભણતી. હું તેના માટે સચિત્ર રંગીન બાલવાર્તાઓ શોધતો. ઓછાં શબ્દો વર્ણનો, રંગીન ચિત્રો, મઝાની કાલ્પનિક વાતો, હલકથી કહેવાતી વાતો, મોટા ટાઈપના શબ્દો - બાળકને ગમે તેવું શોધતો. ગાંધીરોડ પર ફરી વળેલો - પણ મોંઘું અને પાછું બાળકોને કામ ન આવે તેવું.

એવામાં અમારા વેવાઈ નાટ્યકાર જશવંત ઠાકરે પિપલ્સ બુક હાઉસ, રિલીફ રોડ - હિમ્મત શાહનો સંપર્ક કરાવ્યો. ત્યાં ગયો અને જાણે બાળકોની દુનિયાનો ભંડાર ખૂલી ગયો. 'સૂરજ કોનો ?', 'આળસુ આવડે ના', 'ગુગુત્સેનો ટોપો', 'સફેદ હરણ', 'ગાતું પંખી' ... મોટા મોટા મજબૂત કાગળ પર રંગીન ચિત્રો, મોટા ટાઈપ, ઓછા શબ્દો - વર્ણનો, મસ્તી-લહેરથી કહેવાતી બાળકોની દુનિયાની રંગીન કાલ્પનિક સૃષ્ટિઓ ખડી કરતી વાર્તાઓનો ભંડાર - પિપલ્સ બુક હાઉસ - હિમ્મત શાહે ખોલી આપ્યો. એના અનુવાદક હતા અતુલ સવાણી. પ્રકાશન હતું 'રાદૂગા અને પ્રગતિ પ્રકાશન'.

મારી દીકરી તો એને રમકડાંને લઈને ફરતી હોય તેમ ફરતી. હું પણ રસપૂર્વક આકંઠ વાંચતો. "નિરીક્ષક"માં તમે એ યાદ કર્યું માટે આભાર માનું છું. આપણે ત્યાં પુસ્તકો છે પરન્તુ એ કબાટનાં પુસ્તકો છે, લોકોનાં નથી. આ તો બાળકોનાં દિલ સર કરે તેવાં પુસ્તકો છે. એમાં ય 'હીરામાણેકનો પહાડ' તો હું હજી મીઠાઇના પેકેટની જેમ સંગ્રહી રાખું છું.

થૅન્ક યુ !

**- ધનરાજ પંડિત**
(આચાર્ય, શ્રી સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ-૩૮૦ ૦૨૨, ભારત)

(સદ્‌ભાવ : "નિરીક્ષક", ૧ મે ૨૦૧૦)

## હવે કેટલી બધી સમયબચત ..! શ્રમબચત ..! ચિન્તામુક્તિ ...!

• આભાર. ...પહેલો અંક સારો જ હતો; પણ મેં નહોતું લખ્યું. બીજો અંક એના કરતાંયે ઘણો માતબર બન્યો છે. જબ્બર 'વાચનથાળ' .. ! આવું કેમ હશે ?

મુદ્રિત અંકમાં સમયસરતાનું ટૅન્શન અને તે બધું ય ટાણાસર પત્યા પછીયે, પ્રેસ-સમયની કંઈ થોડી બાંહેધરી હોય ? તે ય સમયસર પતે તો ય જે જે શારીરિક ફરજિયાત શ્રમ કરવાં પડે અને તેયે એકલપંડે, છપાયેલા થપ્પા ઘરે લાવો, કવરમાં મૂકો, ટિકિટ લગાડો, સરનામાં ચીપકાવો કે લખો, ઊંચકી ટપાલકચેરીએ પહોંચો ... દોડો, દોડો … દોડો ને તે છતાં ય કેટલાને ન મળ્યાના ફોનની પળોજણ .... કે સમયસર ન મળ્યાનો ઠપકારો ! ક્યાં હતો હાશકારો ?

હવે કેટલી બધી સમયબચત ..! શ્રમબચત ..! ચિન્તામુક્તિ ...!

આમાંથી મુક્તિ મળતાં, હવે તમારું સંપાદન નીખરતું જાય છે તેના અભિનંદન. આનો હું એવો અર્થ નથી ઘટાવતો તે મુદ્રિત અંકો આના કરતાં ઊતરતી કક્ષાના હતા. પણ તમને મળેલો નિરાંતનો હાશકારો આમાં વરતાય છે..

હવે હું "ઓપિનિયન"ને પાને, 'પત્રકાર વિપુલભાઈ' સંગાથે, પડછાયાની જેમ વર્ષોથી ઢબુરાયેલા પડેલા પેલા 'સાહિત્યકાર વિપુલભાઈ'ને મળવા ઝંખું .. તે ક્યારે મળશે ? આશા અમર છે..! ધન્યવાદ અને અભિનંદન..

**- મધુકાન્તા અને ઉત્તમ ગજ્જર**

e.mail : uttamgajjar@gmail.com

## સમયની સાથે ભાષાએ પણ કદમ મિલાવવા જ પડે છે

• "ઓપિનિયન"નો મે માસનો અંક ઈ-મેલ મારફત મળ્યો અને જોઈને ખૂબ સંતોષ અને આનંદ થયો. સમયની સાથે ભાષાએ પણ કદમ મિલાવવા જ પડે છે અને ડિજીટલાઈઝેશનના આ યુગમાં તમારું આ સત્કાર્ય ખરે જ ખૂબ મહત્ત્વનું બની રહે છે. વાંચવાથી આનંદ થયો અને મિત્રોને ઈ-મેલ ફોરવર્ડ કરી "ઓપિનિયન" પહોંચાડ્યું.

આ પ્રવત્તિ તેના ડિજીટલ સ્વરૂપે આમ જ સદાય ફૂલતી મઘમઘતી રહે તેવી હાર્દિક શુભકામનાઓ અને ખૂબ શુભેચ્છાઓ.

**- જિજ્ઞેશ અધ્યારુ**

e.mail : adhyaru19@gmail.com

## … તો વાચકોને આપણા સમૃદ્ધ સાહિત્યવારસાનો સંસ્પર્શ થાય

• પ્રિન્ટ મિડીયા તરફથી નેટ તરફ સમયસર વળી જવાનો તમારો આ નિર્ણય પ્રસંશનીય છે. આમ કરવાથી "ઓપિનિયન"નો વ્યાપ પણ વધશે. ગણ્યા-ગાંઠ્યા ગુજરાતીઓની સીમા વળોટીને "ઓપિનિયન" હવે વિશ્વગુર્જરીની અમૂલ્ય ધરોહર બની રહ્યું છે, એ બદલ તમને ખૂબ ખૂબ અભિનંદન અને હાર્દિક શુભકામનાઓ.

સામાન્યરીતે ભારતમાં નેટની ઝડપ ઓછી હોય છે પણ "ઓપિનિયન"ના આ અઠ્ઠાવીસ પાનાં એમના તરફ કંઈ ખાસ લગાવ હોય એમ તરત જ ડાઉનલોડ થઈ જાય છે. મે મહિનાનો અંક પણ સરસ થયો છે.

કવિતા માટે એક અલાયદું પાનું, દરેક અંકમાં કોઈ એક પુસ્તકની સમીક્ષા, કોઈ એક કવિતાનો રસાસ્વાદ, નિયમિતપણે કાર્ટૂન્સ અને ટૂચકાંઓ જેવી વિવિધા ઉમેરાય તો ઓર નિખાર આવે. ભૂતકાળના સમર્થ લેખક અને કવિઓની એકાદ-બે કવિતાઓ, વાર્તા કે લેખ સમાવી શકાય તો આજના વાચકોને અને ખાસ તો વિદેશના વાચકોને આપણા સમૃદ્ધ સાહિત્યવારસાનો સંસ્પર્શ થાય ... આ પુણ્યકાર્ય થઈ શકે તો મજા આવી જાય ...

શુભેચ્છાઓ ...

**- વિવેક ટેલર**

e.mail : dr_vivektailor@yahoo.com

• શક્ય એટલા વધુ લોકો સુધી પહોંચવાની તમારી મકસદ રહેલી. "ઓપિનયન"ની આ ડિજિટલ આવૃત્તિ તેમ કરી રહી છે તેમ વર્તાય છે. પૂર્વવત્ આ અંકમાં પણ સરસ અને કામની વિગતમાહિતીઓ ભરી પડી છે. મજા પડી.

**- પ્રવીણ સી. પટેલ 'શશી'**

e.mail : pcpatelxshashi@aol.com

## આજે ય એ ગીતની રટણા કરી લઉં છું

• "ઓપિનિયન"ના મે ૨૦૧૦ અંકની ડિજિટલ આવૃત્તિ પાઠવવા માટે ધન્યવાદ. હું મારો ઊંડો ઓશિંગણભાવ પણ વ્યક્ત કરી લઉં છું. માનશો ? મારાં એક સાથીદાર સંગાથે આજે બપોરે જ અમૃતા પ્રીતમ વિશે હું વાત કરતો હતો. મને ત્યારે કલ્પના ય નહોતી કે એમની એક કવિતા આ અંકમાં જ વાંચવા મળશે.

તમારી આ વીજળિક ટપાલે રાજકોટમાં આવી મારી પાઠશાળાના તે દિવસોમાં મને સરકાવી દીધો. વર્ગ આરંભાય તે પહેલાં અમે ગુરુદેવનું આ કાવ્ય પ્રાર્થનામાં હરહંમેશ રટણ કરતાં. પરિણામે, બહુ નાની વયેથી મારા સંસ્કારગ્રાહી માનસ પટ પર તેના ચાસ પડયા હોવાનું અનુભવું છું. મારી યાદદાસ્તે આ ગીત હું મોટેમોટે ગાતો ફરતો. આજકાલ ગુજરાતમાંની તથા ભારતમાંની સાંપ્રત પરિસ્થિતિથી તેમ જ તેના રાજકારણીઓની ગુસ્તાખીઓથી જ્યારે જ્યારે નિરાશ અને હતાશ થઈ જઉં છું, ત્યારે ત્યારે ઘણી ઘણી આશાઓ સાથોસાથ આ કાવ્યની છેલ્લી પંક્તિઓ આજે ય સતત લવ્યા કરું છું : Into that heaven of freedom, my father, let my country awake!!

**ચિત્ત હો મન-મુક્ત માનવ ઉદયલોક વિરાજે,**
**જગતને પ્રભુ જગાડ એવે સ્વરાજ-સ્વર્ગે નિરાળે !**

**- મનોજ શુક્લ**

[Equality & Diversity Officer, Children, Schools & Families, Postal Point CH0116, Hertfordshire County Council, County Hall Hertford, SG13 8DFU.K.]

• પાના 3 ઉપર '**અધ્યાપક**'ને બદલે '**અદ્યાપક**'નું કારણ '**ધ્ય**' વિરુદ્ધ '**દ્ય**'નો ઉચ્ચાર ગોટાળો ? ગુજરાતના ઘણા શિક્ષિતો '**વિદ્યાર્થી**'નો ઉચ્ચાર '**વિધ્યાર્થી**' અને '**ગદ્ય**'નો ઉચ્ચાર '**ગધ્ય**' કરે છે.

**- દયાશંકર મ. જોશી**

e.mail : dmjoshi1@gmail.com

• "ઓપિનિયન" હજુ હયાત છે જાણીને આનંદ પામું છું. તેને ચિરંજીવ રાખવું એટલે ગુજરાત બહાર ગુજરાતી ભાષાને જીવંત રાખવાનો ઉપક્રમ.

**- માસૂમ કરોલિયા**

e.mail : masumkarolia@btinternet.com

• કવિવરની એકસો પચાસમી જયંતી યાદ કરાવવા માટે વિશેષ આભાર.

**- મીનાક્ષી જોશી**

e.mail : joshiminu@gmail.com

• "ઓપિનિયન"નો મે અંક મળ્યો. તેમાં સરસ લેખો આવરવામાં આવેલા છે. તમને હાર્દિક વધાઈ હજો. ભાવિ માટે શુભ કામના ય હજો.

**- મયંક બક્ષી**

e.mail : baximayank@gmail.com

• "ઓપિનિયન"ના ડિજિટલ અવતાર અનપેક્ષિત છે. એકદમ સુંદર છે. હાર્દિક અભિનંદન.

**- મધુકર ગોગટે**

e.mail : mngogate1932@yahoo.com

• "ઓપિનિયન"નો આ મે અંક મળ્યો. ખૂબ રાજી થયો. તમને મારું ઠેકાણું, ભલા, કઈ રીતે જડ્યું હશે ? પરંતુ મને પાઠવવા માટે તમારો વિશેષ આભારી છું. નિયમિતપણે મોકલતા રહેજો. મને અંક ગમ્યો જ છે. બધા લેખો અલબત્ત સરસ છે. મારા પિતા ગાંધીવાદી રહ્યા છે અને એમણે મને ગાંધીજીની ઘણી ઘણી સરસ વાતો કહી છે.

**- જય રાવલ**

e.mail : jay1_april@yahoo.com

• કવિવર રવિ ઠાકુરની કવિતાનું ભાષાન્તર ખૂબ ગમ્યું. આભાર. ડિજિટલ અવતાર ગમે છે.

**- સુષમા સંઘવી**

e.mail : sushma.sanghvi@googlemail.com

• અભિનંદન ! આગળ જતાં ખૂબ "ઓપિનિયન" વધુને વધુ મ્હોરે એવી શુભેચ્છાઓ !

**- ધવલ શાહ**

e.mail : mgalib@hotmail.com

## જો એકતા આવે તો સધ્ધર થઈએ

• જગત ભર પથરાયા ગુજરાતી જમાતનો ઇતિહાસ જાણવો જરૂરી છે. આપણે કમાયા ધમાયા છીએ, પરંતુ આપણામાં એક ખામી રહેવા પામી જ છે - આપણામાં એકતા નથી. આપણામાં એકતા હોય તો આપણે તો સધ્ધર થઈએ પણ સાથે સાથે આપણું વતન પણ શક્તિશાળી બને છે. આ અંગે ઘણું ઘણું કહી શકાય તેમ છે. પરંતુ પહેલા પાન પરે વિપુલ કલ્યાણીનો લેખ છે તેમાં વાસ્તવિક્તા છે. તે વિશે જાહેર ચર્ચા આવશ્યક છે અને તેના પરિણામ સ્વરૂપે પગલાં પણ લેવાવાં જોઈએ.

આથી, આ અંક મેં માન્યવર આર.સી. ફળદુને મોકલી આપ્યો છે. ગુજરાતના મુખ્ય પ્રધાનના ધ્યાન પર તેને મૂકવા મેં એમને અરજ પણ કરી છે. ગુજરાત તથા ભારત સારુ પરદેશ વસ્યા ગુજરાતીઓમાં એકતા પેદા થાય તેવું મારું સ્વપ્ન છે. અમેરિકામાં વસેલાં આગેવાનોને આ ક્ષેત્રે પહેલ કરવા ખાસ અપીલ કરું છું. અહીં તે જો સફળ બનશે તો ચોમેર તેની ધારી અસર ઊભી થઈ શકશે. તે અસરની ક્યાં સુધી ક્ષિતિજ વિસ્તરી શકશે તેની કલ્પના કરવાનું કામ હું મારા વિદ્વાન મિત્રો પર છોડીશ. સામાજિક, આર્થિક તેમ જ રાજકીય ક્ષેત્રનો આમાં ચોક્કસ સમાવેશ છે. ગુજરાતને શો ફાયદો થાય ? બારડોલી સત્યાગ્રહમાં, દાંડીકૂચમાં મહાત્મા ગાંધીએ જે કરી બતાવેલું તેને આજે યાદ કરવું અત્યન્ત જરૂરી છે. હા, અલબત્ત, આપણને આગેવાની જ જોઈએ છે. તે મળજો.

**- રામજીભાઈ પટેલ**

e.mail : ramji_p@yahoo.com

## હજુ આપણે તેની વ્યાખ્યા પાકી કરી શક્યા જ નથી.

• "ઓપિનિયન"ના આ અત્યાધુનિક જીવન માટે તમને મુબારકબાદી હો. અને તેને દીર્ઘાયુષ મળજો.

તમને કદાચ ખબર નહીં હોય, મારું સંપૂર્ણ જીવન ગુરુદેવ રવિ ઠાકુરને આભારી છે. તે સત્ય છે અને તેની જાહેરમાં ચર્ચા માંડવી જ નથી.

અને હવે વાત રહી, આ નવ્ય 'ડાયસ્પોરા' સાહિત્ય બાબત. તમે જે નામો લખ્યાં છે તે સિવાય બીજાં વધુ સર્જકોનાં નામો સમાવિષ્ટ કરી શકાય તેમ છે. સ્પષ્ટપણે, પસંદ પડયાં હોય તેવાં જ નામો તમે લીધાં છે.

મને લાગે છે કે યહૂદી ડાયસ્પોરામાં જેમ ગોઠવી શકાયું છે તેમ હજુ આપણે તેની વ્યાખ્યા પાકી કરી શક્યા જ નથી.

વારુ, ચાલો, તમને અનેક શુભ કામનાઓ અને તમને ઘણી સફળતાઓ સાંપડજો.

**- પ્રીતિ સેનગુપ્તા**

e.mail : PreetyNYC@aol.com

## ઈન્દુચાચાની આત્મકથા અંગ્રેજીમાં ય પ્રગટ થઈ છે

• એપ્રિલ અંક મળ્યો ત્યારે લખવું જ હતું. મેળ ન પડ્યો. તમે મારી એક નહીં બે કવિતાઓ પ્રકાશિત કરેલી તેનો આભાર વ્યક્ત કરું છું. અને હવે મે અંક પણ મળ્યો છે. આ અંકોમાં ખૂબ વાંચવાનું છે, વિચારવાનું ય ભાથું છે.

ઈન્દુલાલ યાજ્ઞિક વિશેની વાતમાં, તમને કદાચ ખબર જ હશે કે એમની આત્મકથા હવે ત્રણ ભાગમાં અંગ્રેજી અનુવાદ રૂપે પ્રગટ થઈ છે. ઉષાબહેન ઠક્કરને આની જાણ હશે તેમ ખાતરી છે. ગૂજરાત વિદ્યાપીઠે આર્થિક રોકાણ કરેલું છે. અંગ્રેજી અનુવાદ ત્રણ લોકોએ કરેલો છે : મારા એક સારા મિત્ર, હાવર્ડ સ્પોડેક, જહોન વૂડ તેમ જ ઘણું કરીને દેવરાજ પાઠકે. આ અનુવાદનો ઉદ્‌બોધાત સુદર્શન આયંગરે લખ્યો છે.

**- પન્ના નાયક**

e.mail : naik19104@yahoo.com

## તાજાં મઘમઘતાં ફૂલોની સુગંધ

• "ઓપિનિયન"નો મે માસનો અંક મોકલવા માટે આભારી છું, કેમ કે તેમાં રસપ્રદ અને પ્રેરણાદાયક લેખો આમેજ છે. મે મહિનાનાં તાજાં મઘમઘતાં ફૂલોની પેઠેની સુગંધી તેમાં હોવાનો અહેસાસ થયો. કેટલાક લેખો તો મહાત્મા ગાંધીની દુનિયા લગીની સહેલ કરાવે છે. તેમાં 'હિન્દ સ્વરાજ' વિષયક લેખો ખાસ ધ્યાનપાત્ર છે. તેનું ઐતિહાસિક તેમ જ સાહિત્યિક મૂલ્ય છે. ધન્યવાદ.

**- જયન્ત જોશી**

e.mail : jvrjoshi@yahoo.com

## માંહ્યલી કોરના ભારેલા અગ્નિમાં ચિનગારી ફૂંકવાનું કામ

• ગાંધીજીએ બીજું કંઈ પણ કર્યું ન હોત, તો ય આ નાનકડા કદની ચોપડી, 'હિન્દ સ્વરાજ'ના લેખક તરીકે આપણે એમને ખસૂસ યાદ કરતા જ હોત. પરંતુ સવાલ આ છે - આવી આ ચોપડીના લેખક, જે લોકો બાબત આ રીતનું તાદાત્મ્ય અનુભવે છે, ત્યારે કશું ય કર્યા વિના એ લગીર બેસી રહી શક્યા હોત કે ?

હું સોળેક વરસનો હતો અને મેં આ ચોપડી વાંચેલી. ત્યારની મારી યાદોને ઉષાબહેને ઢંઢોળી આપી છે. હું રડતો રહ્યો અને વાંચતો રહ્યો; હું વાંચતો રહ્યો અને રડતો રહ્યો. અને હવે, સૌ પ્રથમવાર, કંઈક નક્કર કરવાને સારુ આથી મને ધક્કો લાગ્યો જ છે. એને ચરિતાર્થ કરવાનું બનશે ત્યારે હું ઉષાબહેનનો ભારે ઋણી બની રહ્યો હોઈશ. મારી માંહ્યલી કોર ભારેલો અગ્નિ રહ્યો છે તેમાં ચિનગારી ફૂંકવાનું કામ એમણે કરેલું છે.

એક ઉમદા માસિક. આટઆટલી નિયતકાલિકતા અનુસારનું તમે સાતત્ય જાળવી જાણ્યું છે. અભિનંદન. નિયમિતપણે મને મોકલવા માટે હું તમારો આભારી છું.

**- સતીષ વી. જોશી**

e.mail : savaj256@yahoo.com

## શાન્તાનુંકૂલ પવનાશ્ચ શિવાસ્તે પન્થાનાહ સન્તુ

• "ઓપિનિયન"નો ઓન લાઈન અંક-૨, 'સન્કેલો' નિમિત્તે યોજાયેલા કાર્યક્રમની સુવાન્ગ ઝાંખી કરાવે છે. તેમાંની 'હિન્દ સ્વરાજ' પરની ચર્ચાનું નિરૂપણ ગાંધીજીના તે વખતના આર્ષ દૃષ્ટિ ભરેલા ચિંતનનો ખ્યાલ પણ સચોટ રીતે આપે છે. આ બન્ને પરિપ્રેક્ષ્યમાં જોઈએ તો કોઈ પણ ચર્ચાપત્રની ઉપયોગિતા અને તેનું વિચાર ઘડતરના માધ્યમ તરીકેનું મુલ્ય સ્પષ્ટ બને છે.

ગુજરાતી ડાયાસ્પોરિક પત્રકારત્વની દુનિયામાં આ કારણે જ "ઓપિનિયન"ની હાજરીની યથાર્થતા અને તેનું વાજબીપાણું સમર્થન પામે છે. એણે ગુજરાતી ડાયસ્પોરાને એની એ સક્રિય હાજરી દ્વારા બૌદ્ધિક, મનોવૈજ્ઞાનિક, સામાજિક, રાજકીય અને નૈતિક રીતે ક્રિયાશીલ રાખવાની જે કામગીરી કરી છે, એની નોંધ સમાજે અને સાહિત્ય જગતે લેવી રહી. આ વિચારપત્ર લોકશાહીની સલામતી અને સ્વસ્થતા કાજે જ અસ્તિત્વમાં આવેલું ને? સાચી લોકશાહી શસ્ત્રો પર નહિ, શબ્દો પર નિર્ભર હોય છે એ નીચેની પંક્તિઓ કેટલા બળથી પોકારે છે?

**ખીન્ચો ન કમાનો કો, ન તલવાર નિકાલો,**
**જો તોપ મુકાબિલ હૈ, તો અખબાર નિકાલો.**

હવે "ઓપિનિયને" એનાં મુદ્રિત અવતારમાંથી વીજાણું અવતારમાં સન્ક્રમણ કર્યું છે, એ આધુનિક ટેકનોલોજી અને બિઝનેસ મેનેજમેન્ટ દ્વારા નિર્માયેલ તદ્દન જુદા જ જાગતિક પર્યાવરણની માગ અને દબાણને આભારી છે. અને એમ થવાથી તો "ઓપિનિયન"નું ઘણી બધી રીતે વૈશ્વીકીકરણ કરવાની પ્રક્રિયાનો આરમ્ભ થયો છે. પત્રકારત્વની આકાર લઇ રહેલી એકવીસમી સદીની એ નવી જ રોમાંચક દુનિયામાં "ઓપિનિયન"નું સ્વાગત છે, અને એની એ સફર માટે શુભેચ્છા છે.

આજ સુધીનો "ઓપિનિયન"નો ઇતિહાસ સૂચવે છે કે એની દાર્શનિક બુનિયાદ નૈતિક હિમ્મત, પારદર્શિતા અને માનવમૂલ્યોની માવજત અને મહિમા પર રચાયેલી છે. એથી જ તો એની આજ સુધીની યાત્રા અનેક કષ્ટોથી ઘેરાયેલી રહી છે. પરંતુ એ રખે ભુલાય કે જેણે આ જગતનાં વર્તમાન ભૂભૌતિક

માહોલમાં વિચારયાત્રા ખેડવાની છે, એણે તો સરફરોશીની જ તૈયારી રાખવી પડે. સાંભળો એવા એક સરફરોશ શાયર સ્વ.ફૈઝ અહમદ ફૈઝને :

**મતા-ઓ લોહો કલમ ગર છીન લીયે તો ગમ ક્યા હૈ?**
**કિ ડીબોઈ હૈ ખૂને જીગરમે ઊંગલિયા મૈ ને;**
**લગાઈ હૈ અગર મુહર મુહ પર તો ડર ક્યા હૈ?**
**કિ રખ દી હૈ હર હલ્ક એ જંઝીર મે જુબાં મૈ ને.**

અને "ઓપિનિયન"ને તો હવે લાધી છે અજીબોગરીબ એવી ઈલેક્ટ્રોનિક જબાન! પછી એને શો ડર? એને સથવારો મળી રહો કવિ કાલિદાસની આ શુભેચ્છા પ્રાર્થનાનો :

**શાન્તાનુંકૂલ પવનાશ્ચ શિવાસ્તે પન્થાનાહ સન્તુ.**

**- દાઉદભાઈ એ. ઘાંચી**

e.mail : ghanchida27@yahoo.co.in

## મે ૨૦૧૦નો અંક સક્ષમ રહ્યો

• મે ૨૦૨૦નો અંક વાંચવા માટે સક્ષમ રહ્યો. આવો સારો અંક આપવા માટે અભિનંદન. આ સારી રીતે સંપાદિત થયેલો ડિજિટલ અવતાર પણ હતો. રવીન્દ્રનાથ ટાગોરને અંજલી સાથે આ અંક આરંભાયો છે તે મને ગમ્યું. ડાયસ્પોરા બાબતનો તમારો અંક મને ખાસ જચ્યો છે. તે ગાગરમાં સાગર જેવો છે. શાહસોદાગરીના ભર્યાભાદર્યા ઈતિહાસની ભૂમિકા સંગાથે તમે આજની આવશ્યકતાઓની ફોડ પાડી આપી છે. જે તે મુલકમાં વસતાં ગુજરાતીઓની સર્જકતા તેમ જ હોંશિયારીની તમે સુપેરે વાત છેડી છે. આ વૈશ્વીકીકરણના આ દિવસો માંહે સમજદારી તેમ જ હૂંફટેકાના ભારે જરૂરિયાત છે.




We are getting better and better! Remember back home we used to have ઓટલા પરીષદ પોળના નાકે? Then came Kitty Party.., and now Facebook.., everything you want to know about everybody and everybody's! friends is at your fingertip!

'હિન્દ સ્વરાજ' અંગે કાંતિભાઈ તથા સુદર્શનભાઈ આયંગરના ય લેખો વાંચવા ગમ્યા છે. તોલ્સ્તોય અંગેનો તમારો લેખ વાંચવાની પણ મજા પડી છે. આપણે જાત સાથે સંવાદ રચવાની તાતી આવશ્યક છે. વળી, 'ગુજરાતી સાહિત્ય અકાદમી'માં તમે જે યોગદાન આપ્યું છે તે ખૂબ અગત્યનું પ્રદાન છે. તમે તમારી રઝળપાટને સારું નકશીકામ આપ્યું છે. શુભ કામનાઓ.

**- ઉષા ઠક્કર**

e.mail ; ushathakkar@yahoo.com

**(અનુસંધાન છેલ્લા પાન પરેથી)**

થઈ. ખાસ્સા દિવસ હોસ્પિટલમાં રાખી પાટા પીંડી કરાવી. મોટી ઉમ્મરને લીધે હાડકાને રૂઝાતાં બહુ વાર લાગશે એટલે ઓછામાં ઓછા બે મહિના એ ઈજા થયેલા હાથ અને પગ ઉપર ભાર ન આવે એવું ડૉક્ટરે કહ્યું. બાનું સ્વતંત્ર રીતે ચાલવાનું બંધ થઈ ગયું. હાથનું હલનચલન પણ બંધ થયું. સડસડાટ બધે ફરી વળનારી બાને આ મોટામાં મોટી સજા, મોટામાં મોટી જેલ થઈ પડી. બાને અમેરિકા લાવ્યાની ભૂલ અંગે મને પસ્તાવો થવા લાગ્યો. બાને અમેરિકા લાવવાના ભાઈઓના આગ્રહને લીધે આ બન્યું એવો ગુસ્સો પણ મને ભાઈઓ ઉપર આવ્યો. પણ થવા કાળ હશે તે થયું એમ કરીને મન મનાવી લીધું. બધાં છોકરાંએ બાના પગના પ્લાસ્ટર ઑફ પેરિસના કાસ્ટ ઉપર નામ લખ્યાં અને તારીખો લખી. હવે હું બા સાથે સૌથી વધારે વખત ગાળવા લાગી. આ ઓચિંતી આવી પડેલી અપંગતાથી બા બહુ ઢીલી પડી ગઈ હતી. ન્હાવા ધોવાની અને ખાવા પીવાની બાબતમાં પણ એ પરાવલંબી બની ગઈ, એનો મોટો માનસિક આઘાત એને લાગી ગયો હતો. હાડકું રૂઝાવાને બદલે અંદર બીજું જ કાંઈ કોમ્પ્લીકેશન, બીજી જ કાંઈ તકલીફ શરૂ થઈ ગઈ હતી. એટલે બાની તબિયત પણ વધારે લથડવા માંડી હતી. એનું વજન ઘટવા માંડ્યું હતું. થોડા ડગલાં ચાલવામાં પણ હવે એને હાંફ ચઢી જતો. પાકટ ઉમ્મરને લીધે ડોક્ટરો પણ હવે કાંઈ કરી શકે એવું નહોતું. અમને સૌને હવે એની તબિયત વિષે ભારે ચિંતા થવા લાગી હતી.

રવિવારની એક બપોરે મેં બાને મારા હાથે થોડું ખવરાવ્યું અને એનું મોઢું લૂછી ધીમે રહી હાથ પકડીને પાછળના વાડામાં થોડું ચલાવી લાવી જેથી તાજી હવા મળે. પછી ધીમે રહી પાછી પથારીમાં સૂવાડી. હું એની બાજુમાં બેઠી અને થોડી આડા અવળી વાતો કરી. બીજા કામે જવા હું ઊભી થઈ ત્યાં ઓશિકા ઉપર માથું ટેકવતાં બા બોલી : 'તારો મોટોભાઈ કહેતો હતો કે કોઈ સુધીર નામના એના ભાઈબંધ સાથે તારું ગોઠવાયું છે. હમણાં આ સુધીર ઈન્ડિયા ગયો છે. એ પાછો આવે એટલે તરત મારી હાજરીમાં જ તારું લગ્ન પતાવી દેવાનો છે. તો આ સુધીર પાછો ક્યારે આવવાનો છે ?'

બાની વાત સાંભળીને પહેલી ક્ષણે તો મને મોટો શૉક લાગ્યો. આ સુધીર કોણ ? અને મારું આ ગોઠવ્યું કોણે ? ક્યારે ગોઠવાયું ? લગ્ન સુધી વાત પહોંચી ગઈ અને મને પોતાને જ કાંઈ ખબર નહીં ! આ બધું શું છે ? પણ બીજી જ ક્ષણે મને ખ્યાલ આવી ગયો કે મોટાભાઈએ આ ગપ્પુ મારીને બાના મનને શાંત કર્યું હોવું જોઈએ. પણ મોટાભાઈએ આ ગપ્પા વિષે મારે કાને વાત તો નાખી દેવી હતી ! કોઈ મોટો ગોટાળો તો ના થઈ જાય. હું ધર્મસંકટમાં મૂકાઈ ગઈ. બાને શું જવાબ આપું ? મેં હિમ્મત કરીને સમયસૂચકતા વાપરી.

'હા બા, હું તને એક બે દિવસમાં કહેવાની જ હતી. સુધીર મોટી કંપનીમાં એન્જિનિયર છે. તું હવે થોડી વાર શાંતિથી આરામ કર અને ઊંઘી જા. ખોટી ચિંતા ના કર્યા કરીશ. મારું પણ હવે તો સરસ જગાએ ઠેકાણું પડી ગયું છે.' મેં બાને બ્લૅન્કેટ ઓઢાડ્યું. મારી વાત સાંભળીને એના મોઢા ઉપર સંતોષનું જબરું સ્મિત ફરક્યું. હું પણ હસી પડી. મને તો ચિંતા થવા માંડી કે હવે કોઈ બનાવટી સુધીર ઊભો ન કરવો પડે તો સારું. ઓશિકા ઉપર એનું માથું બરાબર ગોઠવી, એનો બેડરૂમ બંધ કરી, હું રસોડામાં ગઈ. ત્યાં છોકરાં બધાં ભેગાં થઈને આઈસ્ક્રીમ ખાતાં હતાં. સૌની સાથે બેસીને તોફાન મસ્તી કરતાં કરતાં મેં પણ થોડો આઈસ્ક્રીમ ખાધો. એકાએક બાને થોડો આઈસ્ક્રીમ ખવરાવવાનું મને મન થયું. એક કપમાં થોડો કાઢી હું પાછી બા પાસે આવી.

'બા, આ લે આ આઈસક્રીમ થોડો ખા … સરસ છે.' પથારીમાં બેસી એના મોઢા આગળ મેં ચમચી ધરી. પણ ચમચી મારા હાથમાં જ થીજી ગઈ. મારાથી મોટી ચીસ પડાઈ ગઈ. બા ચાલી ગઈ હતી. એકાએક આ શું થયું ? મારા ઠેકાણે પડવાની ચિંતામાં જ એ જીવી રહી હતી ?! એ સમાચાર સાંભળતાં જ એ સંતોષથી ચાલી ગઈ ?!

થોડા દિવસ કામ ઉપર રજા પાડી હું ઘેર રહી. બે અઠવાડિયાં પછી, થોડી સ્વસ્થતા કેળવી, પાછી રાબેતા મુજબ હું કૉલેજમાં કામે ચઢી. મારી ગેરહાજરી દરમિયાન મારા વર્ગમાં વીસેક વર્ષનો, ફાંકડો દેખાતો, એક નવો ઈન્ડિયન વિદ્યાર્થી દાખલ થયો હતો. રિસેસમાં એ મારી પાસે આવ્યો. મેં સહજ એને પૂછ્યું : 'What is your name ?' 'સુધીર…' એણે તરત જવાબ આપ્યો. બહુ ભારે પ્રયત્નો કરીને મેં મારું હસવું દાબી રાખ્યું. નવા વિદ્યાર્થી તરીકે હસતે મોંએ એને અભિનંદન આપી મેં વિદાય કર્યો. ચાલીને દૂર જતા એ સુધીરની પીઠ તરફ હું થોડી વાર તાકી રહી. ઉપર બેઠી બેઠી પણ બા હજુ મારો પીછો છોડતી નથી લાગતી …

મારા મનમાં એકાએક એક ચિનગારી ઝબકારો મારી ગઈ …. આ સુધીરની ઉમ્મર હજુ બીજાં વીસેક વર્ષ વધારે હોત તો !

e.mail : gunjan_gujarati@yahoo.com

# ઠેકાણું પડ્યું

• આનંદરાવ લિંગાયત

બાપુજી ગુજરી ગયા એટલે હવે બા દેશમાં એકલી પડી ગઈ. મારા ભાઈઓએ બાને પણ અમેરિકા બોલાવી લેવાનો નિર્ણય લીધો. આમ તો બા મજબૂત અને અડીખમ છે. નખમાં ય રોગ નથી. આ બાઈને બ્યાશી વર્ષ થયાં છે, એવું કહો તો કોઈ જલદી માને નહીં. ઘડપણને એણે એવી રીતે સંતાડી રાખ્યું છે કે શરીર ઉપર ક્યાં ય દેખાતું નથી.

મારા ત્રણે ભાઈઓ વર્ષોથી અમેરિકામાં આવી વસ્યા છે. બધા ભણેલા, ગણેલા, પૈસે ટકે સુખી છે. જુદી જુદી ઉમ્મરનાં કુલ સાત ભત્રીજાં મારે છે. મારા ભાઈઓનાં આ બધાં છોકરાં પણ ભણવામાં હોશિયાર છે. બે ભાઈની પત્નીઓ નાની મોટી 'જૉબ' કરે છે. આર્થિક રીતે કોઈ જરૂર નથી તો પણ કરે છે. સૌથી મોટા ભાઈની પત્ની નથી કરતાં. એ નથી કરતાં એનું કારણ વળી જુદું જ છે. એ વાત ફરી કોઈ વાર.

હું ઈન્ડિયામાં શિક્ષિકા તરીકે નોકરી કરતી હતી. પગાર સારો હતો. સમાજમાં માન, પ્રતિષ્ઠા ... બધું હતું. એક યા બીજા કારણસર ચીલાચાલુ સંસારની વિટંબણાઓમાં મને કોઈ રસ જ નહોતો. એટલે લગ્ન કરવા પ્રત્યે મને કોઈ આકર્ષણ નહોતું. પરણીએ એટલે એ છોકરાં .... એમને ઉછેરવાં ....સાજાં માંદા થાય એની સદા ચિંતા ... એમને ભણાવવાં ... એમાંથી કોઈ રખડેલ પાકે તો પાછી આબરૂ જાય ... એ મોટાં થાય એટલે એમના લગ્નનો મેળ પાડવો .... પતિને કાંઈક થાય તો પાછી આફત ... લગ્નની સાથે ઓચિંતા જ ઊભાં થતાં સાસરી પક્ષનાં નવાં નવાં સગપણ .... એમાંથી ઊભી થતી ખટપટો ..... ના ભાઈ ના. મારે એ બધું નહીં જોઈએ. એટલે લગ્ન નહીં કરવાનો મક્કમ નિર્ણય મેં લઈ લીધો હતો. મારા ભાઈઓ અને ભાભીઓએ પણ મારા આ નિર્ણયને સ્વીકારી લીધો હતો. હવે લગ્ન બાબત એ મને કશું કહેતા નહોતાં. વચલી ભાભી તો ઉલટાનું કહેતી કે નણંદબા, તમે જે નિર્ણય લીધો છે, એ ઉત્તમ છે. મારું ચાલત તો હું પણ એમ જ કરત.

પણ મારી બા ?! કુંવારા રહેવાનો મારો નિર્ણય એને મન તો !! જવા દો ... સ્ત્રી જિંદગીભર એકલી કુંવારી રહી શકે એ એની કલ્પના બહારની વાત હતી. એ સ્વીકારવા જ એ તૈયાર નહોતી. ભાઈઓ બધા પરણી ગયા અને એની દૃષ્ટિએ 'હું રહી ગઈ', એ વાતનું બાને મોટામાં મોટું દુ:ખ હજુ પણ છે. એને જીવનમાં કોઈ વાતનું દુ:ખ નહોતું. ફક્ત હું પરણી 'શકી નહીં' એ જ એના જીવનનો મોટો આઘાત છે. કુંવારા રહેવાનો મારો નિર્ણય એ સહન કરી શકતી નથી. આ નિર્ણયને લીધે ક્યારેક તો એ મારા ઉપર ખૂબ ખીજાઈ જાય છે. ભાઈઓએ ઈન્ડિયાની મારી નોકરી છોડાવી અને મને પણ અહીં અમેરિકા બોલાવી લીધી. અહીંનું થોડું ભણી એટલે મને પણ જુનિયર કૉલેજમાં ભણાવવાની સારી નોકરી મળી ગઈ, અને એક નાના એપાર્ટમેન્ટમાં હું મારી રીતે આનંદથી મારી જિંદગી જીવું છું.

હવે બાને પણ અમેરિકા બોલાવી લેવાનું ભાઈઓએ નક્કી કર્યું. પણ બા અમેરિકા આવવા તૈયાર જ નહોતી. એનાથી એના એ ફળિયાની મમતા છૂટતી નહોતી. હું એમાં એનો જરા ય દોષ જોતી નથી. આખી જિંદગી જે ઘરમાં વીતી હોય, જે ઘરની એક એક દિવાલ, જે ઘરનો એક એક ગોખલો, એક એક જૂનું કબાટ અને એકે એક પટારો સતત બોલાવ્યા કરતાં હોય એ ઘર એમ કેવી રીતે છૂટે ! એ તમને છોડે નહીં. તમે પરાણે છોડો તો એ બધી નિર્જીવતાની આંખમાં પણ આંસુ આવી જાય. જે ફળિયામાં ત્રણ ત્રણ પેઢીનાં છોકરાં પોતાની આંખ આગળ મોટાં થતાં જોયાં હોય, એ બધાંની મમતા બા કેવી રીતે છોડી શકે ! આડોશી-પાડોશીઓ, સગાંવહાલાં બધાં ઘણું સમજાવતાં. પણ બા એકની બે થતી નહીં.

મારી જૉબ ઉપરથી એક મહિનાની રજા લઈ ઈન્ડિયા જવું અને કોઈ પણ સંજોગોમાં બાને મારે મારી સાથે લઈને જ આવવું એવો કડક આદેશ મારા ભાઈઓએ મને આપી દીધો. એ લોકો સમજતા નથી કે એ ઘર અને એ ફળિયા ઉપર સતત સાઠ-પાંસઠ વર્ષથી ચઢેલાં વિવિધ સ્મૃતિઓનાં થર, બા એકદમ કેવી રીતે ઉખેડી શકે ! મારા ભાઈઓને ગળે આ નાજુક સંવેદનશીલતા ઉતરે એમ હતી જ નહીં. એ લોકોને લાગણીઓના આ નાજુક તાંતણા દેખાય પણ નહીં અને સમજાય પણ નહીં.

હું ઈન્ડિયા પહોંચી ગઈ. શિયાળાની સવારના મીઠા તાપમાં હું અને બા અમારા ઘરના એ જ જુના ઓટલા ઉપર બહાર બેઠાં હતાં. એ જ ફળિયું જ્યાં હું ઉછરી હતી. હજુ પણ કેટલાંકના આંગણામાં ભેંસો બાંધેલી હતી. ભેંસો જોઈને મારા મનમાં અમસ્તો જ એક વિચાર આવ્યો .... અમેરિકામાં તો ભેંસનું દૂધ મળે પણ નહીં. હિન્દુસ્તાનમાં ગાયોની પૂજા કરવામાં આવે છે, ખૂબ જ મહત્ત્વ ગાવામાં આવે છે છતાં દૂધનાં ઉત્પાદન માટે તો ભેંસોનો ઉપયોગ થાય છે. ગાયના દૂધની ચા પણ કોઈને ભાવતી નથી ! શહેરમાં તો ગાયો બિચારી કેવી માંદલી અને અ-તંદુરસ્ત હાલતમાં ફરતી હોય છે ! રસ્તા ઉપર ફેંકાયેલા ગમે તેવા પ્લાસ્ટીકના ટુકડા, અને એવો બધો નુકસાનકારક કચરો બિચારી ચાવ્યા કરતી હોય છે ! આ કેવું ?

થોડીવાર માટે મને મારું બાળપણ યાદ આવી ગયું. આ જ રીતે આ જ ઓટલા ઉપર બેસાડીને બા મારા માથામાં ખૂબ તેલ ઘસતી. આજે પણ બધું એનું એ જ રહ્યું છે. માત્ર મારું બાળપણ ચાલ્યું ગયું છે. મારા માથામાં બા તેલ ઘસવાને બદલે હું બાના પગે માલીસ કરી રહી હતી. છોકરાંની દોડાદોડ અને કોલાહલ જબરો હતો. ફળિયામાં બધાં આડોશી પાડોશીઓ સૌ પોતપોતાનું રોજનું કામ કરતાં હતાં. કોણ શું કરી રહ્યું છે એ પણ સૌ જાણતાં હતાં. કશું ખાનગી નહીં. ક્યાં અમેરિકાના મારા એપાર્ટમેન્ટનું એકલવાયું 'પ્રાયવસી'વાળું જીવન અને ક્યાં આ સદા સૌથી ઘેરાયેલું, સદા ખુલ્લુ ફળિયાનું જીવન ! બંને રીતનું જીવન મને તો ગમે છે. કયું વધારે ગમે છે એ કહેવું અત્યારે મુશ્કેલ છે. ક્યારેક માત્ર બંન્નેનો અતિરેક થઈ જાય છે. આ બંન્ને જીવન-રીતનું બરાબર યોગ્ય પ્રમાણમાં મિશ્રણ થઈ શકતું હોત તો કેવું સારું !

ધીમે રહી મેં અમેરિકા જવાની વાત કાઢી .... 'બા, હવે તું અહીં રહું એ ભાઈઓને કે મને ગમતું નથી. ન કરે નારાયણ અને સાજી માંદી થઉં તો તારું કોણ કરે ? પડોશીઓ કરી કરીને કેટલું કરશે ? સૌને પોતપોતાની માયા જંજાળ તો હોય ને ? એટલે તું હવે અમેરિકા ચાલ. છેવટે ચાર-પાંચ મહિના માટે ચાલ. પછી હું તને પાછી મૂકી જઈશ. છેવટે, ભાઈઓનાં બધાં છોકરાંને તો મળ. એ બધાં તને ખૂબ યાદ કરે છે.' .... છોકરાંને મળવાની વાતથી બા પીગળી ગઈ. Grandchildrenને મળવાનું એનું વાત્સલ્ય ખળભળી ઊઠ્યું. થોડા મહિના માટે આવવા એ તૈયાર થઈ ગઈ. બાને પીગળાવવાના મારા પ્રયત્નોમાં મને સફળતા મળી એ વાતનો મને જબરો આનંદ થયો. મારા આનંદનો નશો શમે એ પહેલાં જ બા બોલી : 'તું પણ પૈણી ગઈ હોત તો કેવાં મઝાનાં બે-ત્રણ ભાણિયાં ઘરમાં હોત ! આ બાવી બનવાનું છોડ .... હજુ ય વખત છે ... ઠેકાણું પડી જશે.' હું બા તરફ તાકી રહી. મને બેંતાળીસ વર્ષ થયાં છતાં બાને હું હજુ નાની જ લાગતી હતી. હું ભણીગણી છું, સારી કૉલેજમાં નોકરી મેળવી ઠરીઠામ થઈ છું. છતાં બાની દૃષ્ટિએ હજુ મારું 'ઠેકાણું પડ્યું' નથી. એના આ શબ્દોમાં હજુ પણ મારા લગ્ન વિષેની એની ઊંડી ચિંતા મને દેખાતી હતી. મને બોલવાનું મન થઈ આવ્યું કે બા, વખત બદલાયો છે. યુગ પલટાયો છે. આ તારી પેઢીનો જમાનો નથી. સ્ત્રીઓ પણ હવે ધીમે ધીમે સ્વતંત્ર રીતે જીવવા માંડી છે ... પણ આ બધું ભાષણ બા પાસે કરવાનો કોઈ અર્થ મને દેખાતો નહોતો. 'સારું બા....' એટલું કહી હું ચૂપ રહી.

થોડા દિવસોમાં હું અને બા અમેરિકા આવી ગયાં. બા થોડો વખત ભાઈઓને ત્યાં, થોડો વખત મારે ત્યાં, એમ એને મન ફાવે ત્યાં રહેતી. અવાર નવાર બધાં છોકરાં ભેગાં થતાં. છોકરાંને જોઈને બાના હરખનો પાર નહોતો રહેતો. જ્યાં રહેતી ત્યાંના ઘરની રસોઈનું મોટાભાગનું કામકાજ બા જ ઉપાડી લેતી.

એક દિવસ, મોટાભાઈના ઘરે, ન્હાવાના બાથ ટબમાં બા લપસી પડી. એના થાપાના હાડકામાં ભારે ફ્રેક્ચર થયું અને એક હાથને પણ સારી એવી ઈજા

**(અનુસંધાન પાનાં 27 પર)**

પ્રકાશક : Parivaar Commincations, 4 Rosecroft Walk, WEMBLEY, Middlesex HA0 2JZ [U.K.] · [26.06.2010]